# અમૃત મંથન

અમૃત સરિતા પ્રશ્નોત્તરી સ્વરૂપે

## ભાગ-3

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૮૦

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

॥ સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ॥

॥ અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ॥

॥ જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ॥



ज्ञान-ध्यान-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# અમૃત મંથન

ભાગ-૩

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮૦

સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૩૮૦૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

● **પ્રકાશન સમિતિ** ●

*: પ્રેરક - માર્ગદર્શક:*

● **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ●

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ, અનાદિમુક્તોને પ્રગટ થવાનો મુખ્ય હેતુ અનંત જીવોને ભગવાનના સર્વોત્તમ સુખનો અનુભવ કરાવી અને ભગવાનના સ્વરૂપમાં જોડવાનો છે.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ આ દિવ્ય કલ્યાણકારી કાર્ય જુદાં જુદાં અનેક માધ્યમો દ્વારા કરતા રહે છે. તેમાંનું એક સર્વોત્તમ માધ્યમ છે અનાદિમુક્ત.

અનાદિમુક્તની દિવ્યવાણી અતિ સુખકારી અને કલ્યાણકારી હોય છે. કારણ કે તેમના દ્વારા સ્વયં શ્રીહરિ બોલતા હોય છે.

આપણા સૌના લાડીલા પ્રાતઃસ્મરણીય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કરની અનુભવસિદ્ધ દિવ્યવાણીને ધ્વનિ મુદ્રણના આધારે "અમૃત સરિતા" ગ્રંથ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલો છે. "અમૃત સરિતા" સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ પ્રવર્તાવેલ સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા વિશ્વધર્મ વગેરે જેવા અનેક ગહન વિષયોથી ભરપુર છે.

**“જે જ્ઞાન આપણા જીવન ઘડતરમાં ઉપયોગી ન થાય તો તેનો અર્થ ખરો? જીવન ઘડતરમાં ઉપયોગી થાય એ જ્ઞાન કામનું.”**

- પૂજ્યશ્રી નારાયણભાઈ

જીવન ઘડતર માટે આ દિવ્ય પરાવાણી “અમૃત સરિતા” ને પ્રશ્નોત્તરી સ્વરૂપે આ “અમૃત મંથન” ગ્રંથ ત્રણ ભાગમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા રાખીએ કે આ ગ્રંથ મુમુક્ષુ માટે પ્રભુ પ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જનારી દીવાદાંડી સમ બની રહે.

સર્વોપરી શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રસાર અને પ્રચાર કરનાર સર્વે સત્સંગી-બિનસત્સંગી ભાઈ-બહેનો સર્વ કોઈ ઉપર ઊતરે એવી અંતરની અભ્યર્થના.

ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી **પ્રકાશન સમિતિ**
સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

## ૨૬૩

### અન્યથાકર્તાપણું એટલે શું? અને શ્રીજીમહારાજના અભય આશીર્વાદ જેને મળ્યા હોય તેમને શ્રીજીમહારાજના સુખમાં રહેવાની પાત્રતા કોણ કરાવે છે?

જ્યારે ભગવાનના મુક્ત પ્રગટ થાય, ત્યારે બીજી યોનીઓમાં ગયેલા જીવો પણ પરબારા મૂર્તિના સુખમાં પહોંચી જાય છે. એ અન્યથાકર્તાપણું ભગવાનનું. પ્રગટપણાનો એ મોટો લાભ છે. ભગવાન મુક્તને પ્રગટ એટલા માટે કરે છે કે અનંત જીવોને સુખમાં લઈ જવા છે. બ્રહ્માનંદ સ્વામીએ જે માનવજીવનનું લક્ષ્યબિંદુ બતાવ્યું એ બાપાશ્રીએ ખૂબ જ કૃપાસાધ્ય બની પાત્ર-અપાત્ર જોયા સિવાય સીધા મૂર્તિમાં જ રાખી દીધા. ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. કારણ કે મૂર્તિમાં રાખવો હોય તો બધા જ આવરણોથી મુક્ત કરવો પડે, પછી જ એ મહારાજના સુખમાં રહી શકે. એવું અનુભવાતું નથી એટલા માટે મહારાજ એમ કહે છે કે અમે તમને બાધિતાનુવૃત્તિ રાખી છે. કારણ કે એ સુખમાં રહેવા માટે તમને જે પાત્રતા જોઈએ એ નથી. છતાં અમારા આશીર્વાદે કરીને અંતે અમારા સુખનો અનુભવ કરશો. અથવા અમારી કૃપા થશે તો છતે દેહે પણ એ સુખનો અનુભવ થશે, પણ એ સુખમાં પહોંચતાં

પહેલાં અમારા જે આશીર્વાદ કે તમને મૂર્તિમાં રાખ્યા એ તમને અમારું સ્વરૂપ જીરવવાને માટે ધીરે-ધીરે-ધીરે-ધીરે પાત્ર કરશે. એ પાત્રતા કેળવવા માટે જે યોગ્યતા જોઈએ એ પણ અમે જ કરીશું. પોતે એમ પણ કહે છે કે પાત્ર તો જાતે જ થવું પડે. એમ તો કહેવું પડે.

કૃપાસાધ્યનો અર્થ તો એવો થયો કે હવે કાંઈ પણ કરવાનું રહ્યું નથી, એનું નામ કૃપાસાધ્ય. ભગવાન એક વાર કહી દે કે અમે મૂર્તિમાં રાખ્યો અને જો એને નિર્વિકલ્પ વિશ્વાસ આવી જાય તો વગર સાધને કામ પતી ગયા વગર રહે નહિ, પણ એમ થતું નથી. સંકલ્પ-વિકલ્પ ચાલે છે, તેથી તકલીફ ઊભી થાય છે. મહારાજે જેને આશીર્વાદ આપ્યા, પછી એની સાથે રહીને પુરુષાર્થ પણ કરાવે, પુરુષાર્થની સાથે - સાથે એને પાત્ર પણ કરે, એને નિર્મળ બનાવે, પંચ વર્તમાને યુક્ત બનાવે, મહારાજની આજ્ઞાઓ સહેજે પાળી શકે એવો તૈયાર કરે. આ બધું કામ પોતે જ કરે છે. એટલે મહારાજના ને અનાદિમુક્તના જેને આવા અભય આશીર્વાદ મળ્યા હોય તે સૌ પાત્ર બનીને મહારાજના સુખભોક્તા થયા વગર રહેશે નહિ.

## ૨૬૪

## વિશ્વના દરેક જીવ માટે પ્રાર્થના કરવા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના આજ્ઞાલોપ સામે પ્રહારો કરીએ એ વ્યાજબી છે, પણ આજ્ઞા લોપનાર સામે કરુણા વરસાવવી, કૃપા વરસાવવી કે જેથી એમાંથી એ મુક્ત થાય. અને મુક્ત થાય એટલે તો સંત બની ગયો. ત્યારે બધા મોડા-વહેલા, આજ નહિ તો કાલ દરેકને સંત બન્યે જ છૂટકો છે. આ જન્મે નહિ તો આવતા જન્મે. જેટલું વહેલું બને એટલું વધારે સારું. આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે હે મહારાજ! તમે અમને જેવા આશીર્વાદ આપ્યા. અમને જેવા સુખિયા કર્યા, અમને અભય બનાવ્યા, અને મૂર્તિમાં રાખવાનો જે વર આપ્યો એવો વર દિવ્યસ્વરૂપે તમે દરેકને આપો. કારણ કે આપ તો ઘટ-ઘટમાં વ્યતિરેક અને અન્વય બંને સ્વરૂપે વ્યાપક છો. આપ તો અનેક રૂપે, અનંતરૂપે થઈને જીવોને પોતાના સુખમાં લઈ જવા સમર્થ છો તો આપ એ સામર્થ્યનો ઉપયોગ કરી બધાયને એ સુખનો અનુભવ કરાવો. એવી એમના ચરણોમાં પ્રાર્થના કરીએ.

આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે આપણને બધાયને અને વિશ્વના સર્વે મનુષ્યને મૂર્તિના સુખના આશીર્વાદ મળે. ભલે પાત્રતા હોય કે ન હોય દરેક જણને, દરેક પ્રજાને આશીર્વાદ મળે. ભગવાનનો સંકલ્પ તો ક્યાં ન પહોંચે? અનંત બ્રહ્માંડમાં જો ફરતો હોય તો આખા વિશ્વમાં ખૂણે-ખૂણે પહોંચવામાં ક્યાં તકલીફ રહે? જરૂર પહોંચી જાય. માત્ર જો ખામી હોય તો આપણા વિશ્વાસની.

વિશ્વાસની ખામી એટલા માટે રહે છે કે સ્થિતિ થઈ નથી. જ્યારે એ સ્થિતિ થાય, ત્યારે આપણને નજરે દેખાય છે, કે ભગવાનના સંકલ્પ શું કામ કરે છે? એ બધું અગાધ જ્ઞાન એ વખતે બધું સમજાઈ જાય. જ્ઞાનનો અંત ત્યારે જ આવે, જ્યારે સ્થિતિ થાય. ત્યાં સુધી જ્ઞાન સમજીને આગળ વધ્યા કરવું પડે.

# ૨૬૫

## શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર થતા કેટલી વાર લાગે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મૂર્તિનું અનુસંધાન જે તૂટક-તૂટક છે એ અતૂટ થઈ જાય એવી આપણે શરૂઆત કરીએ. અને સમૈયા દરમ્યાન આપણને મૂર્તિ સિવાય કંઈ દેખાય જ નહિ એવી પાત્રતા કેળવીએ તો જુઓ કે સાક્ષાત્કાર ક્યાં દૂર છે? સાક્ષાત્કાર તો એક પળથી પણ એક ક્ષણ કરતાં પણ ઓછા સમયમાં થાય છે. બીજી બધી વસ્તુને વાર લાગે, પણ સાક્ષાત્કાર થતાં વાર લાગતી નથી. મહારાજનો સંકલ્પ થાય એ ભેગું જ એ મૂર્તિનું સુખ આવવા લાગે છે. બીજામાં તો એક શબ્દ બોલીએ એટલામાં એક સંકલ્પ થાય, પણ અહીં તો વાર જ લાગતી નથી.

# ૨૬૬

## અનાદિમુક્ત દ્વારા વાતો કોણ કરે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક રહસ્યાર્થના વચનામૃતમાં દરેક પ્રશ્નોના ઉત્તરમાં મૂર્તિનું મુખ્યપણું આવે છે, પછી બાપાશ્રીની વાતો તો મૂર્તિ - મૂર્તિ અને મૂર્તિની જ વાતો. બાપાશ્રીની વાતો સારાય જગત માટે ઉપયોગી છે. શ્રીજીમહારાજ એમ સંકલ્પ કરે છે કે અમારા અનાદિમુક્ત અમારી મૂર્તિને જ ઓળખાવશે. અને જગતને ભૂલીને મૂર્તિને પામવાની વાત જ કરે છે. જ્યારે બીજા શાસ્ત્રો જગતને સુધારવા માટેની જ નકરી વાતો કરતા હોય છે. પાત્રતા કેળવવા માટે એટલા બધા ગ્રંથો લખાયા છે કે માણસ મૂંઝાઈને મરી જાય. ત્યારે આ તમે એકાદ પાઠ વાંચો ત્યાં મૂર્તિરૂપ થઈ જાઓ. ત્યારે મહારાજે એવું નક્કી કર્યું કે જેટલું બધા જીવોને પોતાનું જ્ઞાન પહોંચે એટલા માટે પોતે કેટલીય બાબતો કહી. જે ગણી ગણાય નહિ એટલી બધી છે. એટલે બાપાશ્રી દ્વારા મહારાજને એક કામ જબરજસ્ત કરવું હતું. તો એ બધા કામ કોના દ્વારા કરે? મુક્ત દ્વારા જ કરેને? પોતે તો કર્યું હતું, પણ એને વિસ્તારવું હતું. શ્રીજીમહારાજે તત્ત્વજ્ઞાનની કોઈ વાત બાકી રાખી નથી આ સ્પષ્ટ છે. તો એમના અનાદિમુક્તે શું કર્યું? અધૂરું કામ પૂરું નહિ. અધૂરું કામ હતું જ નહિ કે પૂર્ણ

કર્યું, પણ એને વધારે સ્પષ્ટ રીતે સમજાવીને ઘંટ વગાડ્યો. કે ભાઈ, આ લ્યો, આ લ્યો. જેમ પેલી ગોપીઓએ કહ્યું ને? કૃષ્ણ લો, કૃષ્ણ લો. તો બાપાએ કહ્યું મૂર્તિ લો, મૂર્તિ લો. કોઈ લો, કોઈ લો. ત્યારે બાપાશ્રીની વાતો એ મહારાજે કરી છે. એ વાતો વાંચીએ તો ખબર પડે. એમાં મહારાજ સિવાય કાંઈ મને દેખાતું નથી.

# ૨૬૭

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત વિશે અજ્ઞાને કરીને અહંપણાનો ભાવ પરઠાય તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

તમને ખબર છે? હું સર્વેનો અંતર્યામી (અવલબાઈની જેમ) એમ ક્યારે બોલી શકાય? એવી સ્થિતિ થઈ જાય અને મહારાજ બોલે છે. અને મહારાજ બોલે ત્યારે એમ ન બોલે કે અમે બધાને સુખમાં લઈ જઈશું? મને કોઈએ એમ પ્રશ્ન કર્યો કે, બાપાએ એમ લખ્યું છે કે આ બધાને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશું. મહારાજ સુખમાં લઈ જાય એવી મહારાજને પ્રાર્થના કરીશું એમ ન બોલ્યા. પોતે કેમ અહમ્ રાખ્યો? ભાઈ, એમ નથી. જ્યારે એ સ્થિતિ ન થઈ હોય ત્યારે એમ કહેવું પડે. જ્યારે સ્થિતિ થઈ હોય ત્યારે એમ બોલે. કોણ બોલે છે? મહારાજ બોલે છે, કે આ જગનમાં જે આવશે અને પ્રસાદી જમશે એ બધાને મૂર્તિરૂપ બનાવીને

મૂર્તિના સુખમાં લઈ જઈશું. એ દરેક વખતે કાંઈ એમ બોલે છે કે મહારાજ લઈ જશે? અરે બોલનારા મહારાજ પોતે હતા. અને તમે પણ એવી સ્થિતિ કરો પછી શું બોલો છો આ સભામાં? છતી દેહે અનાદિમુક્તની સ્થિતિ થઈ ગયા પછી કહે, ભાઈ, તમે પહેલા આમ બોલતા હતા અને હવે આવું કેમ બોલવા માંડ્યા? અરે ભાઈ, મહારાજ બોલે છે હું શું કરું? માટે નિર્વિકલ્પ બનવું. જ્ઞાન સમજતાં શીખવું, નહિતર અવળું પડે. અને આ સ્થિતિ થાય પછી કોઈ દિવસ અવળું પડે જ નહિ. બધું સવળું જ થાય.

## ૨૬૮

## અક્ષરધામમાં મુક્તના નામ જેવી સંજ્ઞા હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અક્ષરધામમાં નામો જેવી કોઈ સંજ્ઞા જ નથી. ત્યાં તો બધા મુક્તોને મુક્ત સંજ્ઞા જ છે. ત્યાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી એવા કોઈ નામો નથી, માત્ર મુક્ત સંજ્ઞા છે. અવરભાવમાં સમાસ માટે ભગવાને નામ આપ્યા કે જેથી એ નામને લીધે એમનો જોગ કરીને એ ભગવાન સ્વામિનારાયણને ઓળખે. ભગવાનનો મુખ્ય હેતુ એ જ છે. એમના મુક્તોનો પણ ભગવાનને લઈને એ જ હેતુ છે કે દરેકે દરેક જીવ ભગવાનના સુખમાં પહોંચી જાય. એને મન

કોઈ મારું-તારું, વહાલું-દવલું એવું કોઈ છે જ નહિ. બધાય વહાલા છે.

## ૨૬૯

### અક્ષરધામમાં અનંત અનાદિમુક્તો કેવી રીતે રહેતા હશે? અને શું કાર્ય કરતા હશે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ સમગ્ર સભા જ અનાદિમુક્તોની છે. અનાદિમુક્તનું બીજું નામ છે કૈવલ્ય મુક્ત. તો આવડી મોટી દિવ્ય સભા -કૈવલ્ય મુક્તોની દિવ્ય સભા- શું ન કરી શકે? કદીયે વિચાર એવો ન કરવો કે આ નાનો છે ને આ મોટો છે. બધા જ મહારાજની મૂર્તિના સુખમાં હોય પછી કોણ નાનું ને કોણ મોટું? એક વિશિષ્ટતા એ છે કે અક્ષરધામમાં અનંત મુક્તો છે, અનંત મુક્તોના મંડળ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યાં છે, પણ કોઈને આગળ-પાછળ જેવું નથી! કોઈને back નથી! બધાયને ભગવાનનું સ્વરૂપ જેવું છે એવું દેખાય છે. આ કઈ જાતનું! એનું નામ જ દિવ્ય સ્વરૂપ. તો ભગવાન દિવ્ય છે. માયિક વસ્તુ હોય એમાં આગળ અને પાછળ એ બે ય હોય; પણ ત્યાં તો એવું છે જ નહિ. અક્ષરધામમાં નથી પહેલો, નથી છેલ્લો. અનંત મુક્તો હોય તો કેટલું બધું અંતર થાય? એ અંતર નથી એ જ ખૂબી છે. એ અનુભવજ્ઞાનથી જ સમજાય કે આ શું? બધાય

નિકટ! સૌને એમ જ લાગે કે હું મહારાજ પાસે જ બેઠો છું! એમ આપણે એવું અંગ કેળવવું કે પરભાવમાં પહોંચી જવું. પાસે બેઠા હો, કે પાછળ બેઠા હો, એવું કંઈ છે જ નહિ. આપણે નીચે બેસીએ કે ગાદી ઉપર, આપણે ક્યાંય બેઠા જ નથી. આપણે તો મહારાજના દિવ્ય સ્વરૂપના અધોઊર્ધ્વ તેજમાં બિરાજમાન છીએ. અરે! એ ગાદી ઉપર આપણને બેસાડી દીધા!

## ૨૭૦

## ચૈતન્ય શ્રીજીમહારાજના તેજમાં લીન થઈ જાય છે તો તે ભગવાન થઈ જાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક સંત હમણાં થોડા દિવસ પહેલાં મારી પાસે આવેલા. એ કહે કે શ્રીજીમહારાજના તેજ સાથે જો આપણા ચૈતન્ય-આત્માને લીન કરીએ અને ધ્યાન કરીએ તો તો ભગવાન થઈ ગયા કહેવાઈએ! આ જ્ઞાન મને ગળે નથી ઊતરતું કે તેજ સાથે ચૈતન્યની એકતા કરીએ તો તો ભગવાનના સ્વરૂપની અંદર ભરાઈ ગયા ને પોતે જ ભગવાન થઈ ગયા ને ઉપાસનાનું ખંડન થઈ ગયું. તો આ જ્ઞાન મને સમજાવો. તમે બરાબર સમજ્યા છો? જો સમજ્યા હો તો મને સમજાવી શકશો? મેં કહ્યું હા હું સમજ્યો છું. તે કહે કોઈના કહેવાથી સમજ્યા છો? ખાતરી

કરી છે બરાબર? મેં કહ્યું ખાતરી કરી છે મેં. અંધશ્રદ્ધાથી નથી કર્યું.

મેં એમને પ્રશ્ન પૂછ્યો કે ચૈતન્ય નિરાકાર કે સાકાર? તો કહે ચૈતન્ય નિરાકાર. બરોબર. તો ચૈતન્ય ઉપરથી બધાં આવરણો જો હટી જાય, તો એ ચૈતન્ય બરાબર પ્રકાશે. ત્યારે એ ચૈતન્ય તેજરૂપ છે કે કેવો છે એ મને કહેશો? કહે એ આત્મા તો પ્રકાશરૂપ છે. અને નિરાકાર. બરાબર. હવે કહો કે શ્રીજીમહારાજ તેજોમય છે કે તેજ વગરના છે? તો કહે મહારાજ તો તેજોમય જ હોયને. તો બરાબર. ત્યારે મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળે એ કેવું હોય છે? તો કહે એ તો બરાબર ખબર નથી. મેં કહ્યું, શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય. તો એવું શીતળ શાંત તેજ કે જેની ઉપમા ન દેવાય. એ તેજ સાકાર કે નિરાકાર? તો કહે નિરાકાર. બરાબર. તે તેજ ને આ ટ્યુબલાઈટના તેજ વચ્ચે ફરક ખરો? તો કહે એ બરાબર ખ્યાલ આવતો નથી. સારું. કેમ ખ્યાલ નથી આવતો? ચોખ્ખું કહ્યું ને મહારાજે, શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય. એવું ઉપમા ન દેવાય એવું શીતળ શાંત તેજ છે. તો આનાથી ન્યારું થયું કે નહિ? તો એ તેજ આનાથી ન્યારું છે. એના જેવું નથી. આ તેજ ભૌતિક છે, તે તેજ દિવ્ય છે.

મહારાજે કહ્યું છે કે ચૈતન્યપ્રકૃતિનો દેહ બંધાય છે. જ્યારે મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય, ત્યારે નિરાકાર

ચૈતન્ય સાકાર બને છે. નિરાકાર ચૈતન્ય શ્રીજીમહારાજનાં તેજરૂપ પ્રકાશ સાથે ચૈતન્યની એકતા થતા નિરાકાર ચૈતન્ય સાકાર રૂપ ધારણ કરે છે. એ સાકાર રૂપ ધારણ કરે ત્યારે એ ચૈતન્યની પાત્રતા પ્રમાણે કાં તો રાધિકાજીની જેમ સન્મુખ મહારાજની સેવામાં રહી જાય. અને જો લક્ષ્મીજીની જેમ અતિ સ્નેહ ઉત્પન્ન થાય, તો એ અંગને વિશે લીન થઈ જાય. નહિતર શ્રીજીમહારાજ સાથે તાદાત્મ્યતા કેવી રીતે કરે? ત્યારે જુઓ બાપાશ્રીએ કહ્યું કે મહારાજના તેજની સાથે ચૈતન્યની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. એટલે એ ચૈતન્ય સાકાર બની જાય. માટે તેજરૂપ થઈ અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. મેં કહ્યું કે તમે શ્રીજીમહારાજની મૂર્તિ આંખો બંધ કરીને જ્યારે જુઓ છો ત્યારે કઈ આંખે જુઓ છો? ચૈતન્યની આંખે. ચૈતન્ય તો નિરાકાર છે, એને આંખ ક્યાં હોય? એમ ચૈતન્યમાં સાંભળવાનું, જોવાનું બધા જ ગુણો છે. એ ચૈતન્ય શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરે ત્યારે એને મહારાજની મૂર્તિમાંથી જે તેજની ધારાઓ નીકળે છે તે તેજની ધારાઓનો અવનવો અનુભવ થાય છે.

તેજ સાથે એકતા કરે ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય. હવે એ ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાયો એના રૂપ, ગુણ, સામર્થ્ય બધું જ ભગવાન સ્વામિનારાયણ જેવું. તો એ સંત કહે કે જો એવું જ હોય તો એ ભગવાન ન થયા? મેં

કહ્યું, ના. કેમ? કે આ ટ્યુબલાઈટ છે. તે ટ્યુબલાઈટ પાસે એક નાનો સરખો દીવડો મૂકો તો દીવડાનો પ્રકાશ એ ટ્યુબલાઈટના પ્રકાશની અંદર વિલીન થઈ જાય. ત્યારે એ દીવડાને કદીયે એમ થાય કે હું ટ્યુબલાઈટ છું? ચૈતન્ય ભગવાનરૂપ થઈ ગયો. તાદાત્મ્યને પામી ગયો. ભગવાન જેવી સામર્થી-ઐશ્વર્યને પામ્યો, પણ ભગવાન જેટલી સામર્થી નહિ. ભગવાન સુખદાતા છે અને ચૈતન્યને એ ખબર પડે છે કે હું ભગવાનનું આપેલું અપાર સુખ ભોગવું છું. તો એને કોઈ દિવસ ભગવાન થાય એવો વિચાર આવે ખરો? એક પ્રાથમિક શાળાનો નાનો બાળક હોય અને એની સામે Ph.D. ભણેલ મહાન વિદ્વાન શિક્ષક હોય તો એ બાળકને એમ થાય કે હું Ph.D. છું? એવો વિચાર આવે? એમ જે ચૈતન્ય છે એ સુખભોક્તા છે અને મહારાજ છે એ સુખદાતા છે. એને ખબર પડે છે કે મહારાજની મૂર્તિમાંથી સુખ નીકળે છે એ હું અનુભવું છું. જો એ અનુભવતા હોય તો એને એમ તો થાયને કે હું દાસ છું? અને જો ભગવાન થઈ જવાતું હોય, તો એકતા કરવાની ક્યાં જરૂર રહી? અને જો આમ થાય તો ઘણા બધા ભગવાનો ઊભા થઈ જાય.

તે સંત કહે તમે આ બધું કોની પાસેથી સમજ્યા? તો મેં કહ્યું કે મહારાજના અનાદિમુક્તો દ્વારા સમજ્યો. એવા અનાદિસંત-મુક્ત મને મળ્યા કે જેણે મને આ સમજાવી દીધું. અને વૈજ્ઞાનિક રીતે સમજ્યો, સાવધાનપૂર્વક

સમજ્યો, સમજપૂર્વક સમજ્યો. મેં કહ્યું કે હું એટલો બધો આમાં સ્પષ્ટ છું - એ અનાદિમુક્તોએ મને આ વાત એટલી બધી સ્પષ્ટ કરી છે- કે તમે ગમે તેટલા પ્રશ્નો પૂછ્યો તો હું જવાબ આપી શકીશ. કારણ કે એમણે મને સ્પષ્ટ કહ્યું છે ને મેં બરાબર સ્પષ્ટતા મેળવી લીધી છે. આ હૉલ છે તેમાં બધી વસ્તુ છે, ફોટા છે મહારાજના અને મુક્તોના. અને એ વસ્તુઓ મેં જોઈ છે અને હું બીજાને વર્ણન કરું કે જો આટલા મહારાજના ફોટા છે, ઘનશ્યામ મહારાજના છે, એવી બીજી મૂર્તિઓ છે એવું બધું કહું. પરંતુ જેણે આ હૉલ જોયો નથી તે એવું વર્ણન કરી શકે? ન કરી શકે. ત્યારે ભગવાનનું સ્વરૂપ અને ભગવાનનું સુખ જેણે જોયું છે તે જ આ વાત સમજાવી શકે. બીજા નહિ સમજાવી શકે. આપણે પણ આ વાત એટલી બધી સ્પષ્ટ રીતે સમજવી પડશે. શા માટે? કે આ જ્ઞાન એટલું બધું ઝીણું છે કે ઘણી બધી વિશાળ બુદ્ધિ હોય તો પણ વિચારમાં મૂકી દે. હજી તો ઘણા બધા પ્રશ્નો છે આમાં. એ પ્રશ્નો પૂછવા જોઈએ. તમે ઉપદેશ કરવા જાઓ ત્યાં સત્સંગી હોય, ભગવાનના જેટલા ભક્ત હોય તેની પાસે આ ચાલે. પણ મતવાદી, મોટા મોટા રજનીશજી જેવા ભગવાનો, કૃષ્ણમૂર્તિ જેવા Intelligent Giants પાસે જો આ જ્ઞાન મૂકો ત્યારે તેઓ જે પ્રશ્ન પૂછે એના જવાબ ત્યારે જ આવડે કે જ્યારે મહારાજના સુખમાં ગતિ થાય. તો જ સમજાવી શકાય. નહિતર એવા પ્રશ્ન પૂછે કે તમે ઊભા થઈ

રહો. મૂંઝવી દે એવા પ્રશ્નો મને પણ ખબર છે.

## ૨૭૧

**શ્રીજીમહારાજ આપણને પાત્ર કરે છે પણ આપણે પણ તેના માટે દાખડો (પ્રયત્ન/મહેનત) કરવો જોઈએ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજ તો અન્વયરૂપે સત્સંગમાં છે જ. અને તે દ્વારા બધે છે જ, અને વ્યતિરેકરૂપે પણ જ્યાં પ્રગટ થવું હોય ત્યાં થાય. વ્યતિરેકરૂપે પણ છે અને અન્વય સ્વરૂપે પણ બધે ય છે. પણ જેને ભગવાનની મૂર્તિનો સંબંધ થાય છે એને એ વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્ સંબંધ થાય છે. જેને ભગવાનનો સંબંધ નથી હોતો એને તો પાસે હોય તો પણ સ્પર્શ થતો નથી. કેવી રીતે થાય? પ્રભુનો સ્પર્શ ત્યારે જ થાય કે જ્યારે પ્રભુ જેટલા નિર્મળ બનાય. ત્યારે કેટલી કૃપા કહેવાય કે આપણને મૂર્તિના સુખમાં બેસાડ્યા! બેસાડ્યાને? અને દયા કેટલી પાછી? પાત્ર ય એ કરે. બાપાએ કહ્યું કે, મહેનત કરીને દાખડો કરીને કરીએ તો વધુ સુખ આવે. એ ટકે. મહારાજ પાત્ર કરે છે, પણ આપણે ય જાતે દાખડો કરવો પડે. મહેનત કર્યા વગરનું ખાય તો શું કહેવાય? હરામનું ખાય છે એમ કહેવાય કે નહિ? એવું ભગવાન પાસે માગવું એ શરમ ના આવે? શરમ આવે. એવું નહિ કરવાનું. મહારાજ! જરૂર દાખડો કરીશું, પણ દાખડા ભેળા તમે ભળજો!

## ૨૭૨

**શ્રીજીમહારાજના સંકલ્પ અવતાર કોણ છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજે કૃપા કરીને એવા આશીર્વાદ આપણા ઉપર વરસાવ્યા છે. પરમ દયાળુ મહાઅનાદિમુક્ત બાપાશ્રીએ આપણને શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં વગર સાધને જોડી દીધા છે. ભગવાનના સંકલ્પથી પોતે કૃપાસાધ્ય બન્યા. પોતે શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા અનાદિ મહામુક્તરાજ હતા એટલે તેઓ શ્રીહરિના સંકલ્પ અવતાર કહેવાયા. મહારાજના સંકલ્પ અવતાર શું ન કરી શકે? જીવ ઉપર દૃષ્ટિ કરે એ ભેગા આવરણો ભેદાઈ જાય. અને મહારાજની મૂર્તિનું સુખ આવવા માંડે. એવી કૃપા આપણા ઉપર વરસાવી ભગવાને મોટી દયા કરી કે આપણા સૌ માટે, આપણા સત્સંગ માટે પરમકૃપાળુ બાપાશ્રીને મોકલ્યા એ કાંઈ થોડી વાત નથી.

## ૨૭૩

**શ્રીજીમહારાજનો મહિમા એમના અનાદિમુક્ત દ્વારા જ સમજાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજને પામવાનો આ એક જ રસ્તો છે. મહારાજના અનાદિમુક્ત ઓળખાયા એટલે મહારાજનો મહિમા સમજાઈ જાય છે. એક વાર ઇચ્છા થાય પછી ભગવાનના મુક્ત કૃપાદૃષ્ટિ કરે ત્યારે ભગવાનનો મહિમા સમજવાની ઇચ્છા થાય અને પછી મહારાજને દેખવાની ત્વરા થાય. મહારાજનો મહિમા પણ મુક્ત થકી જ સમજાય છે, એ ઘાંટી જબરી છે. ભગવાન પોતે મુક્તમાં રહીને સમજાવે છે. સેવવા જેવા મુક્ત હોય તેમની ઓળખાણ પણ ભગવાન પોતે જ કરાવે છે.

## ૨૭૪

## શ્રીજીમહારાજના અનાદિમુક્ત મનુષ્ય ચરિત્ર કરે અને કૃપાવર્ષા કરે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મુક્ત મનુષ્યચરિત્રો કરે છે. એ એટલા માટે કરે છે કે આપણને તે અનુકૂળ પડે છે માટે કરે છે. આપણને ભગવાનનું સ્વરૂપ ઓળખાવવા માટે પોતે બધું જ કરતા હોય છે. જે મુક્તો સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી પ્રગટ થાય એ શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ કહેવાય. એ ન સમજાય ત્યારે ભ્રાંતિ જેવું થઈ જાય, પણ આમાં ભ્રાંતિ થાય એવું છે જ ક્યાં? મુક્ત તો આસુરી જીવ કે દૈવી જીવ એવું કાંઈ જોતા જ નથી. એ તો કૃપાનો વરસાદ બધા ઉપર

સરખો જ વરસાવે છે. પણ આસુરી જીવ હોય તે તેને ઝીલી શકે નહિ. પરંતુ મુક્તની કૃપામાં આવ્યા પછી આસુરી જીવ વહેલામાં વહેલી તકે આસુરીભાવ છોડી દૈવી થઈ ભગવાનને ઓળખશે. તેથી મુક્તો બધા ઉપર સરખી કરુણા વરસાવે છે. મહારાજ ધીમે-ધીમે બધાને પોતાના સુખમાં લઈ જશે.

શ્રીજીમહારાજ તો જીવના થઈને જ રહ્યા છે, પણ જીવો ભગવાનના થતા નથી. અનાદિમુક્તો મહારાજની મૂર્તિમાં જ લીન હોય છે એટલે મૂર્તિના અતિ પ્રકાશને લીધે મુક્તો દેખાતા નથી. ધ્યાન કરવાના અભ્યાસથી મૂર્તિ સરસ દેખાય. દરેક કાર્યમાં એમની સ્મૃતિ રાખવી. બાપા જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં એ સુગંધ સહુના જીવનમાં દેખાયા વગર રહેતી નથી.

## ૨૭૫

**ભગવાનનું સાચું સ્વરૂપ કોણ ઓળખાવી શકે? અને ભગવાનના મુક્તની જ્ઞાનવાણી અને કૃપાવાણી શું કાર્ય કરે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ભગવાનનું સ્વરૂપ જો દઢ થાય તો ઉપાસના પરિપક્વ થવા માટે વાર ન લાગે. પણ ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે સતત અભ્યાસ કરવો પડે. તે સંતના સમાગમમાં રહીને કરે ત્યારે આજ્ઞાનું સ્વરૂપ આત્મસાત્

થાય. ભગવાનનું વચન પાળવું તદ્દન સહેલું પણ છે અને અઘરું પણ છે. જો શ્રદ્ધાપૂર્વક આજ્ઞા પળાય તો સહેલી બની જાય. ભગવાનની આજ્ઞા એવી સરળ છે. તે સરળ છતાં પૂર્ણ છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલો માર્ગ સર્વ સમન્વયકારી, સરળ અને પૂર્ણ છે.

એ પૂર્ણતાને પામવા માટે એમણે ખૂબ કૃપા વરસાવી. પોતે કૃપાસાધ્ય બન્યા. બાપાશ્રીની વાતમાં એમ બતાવ્યું છે કે અમારા અનાદિમુક્ત દ્વારા જ્ઞાનવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ અને કૃપાવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ. જ્ઞાનવાણી દ્વારા પોતાના તથા પોતાના અનાદિમુક્તને ઓળખાવે છે અને કૃપાવાણી દ્વારા દોષો રહિત કરી નિર્મળ બનાવે છે. એવી વાણી ઉચ્ચારી એમ કહ્યું કે અમારામાં વિશ્વાસ આવે, વાણીમાં શ્રદ્ધા આવે તો ભગવાન પળવારમાં મળે છે. અડગ શ્રદ્ધા થવી જોઈએ. એક સ્વરૂપ દૃઢ થાય અને તેમાં અડગ શ્રદ્ધા થાય તો એ જ ક્ષણે મૂર્તિમાં જોડાઈ જવાય. ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે મહારાજે કાયમ સંતનો સમાગમ રાખવા કહ્યું. સંત સમાગમ સિવાય ઉદ્ધાર નથી. મુક્ત સિવાય ભગવાનનું સાચું સ્વરૂપ ઓળખવું શક્ય નથી બનતું. ઘણા સાધન કરે છે. છતાં એ સાધન જ છે. મહારાજ કહે છે કે સાધનનો ભાર રાખ્યા સિવાય અમને મુખ્ય રાખો. સાધન કરતાં કરતાં ઘણી વખત અહમરૂપી કાંટો આવી જાય છે.

ભગવાનની કેવળ પ્રસન્નતાના સાધનરૂપી, સમજણરૂપી કાંટાથી અહમરૂપી કાંટો કાઢી એ બંને કાંટાનો ત્યાગ કરી દઈએ ત્યારે પાત્રતા થાય. મહારાજને જેવા જાણીએ એવા પાત્ર થવાય. પછી ભગવાનના રોમેરોમનું દિવ્ય સુખ અનુભવાય. એટલે એ સાધનો આપણને પાત્ર બનાવવામાં મદદ કરે છે. તેમ જ અંતરશત્રુઓ અને માયા પણ આપણને ભગવાન તરફ લઈ જવામાં મદદરૂપ થાય છે. તેની સામે ભગવાનને સાથે રાખી સમજણપૂર્વક લડાઈ કરવી પડે છે.

ભગવાનને સાથે રાખી તે અંતરશત્રુઓ સાથે લડાઈ કરીએ ત્યારે ભગવાનરૂપ થઈ જવાય છે. તેની સાથે લડાઈ કરતાં તે હારી જાય છે પછી તે આપણને છોડી જાય છે. તે મહારાજે મોકલેલા સેવકો છે. તે આપણને ભગવાન તરફ લઈ જાય છે. માયા અંધકારરૂપ છે, તો ભગવાનની શક્તિ અંધકારરૂપ કેવી રીતે હોઈ શકે? માયા પહેલાં તકલીફ આપે, પણ પછી સહાય કરે છે. મહારાજે માયા તકલીફ આપવા નથી મોકલી સહાય માટે મોકલી છે. માયાને છોડે પછી ભક્ત થઈ જાય અને અંતરશત્રુઓ છોડીને જતા રહે છે. અંતઃકરણ શુદ્ધ થાય એટલે અંતઃકરણરૂપ માયા ભક્તને સહાયરૂપ બને છે. આ બધું ક્યારે બને? તો ભગવાનને મળેલા સંત મળે ત્યારે. કેટલાય જન્મની કસર મુક્ત મળે તો ટળી જાય છે. ચોવીસ અવતારો પર્વતભાઈના દર્શને આવતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા કે મહારાજના અનાદિમુક્તના દર્શન તો અવતારોને પણ દુર્લભ છે. તેઓ પણ અનાદિમુક્તના દર્શન ઝંખે છે. એટલે અવતારો કરતાં પણ મહારાજના અનાદિમુક્તો મોટા છે. તેનાથી મોટી કોઈ ભૂમિકા નથી. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે અમારી ભૂમિકા છેલ્લી છે.

# ૨૭૬

## ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી ઓળખવા માટે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી કૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ગ્રંથ ખુબ જ ઉપયોગી શા માટે છે?

એક વાર મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે અમને પણ ગોપાળાનંદ સ્વામીએ અમારી વાણી સમજાવી ત્યારે સમજ્યા. મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે વચનામૃતરૂપ અમારી વાણી તમે કેવી રીતે સમજો છો તે કહો. પછી ગોપાળાનંદ સ્વામી જેમ સમજતા હતા તેમ કહ્યું. ત્યારે મહારાજે એવી પ્રસન્નતા જણાવી કે સ્વામી, અમારી વાણી આટલી ગહન હશે તે તમે સમજાવી ત્યારે સમજાઈ! વિચાર કરો કે સ્વામીએ કેવી સરસ રીતે સમજાવ્યું હશે. સ્વામીશ્રીએ એ વખતે આપેલી સમજૂતી લખાઈ ન હતી એટલે મળતી નથી. મહારાજે પોતાના સંકલ્પ સ્વરૂપ અબજીબાપાશ્રી દ્વારા રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરાવી તેમાં

ગોપાળાનંદ સ્વામીએ આપેલી સમજૂતી આવી જાય છે. મેં ખૂબ વિચાર કર્યો ત્યારે મને એમ લાગ્યું કે સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા માટે આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી છે.

## ૨૭૭

### અવલબાઈના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાર ભગવાનના સ્વરૂપ સાથે જોડાઈ જાય પછી એમ કહે હું સહજાનંદ સ્વામી, સર્વેનો છું અંતર્યામી. અવલબાઈને આવું થયું એટલે બધા વિચાર કરે કે આ તો ભગવાન થઈ ગયા. ભગવાનમાં જોડાઈ જાય પછી ભગવાન પોતે એ દેહનો ઉપયોગ કરે છે. અવલબાઈમાં રહીને ભગવાન બોલ્યા. જ્યારે એ ઉપશમમાંથી બહાર આવ્યા ત્યારે બધાએ કહ્યું કે એવું બોલ્યા હતા? તો કહે ના, એ તો મહારાજ બોલ્યા હતા. એટલે એવું ન માની લેવું કે એવી સ્થિતિવાળા ભગવાન થઈ ગયા. અનાદિમુક્ત દ્વારા મહારાજ કોઈ વાર એવું બોલે તેમાં એમ નહિ માનવાનું કે તે ભગવાન થઈ ગયા. ધણીનો કોઈ ધણી નથી. મહારાજે આપણને એવા મુક્તો ઓળખાવ્યા છે. મહારાજ સિવાય બીજે ક્યાંય આસક્તિ રહે તો જન્મ ધરવો પડે. મહારાજ કહે છે કે જે કરવું હોય તે મારા સંબંધી જ કરો. ખુશામત કરવી હોય તો તે મારી કરો. કેમ? તો તમે મારી જેટલી પ્રશંસા

કરશો તેટલી ઓછી છે. મુક્તો પ્રશંસા કરતાં પાર નથી પામતા. મારા સિવાય બીજે ક્યાંય આસક્તિ ન કરો. પ્રશંસા, આસક્તિ બધું મારું કરો. હું તો અવર્ણનીય છું. મારા ગુણ અને મહિમાનો પાર કોઈ પામી શકતું નથી. એમ મહારાજ કહે છે.

## ૨૭૮

## અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર વિશિષ્ટ છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વિશ્વના બધા સંતોએ જુદી-જુદી વાતો કરી છે. એ અમુક વિષયના અનુસંધાનમાં કરી છે. બાપાશ્રીએ દરેક વાતને ભગવાનની મૂર્તિ સાથે જોડી દીધી છે એ ખૂબી છે. જે મૂર્તિમાં રહેતા હોય તે જ આવું કહી શકે. એમાં બાપાશ્રીએ શ્રીજીના વચનો જીવનમાં કેવી રીતે ઉતારવા જોઈએ તે વર્તન ને વાતો દ્વારા બતાવ્યું. કેવળ પ્રવચન કરવું એમ નહિ, પણ બધાને ભગવાનમાં જોડી દીધા.

જન્મ-મરણ તો ત્યારે જ ટળે કે જ્યારે આત્માનો પરમાત્મા સાથે સંબંધ થાય. બાપાશ્રીનું જીવન મૂર્તિમાં જોડી દે છે. આ બીજા બધા જીવનચરિત્રોથી વિશિષ્ટ છે. તેમાં બધું આવી જાય છે. વર્તન વાતો કરે છે.

## ૨૭૯

## પ્રભુનો રાગ ન હોય તો વૈરાગ ન ટકી શકે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ગાંધીજીને કોઈકે પૂછ્યું કે તમે રામનું રટણ કરો છો, પણ તમારા નિવાસમાં રામની મૂર્તિ દેખાતી નથી. ગાંધીજીએ કહેલું કે હું તો સર્વમાં વ્યાપી રામનું, સર્વોપરી પરમાત્માનું રટણ કરું છું. મનુષ્યરૂપે થઈ ગયેલા રામનું નથી કરતો. એમ અવતારો પણ ભગવાનનું રટણ કરે છે. ભગવાનના થોડા ગુણો આવે એટલે અવતાર કહેવાય. ગાંધીજીને પણ કેટલાક અવતાર કહે છે. તેઓ કહેતા કે મને બ્રહ્મની ઝાંખી થઈ છે. ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના. એ નિષ્કુળાનંદનું કાવ્ય છે તેણે મને એવી પ્રેરણા આપી કે વૈરાગ્ય વગર કાંઈ શક્ય નથી. જે કરવું હોય, મેળવવું હોય તેનો જ રાગ, બીજો કોઈ રાગ રહેવો ન જોઈએ. મારે દેશની સેવા કરવી છે અને એ રીતે મારે ભગવાન મેળવવા છે એમ ગાંધીજી કહેતા. પ્રભુનો રાગ ન હોય તો વૈરાગ્ય ન ટકે. ભગવાનને છોડીને જતા રહે. ભગવાન કસોટી કરે ત્યારે તેને છોડી દે. ભગવાન કહે છે કે મારા ભક્તની હું કસોટી કરું છું અને બળ પણ આપું છું. પણ તે ભૂલી જાય છે એટલે મારું અનુસંધાન રહેતું નથી. આપણે ભગવાનને કહેવું કે કસોટીમાં તું મને બળ આપજે. તને પામ્યા પછી જ

હું જંપીશ. કોઈ તકલીફ ઊભી થાય ત્યારે તેમનામાં જ શ્રદ્ધા રાખી તેનો સામનો કરવો. બળિયા બનાવવા અને પોતાના તરફ લઈ જવા કસોટી અને મૂંઝવણ ભગવાન ઊભી કરે છે. અન્ન-વસ્ત્ર તો આપવાના જ છે. નોકરી જાય, આવક બંધ થઈ જાય તો મૂંઝવણ થાય, પણ શા માટે સંકલ્પ થવો જોઈએ, તે નહિ જાણતા હોય? બાપાશ્રી શું જમતા? રોટલો ને શાક. અન્ન-વસ્ત્ર તો એમના થઈને રહ્યા છે એ બધાને આપવાના જ છે, એમનું બિરૂદ છે.

આપણે ભગવાનને ગદગદ કંઠે પ્રાર્થના કરવી કે તમારા વચનમાં બળ આવે, તમારા સિવાય મને બીજા શેમાંય રાગ ન રહે. એવો અભ્યાસ નાનપણથી જ કરવો. મોટી ઉંમર થઈ જાય પછી મુશ્કેલ પડે. નાનપણમાં અભ્યાસ કર્યો હોય તો સરળ થઈ જાય. ભગવાનના નામનો જપ અને સ્વરૂપ તો સર્વે દુઃખનું ઔષધ છે.

## ૨૮૦

## સ્વામિનારાયણ મહામંત્રના મહિમા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાને કહ્યું છે કે ભૂત-પ્રેતનો ઉપદ્રવ હોય ત્યારે હનુમાનજીના મંત્રનો અને નારાયણ કવચનો પાઠ - જાપ કરવો. હનુમાનજી તો ભગવાનના ભક્ત હતા. પ્રાચીનકાળથી હનુમાનજીનો મહિમા વિશેષ છે, પણ

હનુમાનજી કરતાં તો રામચંદ્રજીનો મહિમા વધારે હોયને? હનુમાનજીમાં સામર્થ્ય અને ઐશ્વર્ય કોનામાંથી આવ્યું? ભગવાન રામચંદ્રજીએ આપેલું ઐશ્વર્ય હતું, પણ હનુમાનજીનું ઐશ્વર્ય કંઈ રામચંદ્રજી ભગવાન કરતાં વધારે ન હતું, છતાં પણ સર્વાવતારી પ્રભુ ભગવાન સ્વામિનારાયણે હનુમાનજીના મંત્રનો જપ કરવાનું એટલા જ માટે કહ્યું કે ઘણા કાળથી બધાને હનુમાનજી પ્રત્યે શ્રદ્ધા આવી ગઈ છે. માટે શ્રદ્ધા હોય તો જેમ તાર હોય તેમાં વિદ્યુતનો પ્રવાહ વહે, પણ જો તાર તૂટી જાય તો બધા દીવાઓ (બત્તી) બંધ થઈ જાય. એમ તારની જગાએ શ્રદ્ધા અને વિશ્વાસ છે. જો શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો જ મંત્ર કામ કરે. હનુમાનજીમાં શ્રદ્ધા છે તો કામ કરે છે. રામચંદ્રજીનો મંત્ર કોઈ જપતું નથી અને હનુમાનજીનો મંત્ર જપવા લાગે છે. એનું કારણ કે એમાં શ્રદ્ધા આવી ગઈ છે અને પેલી શ્રદ્ધામાં કચાશ છે. ભગવાન સ્વામિનારાયણના મહામંત્રના નામમાં તો બધા જ દેવો, ભક્તો અને બધા જ અવતારોના નામો વિલીન થઈ ગયા. તો આ મંત્રનો પ્રતાપ કેટલો બધો હોય? ત્યારે આપણે એનો મહિમા સમજીએ તો એક જ ભગવાન સ્વામિનારાયણ એટલું બોલતાની સાથે જ ભૂત-પ્રેતનો ઉપદ્રવ ચાલ્યો જાય.

આ પવિત્ર નામ છે. ભૂત - પ્રેત તો અશુદ્ધિમાં રહે. શુદ્ધિમાં એ રહી શકતા જ નથી. શુદ્ધિ જેવી ઉત્પન્ન થાય

એવું એને ભાગવું જ પડે. તો ભગવાન સ્વામિનારાયણનું નામ એક જ વાર લેવાથી બધા જ દુઃખો દૂર થઈ જાય છે, પણ એટલી શ્રદ્ધા આવતી નથી, એટલી આપણા જીવની કચાશ છે. ત્યારે જીવની પાત્રતા જુઓને! એક શ્રદ્ધા લાવવી એમાં પણ કચાશ, તો બીજું શું કરી શકે? ત્યારે ભગવાને આપણા ઉપર કેટલી કૃપા કરી કે તમે મારો મહિમા જાણો. હું તમને બધા દોષથી રહિત કરી અને સુખને પમાડીશ. તો આપણે હવે આ એક જ મહામંત્રનો જપ કરવો. મને ખબર છે કે આ મહામંત્રનો પ્રતાપ કેટલો હોય છે! હું દસ વર્ષનો હતો ત્યારે એક મોટા સદ્‌ગુરુ મળેલા એમણે મને આ મહામંત્રની વાત કરી. એક જણને ભૂત-પ્રેતનો ઉપદ્રવ હતો. ત્યારે મને એમ થયું કે આ સદ્‌ગુરુએ કહેલું છે કે ભગવાન સ્વામિનારાયણ એવો નાદ સાંભળતાં આ બધું ચાલ્યું જાય અને દિવ્ય વાતાવરણ સર્જાય. તો હનુમાનજી પાસે (કોઈની અંદર) ભૂત હતું તો મેં જોરથી ભગવાન સ્વામિનારાયણ નામ મંત્રનું ઉચ્ચારણ કરતાં એ ભૂત તો બોલ્યા વગર જ ભાગી ગયું. તો બોલો હનુમાનજીના મંત્રનું બળ વધારે કે ભગવાન સ્વામિનારાયણના મંત્રનું બળ વધારે? અરે! રાડ પાડ્યા વગર જ એ પલાયન થઈ ગયું અને કદીએ એનામાં ભૂત આવ્યું નહિ. ત્યારથી મને ખબર પડી કે આ સદ્‌ગુરુએ જે મને કહ્યું કે ભગવાન સ્વામિનારાયણ નામના મંત્ર સિવાય બીજાના મંત્ર ન કરવા. એમાં બધા જ

મંત્રોનો સમાવેશ થાય છે. આપણે ભગવાનના ભક્તોએ તમામ મંત્રોને સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રમાં લીન કરવા અને ભગવાન સ્વામિનારાયણ સિવાય કોઈ મંત્રનો જપ કરવો નહિ.

ભગવાનના અનન્ય ભક્ત જેને સ્વરૂપનિષ્ઠા પાકી છે એને (બીજા) કોઈ મંત્ર કરવાની જરૂર રહેતી નથી.

## ૨૮૧

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વરૂપ નિષ્ઠા અને ઉપાસના પાકી ક્યારે થઈ કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે ભગવાનના એવા ભક્ત થઈ રહીએ કે જેથી ભગવાન સ્વામિનારાયણને આપણામાં જોઈને બીજાના અંતર ઠરી જાય. બીજાના અંતરમાં શાંતિ શાંતિ થઈ જાય. આ કોનો પ્રતાપ? ભગવાન સ્વામિનારાયણનો. જો ભગવાન આપણામાં બિરાજતા હોય તો આપણા લીધે બીજાને શાંતિ થાય. જપ-તપ-સાધન ઘણા કરીએ એથી શાંતિ થતી નથી. શાંતિ તો એક ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિમાં જ થાય, એના ધ્યાનથી જ થાય. માટે એ દિવ્યસ્વરૂપનું ધ્યાન કરવું. અખંડ આનંદમાં રહેવું. આપણે ભગવાનની આજ્ઞા બરોબર પાળવી. આજ્ઞા પાળવી કાંઈ અઘરી નથી. આપણા હાથની જ વાત છે.

દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ અને વટલાવવું નહિ. આ પાંચ (એનું પાલન) તો આપણા હાથની વાત છે. દારૂ ન પીવો એ આપણા હાથની વાત નથી? માંસ ન ખાવું એ આપણા હાથની વાત નથી? ચોરી નથી કરવી ચાલો. એ આપણા હાથની વાત નથી? મહારાજ કહે છે બધી આપણા હાથની વાત છે. બ્રહ્મચર્યનું પાલન કરવું એ પણ આપણા હાથની વાત છે અને વટલવું નહિ ને વટલાવવું નહિ એટલે કે જે ભગવાનની આજ્ઞા પાળતા ન હોય અને ચારિત્ર્યની રીતે ભ્રષ્ટ હોય તો એના હાથનું કેમ ખવાય? જો એના હાથનું અન્ન લઈએ તો વટલાઈ ગયા, તો - તો વટલાઈ જઈએ. એટલે મહારાજ કહે છે કે આપણે બીજાને વટલાવવું નહિ. એટલે એવા ન થવું કે આપણે કોઈને આપીએ તો એ વટલાઈ જાય. માટે વટલવું નહિ ને વટલાવવું નહિ એનો મોટો અર્થ આ છે કે ભગવાનની આજ્ઞા પાળતા ન હોય એનું અન્ન-જળ ખપે નહિ. માટે આપણે તો બરોબર આજ્ઞા પાળવી પડે.

આજ્ઞા પાળવી કંઈ કઠણ વાત છે? આજ્ઞા પાળવામાં તો આનંદ છે. દારૂ પીએ તો કેફ ચડી જાય ને મરવા પડે તો એ દારૂને કરવાનો શું? એના લીધે આખું જગત હેરાન થાય છે. મહારાજે તો બસો વર્ષ પહેલાં કહ્યું છે કે દારૂ ન પીવો. અત્યારે એની માથાકૂટ ચાલે છે. અત્યારે પશ્ચિમના દેશોમાં જુઓ તો માંસ વગર તેઓ રહી શકતા નથી. આવા પશું

જેવા જીવો છે. તો ભગવાને એનો નિષેધ કર્યો છે. અત્યારે બીજા દેશોમાં પણ માંસ પ્રત્યે હવે તિરસ્કાર થવા લાગ્યો છે. માંસ ખાવાનું બંધ કરે તો શાંતિ થાય. અત્યારે ભારતીય સંસ્કૃતિને શ્રેષ્ઠ સંસ્કૃતિ તરીકે લોકો સ્વીકારવા લાગ્યા છે. અહીં તો શાંતિ નથી. આ તો ભારતમાંથી શાંતિ આવે છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે શાંતિ માત્ર મારામાંથી પ્રગટ થાય છે અને એ શાંતિ સર્વત્ર વહેંચાઈ જાય છે. એટલે આ ભગવાનનું દિવ્યસ્વરૂપ છે એની આજ્ઞા બરોબર પાળીને, આજ્ઞારૂપ થઈએ તો સ્વરૂપનિષ્ઠા કહેવાયને? ભગવાનની વાણી એ ભગવાનનું સ્વરૂપ છે. એ વાણી અને ભગવાનની દિવ્ય મૂર્તિ એ બંને એકમેક છે. એ બંનેનું એક પણું થાય, બંનેનું પાલન થાય, એ બંનેની દ્રઢતા થાય, ત્યારે સ્વરૂપનિષ્ઠા પાકી કહેવાય, તો જ ઉપાસના પાકી કહેવાય. સ્વામિનારાયણ સિવાય કાંઈ જ રહેવું ન જોઈએ.

હું શિક્ષક હતો ત્યારે વિદ્યાર્થીઓને પાવાગઢ (પર્યટનમાં) લઈ ગયેલો. ત્યાં ભદ્રકાળી માતાજીની મૂર્તિ હતી. તો બધા વિદ્યાર્થીઓ ત્યાં ગયા. ત્યાં એના એક બ્રહ્મચારી હતા. મેં તેમને કહ્યું કે તમે એક કોર (બાજુ) હટી જાવ. તમારા માતાજી મને જય સ્વામિનારાયણ કરવા આવે છે. તમે હટી જાવ આઘા. બરોબર? એ મને જય સ્વામિનારાયણ કહે છે ને પગે લાગે છે. શા માટે? કારણ કે ભગવાન સ્વામિનારાયણ એ તો અવતારી મહાપ્રભુ છે.

અનંત દેવો એના દર્શન કરે છે. એ ભગવાન જો આપણામાં બિરાજતા હોય તો એ માતાજી કોના દર્શન કરવા આવ્યાં? ભગવાન સ્વામિનારાયણના. તો એ ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા આવ્યાં. તેમણે (મને) જય સ્વામિનારાયણ કર્યા. મેં મહારાજને કહ્યું કે આ માતાજીનું કલ્યાણ કરી નાંખો જેથી કોઈ માતાજી જ ન રાખે. તો મહારાજ કહે કે આ માતાજીને એટલો વૈરાગ્ય નથી થયો માટે રહેવા દો હજી. જ્યારે એમને એ રાગ મટી જશે, ત્યારે એ જરૂર આમાંથી (એમની મૂર્તિમાંથી) નીકળી જશે. ત્યારે જુઓ એમને પણ એ રાગ છે. ભગવાન સ્વામિનારાયણ સુધીની બીજી બધી ભૂમિકાઓમાં બધે થોડો થોડો ઐશ્વર્યનો રાગ છે, પણ જ્યારે એ બધા રાગોમાંથી મુક્ત થાય, ત્યારે જ ભગવાન સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપમાં રાગ રહિત થઈ રહેવાય છે.

એવા રાગ રહિત થવું હોય તો આજથી નિર્ણય કરો કે સ્વામિનારાયણ નામ સિવાય કોઈ દિવસ મુખમાંથી બીજું નામ નીકળવું જોઈએ નહિ. એ સિવાય બીજી કોઈ ઉપાસના ન કરવી જોઈએ બરોબર છે? એ રીતે હંમેશાં દઢાવ રાખવાનો. બધા અવતારોનો મહારાજે આદર કર્યો છે. દેવોનું દર્શન કરવાનું કહ્યું છે, પણ એમ કહે છે કે બધા જ દેવો મારામાં લીન છે, માટે એ બધા દેવોને ત્યાગીને જો મારા સ્વરૂપનું ધ્યાન કરશો તો કોઈ રીતે તમારી પતિવ્રતાની

ભક્તિ જવાની નથી. કારણ કે હું સર્વોપરી ભગવાન છું. મેં મારામાં બધાને લીન કરી નાંખ્યા છે. જગત આખું ધીમે ધીમે મારા સ્વરૂપ તરફ ખેંચાઈને આવશે.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે પાંદડે-પાંદડે ભજન થશે. ત્યારે મને યુરોપમાંથી આવેલા બ્રિટીશ ગોરાઓએ પ્રશ્ન પૂછેલો કે ભાઈ, આ કેવી રીતે થવાનું? પાંદડે-પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે એ કેવી રીતે થઈ શકે? તો મેં એમને એમ કહ્યું કે ભાઈ, આ બધી દીવાલો, આ બધા રજકણો એ બધાયમાંથી સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ધ્વનિ નીકળશે, તમારા શરીરમાંથી ય સ્વામિનારાયણ - સ્વામિનારાયણ નીકળશે. ત્યારે આખી પૃથ્વી પરના પાંદડામાંથી શું, પણ રજકણો - કણો (પરમાણુઓ) એ તમામમાંથી સ્વામિનારાયણનો ધ્વનિ નીકળશે ત્યારે લોકો ગાંડા-ગાંડા થઈ જશે! ત્યારે તો બીજું કોઈ નામ યાદ નહિ રહે. ત્યારે તો એમ થશે કે સ્વામિનારાયણ સિવાય કોઈ શબ્દ જ દુનિયા પર હતો નહિ. આમ થવાનું છે. સ્વામિનારાયણ - સ્વામિનારાયણ એ નામનું ગુંજન થશે ત્યારે બધાયના પરિતાપ (દુઃખો) ચાલ્યા જશે. તો અત્યારથી જ પરિતાપ દૂર કરોને! તો રોમેરોમ સ્વામિનારાયણ બોલવાનું. ભગવાન સ્વામિનારાયણનું નામ રોમેરોમમાંથી એવું નીકળે તો બધાયને શાંતિ શાંતિ કરી નાંખે. અરે! અવતારો પાસે જો સ્વામિનારાયણ નામ

લો તો અવતારો નાચવા લાગી જાય છે. ત્યારે તમે વિચાર કરો કે આ અવતારી પ્રભુ કેવા છે!

આ અવતારી પ્રભુનું દર્શન મને પણ ભગવાનના સાક્ષાત્કારવાળા મોટા સંતોએ કરાવ્યું છે. એટલે હું પ્રત્યક્ષ જોઈને તમને કહું છું કે સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ દર્શન કરવાની જરૂર રહેતી નથી. આ હું સત્ય બોલું છું તમારી પાસે. ભગવાન સ્વામિનારાયણની આ દિવ્ય સભામાં એની સાક્ષીએ કહું છું કે આ દિવ્યસ્વરૂપ સર્વોપરી છે, સર્વ કર્તાહર્તા છે, દિવ્ય સાકાર સ્વરૂપ છે. અને બધાને પોતાનામાં લીન કરીને સૌને સુખિયા રાખે છે. એવા ભગવાન સ્વામિનારાયણ છે. અનંતકોટી ભૂમિકાઓ પોતાના તેજે તેજાયમાન છે અને બધા જુદી જુદી કક્ષાના જીવોને સમાસ કરવાને માટે બધાને (દેવો - અવતારોને) રાખ્યા છે. ભગવાનની આવી પ્રતિષ્ઠા કોણ કરી શકે? તો ભગવાન સ્વામિનારાયણનું આ દિવ્યસ્વરૂપ જોવાને માટે આપણે બધા એમના શરણે જઈએ. એ સિવાય કોઈ દિવસ બીજાનું ભજન-સ્મરણ કે ઉપાસના કરવાની જરૂર રહેતી નથી. જરૂર હોય તો ખરી, પણ એથી સર્વોપરી બીજું સ્વરૂપ હોય તો કરીએ! તો એ સ્વરૂપમાં તો બધા સ્વરૂપો છે, તો શા માટે બીજી માથાકૂટ કરીએ?

## ૨૮૨

## ભગવાનને પામેલા સંત-મુક્તનો સમાગમ કરવો અનિવાર્ય શા માટે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજની કૃપાથી આપણને શ્રીજીમહારાજે આવા સાચા સંત દ્વારા આત્યંતિક શ્રેયની વાતો કરી અને ખૂબ ઉપકૃત કર્યા છે. મનુષ્યદેહ દુર્લભ છે. એ દુર્લભ દેહનો હેતુ ત્યારે જ સર્યો કહેવાય કે જ્યારે દુર્લભ કામ સાધ્ય બને. એ દુર્લભ કામ એ કે પ્રભુના સાધર્મ્યપણાને પમાય. આ દેહે એ દુર્લભ કામ. અને એ દુર્લભ કામ સિદ્ધ કરવા માટે ભગવાનને પામેલા સંત, મુક્તનો સમાગમ અનિવાર્ય છે. એ સમાગમ વિના, એવા સંત મળ્યા વિના ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી. એવી વાણી મહારાજે તેમના દ્વારા ઉચ્ચારી. ખૂબ આનંદ થયો. આ દુર્લભ દેહ દ્વારા એ જ કરવાનું છે.

ભગવાનનું સ્વરૂપ આજ્ઞા, અને એ સ્વરૂપ જો દૃઢ થાય તો ઉપાસના પરિપક્વ થવા માટે વાર ન લાગે, પણ ભગવાનના વચનોનો સાક્ષાત્કાર કરવાને માટે સતત સંતના સમાગમમાં રહીને અભ્યાસ કરવો પડે. ત્યારે આજ્ઞાનું સ્વરૂપ આત્મસાત્ થાય. ભગવાનનું વચન પાળવું કઠણ પણ છે અને તદ્દન સહેલું પણ છે. જો સમજણ બરાબર થાય

તો પળમાં એ કામ સુલભ બની જાય. ભગવાનની આજ્ઞા ઘણી સરળ છે. એ સરળ છતાં પૂર્ણ છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલો જે માર્ગ એ ખૂબ સમન્વયી, સરળ અને પૂર્ણ છે. એ પૂર્ણતાને પામવાને માટે ભગવાને કૃપા વરસાવી પોતે કૃપાસાધ્ય બન્યા. અને બાપાશ્રીની વાર્તા છઠ્ઠીમાં મહારાજે એમ બતાવ્યું કે અમે અમારા અનાદિમુક્ત દ્વારા જ્ઞાનવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ અને કૃપાવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ એ એમાં સ્પષ્ટ નિર્દેષ થયો. જ્ઞાનવાણી દ્વારા ભગવાન પોતાના સ્વરૂપને ઓળખાવે છે, પોતાના અનાદિમુક્તને ઓળખાવે છે અને કૃપાવાણી દ્વારા પળવારમાં તમામ દોષોથી મુક્ત થઈ જાય એવી વાણી ઉચ્ચારે છે. એમાં એમ કહ્યું કે જો અમારા વચનમાં વિશ્વાસ આવે, અમારા સ્વરૂપનો નિશ્ચય બરાબર થાય અને એમાં અડગ વિશ્વાસ રહે, તો પળવારમાં અમારા સ્વરૂપનો સંબંધ થઈ જાય. વિશ્વાસ અને અડગ શ્રદ્ધા કેળવવાને માટે આપણે સતત જાગૃતિ રાખવી પડે. લાંબો અભ્યાસ પણ કરવો પડે આનંદ સાથે. તો એ વિશ્વાસ દૃઢ થાય અને સંત સમાગમ અને કૃપા થાય, તો એ વિશ્વાસ જલદી કેળવાઈ જાય. એ જે ક્ષણે કેળવાઈ જાય, એ ક્ષણે જ મૂર્તિમાં જોડાઈ જવાય.

ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે મહારાજે સંતનો સમાગમ કાયમ રાખવા માટે જણાવ્યું છે. સંત સમાગમ સિવાય ઉદ્ધાર નથી. સંત જ ભગવાનને પમાડે. બીજા

કોઈનું એ કામ નથી. મુક્ત સિવાય આ સાધ્ય વસ્તુ શ્રીજીમહારાજનું સુખ શક્ય નથી. ઘણા સાધન કરે, છતાં પણ એ સાધન છે. સાધ્ય નથી. સાધનનો ભાર ઘણી વાર અહં ઉત્પન્ન કરે છે. એટલે મહારાજ એમ કહે છે કે સાધનનો ભાર રાખ્યા સિવાય અમને મુખ્ય રાખો. સાધન આપણને એમના સ્વરૂપનું સુખ જીરવાય એવા પાત્ર કરવામાં મદદ કરે છે. જેમ સોય વડે કાંટો કાઢીને બંનેને ફેંકી દઈએ છીએ, તેમ સાધનરૂપી ઉપકરણ દ્વારા પાત્ર બનાય અને જેવા પાત્ર થાય, એવી ભગવાનની કૃપા વરસે અને એ કૃપારૂપી વરસાદ થતા ભગવાનના સ્વરૂપનું રોમે રોમ સુખ અનુભવાય. એટલે એ સાધનો આપણને પાત્ર બનાવવામાં મદદ કરે છે. તેમ જ અંતઃશત્રુઓ અને માયા એ પણ આપણને ભગવાન તરફ લઈ જવામાં મદદરૂપ થાય છે. અંતઃશત્રુઓ આડા આવે તો એની સામે લડાઈ કરવી પડે છે. ભગવાનનું બળ રાખી અને તેની સામે લડતા લડતા બળવાન બનાય છે. એ આપણને ક્યારે છોડે કે જ્યારે આપણે પૂરા બળવાન થઈ જઈએ. અને એ બધા આપણાથી હારી જાય, એ સેવા બજાવ્યા પછી તેઓ આપણને છોડી જાય છે. એટલે અંતઃશત્રુઓ પણ ભગવાનના સેવકો છે, જે સેવકો આપણને બળવાન બનાવે છે.

માયા અંધકારરૂપ છે તો ભગવાનની શક્તિ વળી અંધકારરૂપ? ભગવાને કેમ બનાવી? જાણી જોઈને બનાવી,

કે માયારૂપી અંધકારમાંથી બહાર નીકળો તો તમે પાત્ર થયા કહેવાશો. અને પછી ભગવાનના સુખને પમાશે. એટલે માયા આપણને પહેલા તકલીફ આપે છે, પણ એ તકલીફ દ્વારા આપણને પાત્ર પણ બનાવે છે. તો ભગવાને એ માયા આપણને નુકસાન કરવા નથી મોકલી, પણ આપણને પોતાના સ્વરૂપને પમાડવાને માટે મૂકી છે. ત્યારે મહારાજ કહે છે કે મારો ભક્ત મારો દૃઢ આશ્રય કરે તો એ તત્કાળ માયાના અંધકારમાંથી દૂર થઈ જાય છે. એને અંતઃશત્રુઓ છોડી જાય છે. અને પછી એ બધા અંતઃશત્રુઓ એ ભગવાનના ભક્તને નમન કરે છે. ભક્ત માયિકમાંથી દિવ્ય બની જાય છે. પ્રભુની એ અંધકારમય માયા એ દિવ્યસ્વરૂપ ધારણ કરે છે અને ભગવાનના સ્વરૂપમાં લઈ જાય છે. આ ક્યારે બને કે સંત સમાગમ. ભગવાનને પામેલા સંત મળે તો આવી કઠણ જબરજસ્ત સાધના દ્વારા માંડ માંડ કેટલાય જન્મે પ્રાપ્ત થઈ શકે એ તરત થઈ જાય.

# ૨૮૩

## આપણે આસક્તિ કોની કરવી જોઈએ અને ગુણગાન-પ્રશંસા કોના કરવા જોઈએ?

ભગવાન સ્વામિનારાયણ વિષેની આસક્તિ સિવાય બીજી કોઈ પણ આસક્તિ રહે તો ફેર જન્મ લેવો પડે. મહારાજ કહે છે કે જેટલી આસક્તિ કરવી હોય એ મારામાં

કરો, ખુશામત કરવી હોય તો મારી કરો. કારણ કે બીજાની ખુશામત કરશો તો એ ઓછી હશે. પ્રશંસા કરવી જોઈએ એથી ન કરવાની કરે. હોય નહિ ને વધુ વધુ પ્રશંસા કરે. દીધે જ રાખે. વખાણ પારાયણો તો એટલી ચાલે છે આખા વિશ્વમાં જુઓને! કેટલા બધા વક્તાઓ છે. તો એમાં એમની બાબતની વખાણ પારાયણ જો લખી હોય તો કેટલાય મહાભારત ભરાઈ જાય. એ બધા પાછા અર્થહિન. તો મહારાજે એમ કહ્યું કે તમે મારી ખુશામત કરો કેમ કે તમે મારી જેટલી પ્રશંસા કરો એટલી ઓછી છે. કારણ કે હું તો અવર્ણનીય છું. મારા ગુણો અને મારા મહિમાનો પાર નથી પામી શકાતો. માટે ખુશામત કરવી હોય તો મારી કરો, ગુણગાન - પ્રશંસા મારા કરો અને મારા સિવાય ક્યાંય આસક્તિ નહિ રાખો. તો આસક્તિ કરવી હોય તો એક સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની.

## ૨૮૪

## શ્રીજીમહારાજે આપણને પોતાનું તત્ત્વજ્ઞાન કેવી રીતે આપ્યું છે? તેના વિશે સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે આપણને જે તત્ત્વજ્ઞાન પીરસ્યું એ શાસ્ત્રમાંથી વીણીને ભેગું કરીને આપ્યું એમ નથી. પણ જે સત્ય તત્ત્વજ્ઞાન હતું એને પોતાના મુક્તોના મિષથી નિમિત્ત

બનાવી એ બોધ આપણને રચનાત્મક રીતે આપ્યો. શાસ્ત્રો અને પુસ્તક વાંચન રચનાત્મક નથી, તે વાસ્તવિક બોધ નથી આપતું. એ તો બુદ્ધિથી સમજાય એટલા માટે આપે છે અને પુસ્તકમાંથી વાંચેલું જ્ઞાન જીવનને સ્પર્શ કરતું નથી. મહારાજે પોતાના મુક્તને મિષ કેવી રીતે બનાવ્યા એનો દાખલો આપું.

મહાસમર્થ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને મિષે કેવી સરસ રીતે પ્રસંગનું સર્જન કર્યું એ જુઓ. લાડુબા અને જીવુબા નિષ્કામવ્રત દઢ કરીને પોતાનું જીવન વ્યતિત કરતાં હતાં. કારણ કે બીજાને એ વ્રત દઢ કરાવવા આ ચર્મચક્ષુએ દેખાય એવું વર્તન બતાવવું પડે. એવું વર્તન બતાવે તો જ એ વર્તન જીવમાં ચોંટી જાય. મહારાજે એવી લીલા કરી કે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે આ એભલ ખાચરની દીકરીઓ પરણતા નથી તો એ આ લોકમાં સારું ન દેખાય. આ લોકમાં બહેનોએ પરણવું જોઈએ એમ શાસ્ત્રોમાં લખે છે. તો તમે જઈને એમને સમજાવશો? ઓહોહો! મહારાજ! એમાં શું અઘરું છે? હું એમને થોડી વારમાં જ સમજાવી દઈશ. એભલ ખાચર પણ રાજી થયા.

બ્રહ્માનંદ સ્વામી ત્યાં ગયા. લાડુબા - જીવુબાને અગાઉથી ખબર આપ્યા કે કવિ લાડુદાનજી આપની પાસે થોડી વાતો કરવા આવે છે. તો આવે? હા, કહે જરૂર પધારે. બ્રહ્માનંદ સ્વામી આવ્યા પહેલા બહેનોએ પડદો ગોઠવી

દીધો અને બ્રહ્માનંદ સ્વામી માટે ચાકળો પણ પાથરી દીધો. પડદાની એકબાજુ લાડુદાનજી બેઠા અને બીજી બાજુ લાડુબા અને જીવુબા બેઠાં. બ્રહ્માનંદ સ્વામી તો તમે જાણો છો કે એવા કવિ હતા કે એમને શબ્દો શોધવા ન પડે. શબ્દો ઉપરાઉપરી આવે. એમાંથી ક્યો શબ્દ પકડવો ને ક્યો મૂકવો એ પ્રશ્ન થઈ જાય એવા એ શીઘ્ર કવિ હતા. અને મહારાજના મુક્તમાં કેવી બુદ્ધિ હોય! એ તો અદ્વિતીય અનુપમ બુદ્ધિ! એ બુદ્ધિનો ય પાર પમાય એવું નથી. તો એમણે તો બહેનો ગૃહસ્થાશ્રમ કરે એ માટેની વાણી શરૂ કરી કાવ્યરૂપે, અને ગદ્યમાં પણ બોલ્યા. લાડુબા અને જીવુબા તો સ્વયંજ્ઞાની હતા. એમનો આખો વાર્તાલાપ લાંબો છે. પણ બ્રહ્માનંદ સ્વામી જે કહેતા એનો તેઓ જવાબ આપે. અને બ્રહ્માનંદ સ્વામીને જવાબ આપવા માટે શબ્દો જડે નહિ. ત્યારે એનો અર્થ એ થયો કે શબ્દ આ લોકની વાણી છે એ પરભાવમાં પહોંચતી નથી. પરભાવની વાણી જુદી જાતની છે. એ અનુભવવાણી છે. આ લોકના શબ્દો અને વાણી ત્યાં ન પહોંચે. ત્યારે લાડુબા અને જીવુબા એવા સાદા શબ્દોમાં જવાબ આપે તો પણ બ્રહ્માનંદ સ્વામી મૂંઝાઈ જાય. એમને એમ થયું કે આ રીતે આ બહેનો નથી સમજે એમ તો તેઓ બુદ્ધિની બીજી યુક્તિ વાપરી બીજા પ્રશ્નો મૂકી સમજાવે. એના પણ એ બહેનો એવા સરસ જવાબ આપે કે મને નથી લાગતું કે આવા શબ્દો કોઈ શાસ્ત્રોમાં કે કોઈ તત્ત્વજ્ઞાનીમાં

જોયા હોય. બિલકુલ સાદી રીતે. અત્યારે એ લંબાણપૂર્વક તમને ક્યાં કહેવા બેસું? પણ કહેવાનો અર્થ એ કે બ્રહ્માનંદ સ્વામીએ લગભગ બે કલાક સુધી બહેનો સાથે જુદી જુદી રીતે બુદ્ધિની છણાવટથી સમજાવવા પ્રયત્ન કર્યો, પણ જેણે ભગવાનની મૂર્તિ સાથે હથેવાળો કર્યો હોય એના ત્યાગ - વૈરાગ્ય પાસે આપણે તેઓને પરણાવવાની વાતો કરીએ એ નરી મૂર્ખાઈ છે એમ તેમને જણાયું.

લખાણમાં એવું છે કે આ બહેનોએ બ્રહ્માનંદ સ્વામીના ચર્મચક્ષુ ખોલી દીધાં. બ્રહ્માનંદ સ્વામીને એમ કહ્યું કે આ ઠાઠ - ઠઠારો તમને શોભતો નથી. તમે કપાળ ઉપર સરસ રીતે જે રજોગુણી પાઘ બાંધી છે એથી કંઈ તમારું કપાળ શોભતું નથી. એવી ઘણી વાતો કરી. કાવ્યરૂપે પણ બોલ્યા હતાં. બહુ સાદા કાવ્યમાં આ બહેનોએ જવાબ આપ્યો. બ્રહ્માનંદ સ્વામીના અંતરચક્ષુ ખુલી ગયાં. બહેનોએ એમને ત્યાગ-વૈરાગ્યના પાઠ શીખવી દીધા. બ્રહ્માનંદ સ્વામી પોતાને ઉતારે જઈને બધા ઘરેણા ઉતારી, પાર્ષદ જેવા સાદા વસ્ત્રો પહેરીને મહારાજ પાસે ગયા. મહારાજ કહે આ શું કર્યું? કહે, મહારાજ તમારી લીલા! મને સાધુ દીક્ષા આપવી હતી તો આ રીતે શા માટે આપી? મને કહેવું હતું ને? સ્વામી! જો મેં તમને કહ્યું હોત ને, તો તમે આ ન માનત. માટે આ પ્રસંગ યોજવો જરૂરી હતો.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીને આ બધી વાતની ક્યાં જરૂર

હતી? એ તો અનાદિમુક્ત હતા અને મહારાજના સંકલ્પથી દેખાયા હતા, પણ સાધનિકને બતાવ્યું કે પુરુષ હોય કે સ્ત્રી હોય, જો એમને નિષ્કામવ્રતની દઢતા પૂર્ણ હોય તો એમને એમની ઈચ્છા વિરુદ્ધ પરણાવવા માટે મા-બાપે આગ્રહ રાખવો જોઈએ નહિ. એ બતાવ્યું. બીજું એ બતાવ્યું કે ત્યાગ - વૈરાગ્ય અંદરથી જ પ્રગટે છે. એ કંઈ પુસ્તકના વાંચનથી ન બને. એવું વર્તન આ ચર્મચક્ષુથી દેખાવું જોઈએ. એવું વર્તન લાડુબા - જીવુબા મારફત દેખાયું તો બ્રહ્માનંદ સ્વામીમાં વૈરાગ્ય પ્રવેશી ગયો અને અંતરચક્ષુ ખુલી ગયાં.

## ૨૮૫

### સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં રહેવું અતિ કઠણ શા માટે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજને વિજ્ઞાનાનંદ સ્વામીએ પૂછ્યું કે મહારાજ! મને ગોપાળાનંદ સ્વામીએ સમાધિ કરાવીને તમારી પાસે મોકલ્યો. તો એ સ્વામીને અઠવાડિયા સુધી સમાધિ રહી. ત્યાં સ્વામીએ જોયું કે આ કોઈ જીવ અહીંયા કેમ ટકી શકતો નથી? ત્યારે એનો ઉત્તર એ કર્યો કે ભગવાન જેવા નિર્મળ થવાય, એવી પાત્રતા કેળવાય, તો એમાં રહી શકાય. તે સુખ જીરવી શકાય.

ભગવાનનું તેજ કોટી કોટી સૂર્યના તેજ સરખું છે. એક

સૂર્યના તેજને વિશિષ્ટ કાચ વગર જોઈએ તો ખમી શકાતું નથી. તો મહારાજનું તેજ જીરવી શકાય એટલા પાત્ર પહેલા થવું પડે. પાત્ર થાય એટલે તેજ શીતળ-શાંત લાગે અને પાત્રતા ન હોય તો નાડી-પ્રાણ ખેંચાઈ જાય અને બૂમાબૂમ કરી મૂકે અર્જુનની જેમ. કે ભગવાન તમારું આવું સ્વરૂપ મારે નથી જોવું. તમે મનુષ્યરૂપે છો એ બરાબર છો. કારણ કે પાત્ર થયા નહોતા. મહારાજે વિચાર કર્યો કે વાત સાચી છે. ત્યારે મહારાજ બિરાજતા હતા. ભગવાને પોતાનું પ્રકરણ બદલ્યું. કે ભાઈ, જો આવું વર્તીશું તો આ જીવો મારી પાસે નહિ આવી શકે. આજ્ઞા પાળે, ઉપાસના રાખે, પંચ વર્તમાન સંપૂર્ણ પાળે એ પાત્ર થાય.

## ૨૮૬

**ભગવાનના સ્વરૂપમાં જોડવા માટેની પાત્રતા કેળવતા થોડી કચાશ રહી જાય ત્યારે આપણું પૂરું કેવી રીતે થાય? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આજ્ઞા સંપૂર્ણ પાળવી એ બહુ અઘરી વાત છે. ઉપાસના બરોબર કરવી એ પણ બહુ અઘરી વાત છે. આપણે મહારાજની આજ્ઞાઓ અને પંચ વર્તમાન પાળતા હોઈએ ત્યારે આપણું મૂલ્યાંકન કરવું અને અમૂક દૃઢતા કર્યા પછી મહારાજને આપણે પ્રાર્થના કરવી કે મહારાજ એવા સંજોગો તમે મૂકો કે જેમાં મને ખબર પડે કે હું બરાબર દૃઢ

થયો છું કે નહિ? મારી શ્રદ્ધા ડગી જાય છે કે નહિ? તમારા સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવી જાય છે કે નહિ? ક્યારેક સંજોગો ઊભા થાય ત્યારે આપણું આજ્ઞાનું પાલન અને ઉપાસનાની ખબર પડે. મહારાજે વિચાર કર્યો ત્યારે સદ્‌ગુરુઓ પણ બેઠા હતા કે મહારાજ, તમારી પાસે આ જીવો કેમ આવી શકશે, જો તમે આવું કરશો તો? તો મહારાજ કહે શું કરશું? તો બ્રહ્માનંદ સ્વામી તો બહુ રમુજીને! કહે મહારાજ, કૃપાસાધ્ય બની જાવ. કૃપાથી જ કલ્યાણ કરી નાંખો. તમારો સત્સંગ વધે. પાંદડે-પાંદડે ભલે ભજન થાય, અને તમે જો કૃપાથી કલ્યાણ નહિ કરો તો એકેયનું થાય નહિ. પછી મહારાજ કહે ભલે, તમારું વચન માનીએ. તમારી વાણી સાચી છે. સત્સંગ વધે છે, પણ બધા સુખમાં રહી જાય, રહી શકે એવા પાત્ર થતા નથી. શું કરવું? કૃપા વાપરો. જેમ વાદળો હોય અને સૂર્ય તપે તો વાદળો હટી જાય, તેમ તમે જીવોના આવરણો કાઢી નાંખો. તમે સર્વોપરી પરમાત્મા છો તો તમે એ કામ કરો.

મહારાજે વર આપ્યો જો મારા ભક્ત પંચ વર્તમાન પાળશે તો હું કૃપાસાધ્ય થઈને સંપૂર્ણપણે આવરણો ટાળીશ. એ પાળવા માટે આપણે પ્રયત્ન કરવો. જો આપણે પંચ વર્તમાનનું સ્થૂળ સ્વરૂપ અને સૂક્ષ્મ સ્વરૂપ જોઈએ તો કોઈ હાઈ ફિલોસોફીમાં જતું રહે. એટલું બધું અઘરું છે. આપણે સ્થૂળ વર્તમાન બરાબર પાળવાનું પણ અત્યારના સંજોગોમાં

કઠીન પડે છે. તો પંચ વર્તમાનનું સ્વરૂપ સૂક્ષ્મ અર્થમાં સમજીએ તો કેટલું અઘરું થઈ જાય? તો નાહિંમત થઈ જવાય કે આપણે ધામમાં જવાના જ નથી, કે મૂકો માથાકૂટ. આ બધી માથાકૂટ શું કામ કરવી? ત્યારે મહારાજ કહે તમે કોઈ ચિંતા નહિ કરો. કાંઈ પણ કચાશ રહી જશે તો હું કૃપાસાધ્ય થઈશ.

એમાં એટલું ધ્યાન રાખવાનું પણ કહ્યું કે તમને કોઈ પણ વ્યક્તિ કે કોઈ દેવ-અદેવ એમ કહે કે આ રોગ મટાડી દઉં, તો તમારે એમ કહેવું કે તમારામાં જે શક્તિ અને ઐશ્વર્ય છેને! એ સર્વોપરી પરમાત્મા જે મારા સ્વામિનારાયણ ભગવાન છે એમનું છે. એમાંથી હવે તમારી પાસે થોડુંક આવ્યું તો એવા સર્વોપરી પરમાત્માને મૂકીને તમારી પાસે શું કામ આવું? બરાબર! માટે ક્યાંય પ્રતીતિ નહિ આવવી જોઈએ.

## ૨૮૭

## આસક્તિ એટલે શું? અને ભગવાનને વિશે આસક્તિ કેવી રીતે થાય?

મહારાજ કહે છે કે મારા જેવું હેત તો મારા મુક્તને વિષે પણ ન કરવું. મને પામવું હોય તો મારામાં જ આસક્તિ કરો. આનું નામ attachment (આસક્તિ) કહેવાય. ભગવાન સિવાયના બીજામાં આસક્તિને લીધે પુર્નજન્મ

થાય. આસક્તિ કારણદેહમાં વળગી છે. આપણને અમુક સમયે ખબર પડે કે આપણા કુટુંબમાં આને કેન્સર થયું છે તો ય ગભરાટ થઈ જાય છે. એકદમ દુ:ખ થઈ જાય છે. એનો અર્થ એ કે આપણને એના વિષે એટેચમેન્ટ છે. એ એટેચમેન્ટ ખસી જવું જોઈએ. કર્તવ્ય પૂરું બજાવવું. સેવા બજાવવી. એને જેટલું સારું થાય એવી બધી સેવા કરવી, આ સેવાનું કાર્ય છે, એમાં દુ:ખની અભિવ્યક્તિ થાય એ બરાબર, પણ એ જીવમાં આસક્તિરૂપે ન થવી જોઈએ.

ગમે ત્યાં બહાર કોઈ અજાણ્યાને એવું કાંઈ થાય છે ત્યારે આપણને એટલું દુ:ખ થાય છે? નથી થતું. કોઈને એક્સિડન્ટ રસ્તામાં થઈ જાય તો આપણે એટલું કહીએ કે આવો એક્સિડન્ટ થઈ ગયો, પણ જો આપણામાંથી કોઈને સહેજ એક્સિડન્ટ થાય તો આપણને થોડો દુ:ખ - શોક થઈ જાય. એ દુ:ખ અંદરથી આસક્તિને લીધે ન થવું જોઈએ. પણ એ રીતે થવું જોઈએ કે એ ભગવાનનો જીવ છે ને એને આમ થયું? આપણને થોડું દુ:ખ થાય, પણ આસક્તિને લીધે નહિ થવું જોઈએ. તો એ આસક્તિ કાઢવી એ તો સમજણની વાત છે ને? એમાં શું પુરુષાર્થ બોલો? તપ કરવું હોય તો પુરુષાર્થ કરવો પડે. અહીંથી મંદિર જવું હોય તો પગનો ઉપયોગ કરવો પડે. કથા સાંભળવી હોય તો બેસીને સંભળાય. પણ આસક્તિ તો એક સમજણ માત્રથી નીકળી જાય. એક વાર સમજણ દૃઢ કરતા જઈએ તો આસક્તિ ટળી

જાય છે કે નહિ? અને ભગવાનને વિષે સ્નેહ વધતો જાય.

## ૨૮૮

### આપણે શ્રીજીમહારાજના સર્વોત્તમ તત્ત્વજ્ઞાનનો પ્રચાર કેવી રીતે કરવો જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સંત-મુક્તો દ્વારા વર્તમાન કાળે શ્રીહરિજીના સંકલ્પથી વિશ્વમાં આ તત્ત્વજ્ઞાનનો પ્રચાર થતો જાય છે. સર્વ મનુષ્યોને આ તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા આવતી જાય છે. બુદ્ધિશાળી વર્ગને આ માર્ગ સંપૂર્ણ છતાં સરળ લાગે છે. આ માર્ગ પામવાને માટે ભગવાન સ્વામિનારાયણના આશ્રિતોએ કમ્મર કસવી જોઈએ. એ જ સાચી સેવા છે. ભગવાન સ્વામિનારાયણનું આ તત્ત્વજ્ઞાન અને સંદેશ જો સારાય જગતમાં પ્રસરાવવું હશે તો ભગવાને ચીંધેલી આજ્ઞાઓ આચરણમાં ઉતારવી પડશે. આચરણમાં ઉતાર્યા વગરની વાતો કોઈના હૃદયને કે મનને સ્પર્શ કરશે નહિ. બાપાશ્રી કહે છે કે જેના અંતરમાં મહારાજની મૂર્તિનું સુખ હોય તેની વાતથી શાંતિ અને સમાસ થાય છે. ભગવાનનું સુખ મેળવવું હશે તો ભગવાને જે રીતે પોતે આ જ્ઞાન આચરણમાં બતાવીને સમજાવ્યું, તેમના સંતોએ આચરણમાં મૂકીને આપણને બતાવ્યું એ માર્ગે ચાલીને આપણે ભગવાનનું કાર્ય કરી શકીશું. આવો આત્યંતિક

કલ્યાણનો માર્ગ પામવો હોય, શ્રીહરિજીના પરમપદને પામવું હોય તો શ્રીજીમહારાજની મૂર્તિનું લક્ષ રાખીને ધ્યાન કરવા મંડી પડવું જોઈશે. બાપાશ્રી કહે છે - ધ્યાન કરવામાં જે આગ્રહ રાખે છે તેને મહામૂલી, મોંઘી એવી મહારાજની મૂર્તિની પ્રાપ્તિ થાય છે. એમનું દિવ્ય સુખ મળે છે. શ્રીહરિજીના આવા દિવ્ય સુખની પ્રાપ્તિ સર્વજનોને થાય એ માટે જીવનની એકે એક પળનો ઉપયોગ આપણે કરવો જોઈએ. આપણે કોઈ સમય, એક પણ મિનિટ વૃથા જાય એમ કરવું જોઈએ નહિ. કોઈ એવી સંઘર્ષની પ્રવૃત્તિઓ પણ કરવી જોઈએ નહિ. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે હું સંઘર્ષ કરવા નથી આવ્યો, સંઘર્ષ કરાવવા નથી આવ્યો. સંઘર્ષને શમાવવા માટે આવ્યો છું. સારાય વિશ્વમાં સંવાદિતા સ્થાપવા આવ્યો છું. જીવોને બંધનમાંથી મુક્ત કરવાને માટે આવ્યો છું. આ ભગવાનનો આદેશ સર્વને પહોંચે એ માટે આપણે મોટા સંત - મુક્તોના સમાગમ થકી આ તત્ત્વજ્ઞાન સમજવું પડશે. એ જીવનમાં ઉતારવું પડશે અને ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્કાર કરી એ સંદેશ ફેલાવવાને માટે જીવનપર્યંત મુક્તાનંદ આદિક મહાન સંતોએ જે કાર્ય કર્યું એ પ્રમાણે કરવું પડશે.

## ૨૮૯

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પૂર્ણ વાદ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વાદ કેટલા બધા છે. દ્વૈતવાદ, અદ્વૈતવાદ, દ્વૈતાદ્વૈત બરોબર? અનેક પ્રકારના વાદ છે. આટલા બધા વાદમાં કયો વાદ પૂર્ણ? એનો અર્થ એ થયો કે તમામ વાદો અપૂર્ણ છે. વાત પતી ગઈ. જો અપૂર્ણ હોય, તો ગોપલાણીજી મને પૂછે છે કે સ્વામિનારાયણ ભગવાનનો વિશિષ્ટાદ્વૈત વાદ છે. તો જો બીજા વાદ અપૂર્ણ હોય તો એ અપૂર્ણ નહિ? મેં કહ્યું સ્વામિનારાયણ ભગવાનનો એ વિશિષ્ટાદ્વૈત વાદ જ નથી. ભગવાને વાદ કહ્યો જ નથી. એ તો રામાનુજાચાર્યના અને બીજા લોકોના સમાસ માટે કહ્યું. રામાનુજાચાર્યમાં પરમાત્મા સાથેનો સ્વામી-સેવકનો ભાવ હતો એ લીધું એટલું જ છે. એમ નહિ સમજો કે રામાનુજાચાર્યનો મત એ ભગવાનનો મત છે. ભલે પોતે સમાસ માટે એમ કહેતા હોય. પોતે પણ કહ્યું છે કે હું તો સર્વોપરી પરમતત્ત્વનું તત્ત્વજ્ઞાન સમજાવું છું. હું ક્યાં વાદ કહું છું? સ્વામિનારાયણ ભગવાને વાદ રચ્યો જ નથી. માટે એ પૂર્ણ છે. વિશિષ્ટાદ્વૈત એ સર્વોપરી તત્ત્વજ્ઞાનનો મત છે. એ વાદ નથી. વાદ તો બધા અધૂરા કહેવાયને? વાદનો અર્થ જ અપૂર્ણ. જેટલી હદ સુધી અનુભવ થાય એટલો અનુભવ સત્ય, પણ એ અનુભવ

પૂર્ણ નથી. એ અનુભવમાંથી આગળ જવું પડે કે નહિ? ત્યારે સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે સર્વોપરી પરમતત્ત્વરૂપે હું અહીંયા તમને દર્શન આપું છું, એ સર્વોપરી પરમતત્ત્વનું જે સર્વોપરી તત્ત્વજ્ઞાન છે એ હું તમને સમજાવવા આવ્યો છું. એટલે મારી વાણી અને મારું સ્વરૂપ, વ્યતિરેક સ્વરૂપ અને અન્વય સ્વરૂપ એ બંનેરૂપ તમે બની જાઓ તો બરોબર, તો પૂર્ણ. ત્યારે મેં ગોપલાણીજીને કહ્યું, સ્વામિનારાયણ ભગવાન હજી તમને અનુભવે નથી ઓળખાયા, તમને બુદ્ધિથી ઓળખાયા છે.

## ૨૯૦

## શ્રીજીમહારાજ પોતાના સંત-મુક્તોના ઐશ્વર્ય ઢાંકી રાખે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણને કેવા ગુરુ મળ્યા? ઈશ્વરચરણદાસ સ્વામી જેવા, વૃંદાવનદાસ સ્વામી જેવા, નિર્ગુણદાસજી સ્વામી જેવા, મુનિસ્વામી જેવા અને સફેદ વસ્ત્રોમાં સોમચંદભાઈ, લક્ષ્મીરામભાઈ, દેવરાજભાઈ, પર્વતભાઈ આ બધા મુક્તો નોતા? વિચારો. આ બધા મુક્તોમાં ઐશ્વર્ય સહેજે જ દેખાય, પણ મહારાજે ઢાંકી એટલા માટે રાખ્યું કે એમને ભગવાન માનતો ન થઈ જાય. બાપાએ વાતોમાં લખ્યું છે કે ગુણાતીતાનંદ સ્વામીએ પરચા-ચમત્કારનું પ્રકરણ બહુ વિકસાવ્યું. તો લોકો તેમને ભગવાન માનતા પણ થઈ

ગયા. કોઈ એમ જ કહે કે ના તમે જ ભગવાન છો. કારણ કે એને જોવાનું આ આંખથી. ત્યારે મહારાજ એમ કહે છે કે મુક્તમાં ન જોડાઈ જાય એટલા માટે અમે ઢાંકી રાખીએ છીએ કે જેથી અમારામાં જોડે. જો કોઈ પોતાનામાં જોડે તો એને બાપાએ મહાપાપી કહ્યો. કારણ કે ઘણાનું બગડે કે નહિ? એક જીવનું બગડે તો ય પાપ કેટલું બધું લાગે. તો આ તો કેટલાયનું બગાડી નાંખે.

## ૨૯૧

## આપણને શ્રીજીમહારાજે અને એમના અનાદિમુક્તે ભય મુક્ત કર્યા છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એટલું રાખવું કે કોઈ સંજોગોમાં કદી ડરવું નહિ. શ્રીજીના કેડે ફરીએ રે, કોઈથી ના ડરીએ બરાબર? આપણે શ્રીજીની પાછળ ફરીએ છીએ. તો પછી જો મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી કોઈનું માદળિયું કે દોરો બાંધવો કે એવું શોભે? કેટલાક હરિભક્ત આવ્યા હતા. મેં કહ્યું આ શું પહેર્યું છે? પછી કહે, આ હનુમાનજીની ડોડી છે. બીજો કહે, આ હનુમાનજીદાદાએ ડોડી આપી! મેં કહ્યું આ ડોડી તું કાઢી નાંખ. હું તને પહેરાવી દઈશ બીજી. કાઢ્યા પછી તને શું દુઃખ થાય છે એ મને કહે, હું એવી ને એવી સાચવી રાખીશ. પછી કાઢી. મેં કહ્યું શું ફરક પડ્યો? મેં કહ્યું કંઠી છે એ પહેર

તો કેટલું સારું કહેવાય? આની ક્યાં જરૂર છે? કંઠીનો અર્થ જ એ કે તમને સુરક્ષિત કરી રાખ્યા છે. જો કોઈ સર્વશ્રેષ્ઠ માદળિયું હોય તો કંઠી. મેં કહ્યું, આ દોરા તું તોડીને ફેંકી દે કારણ કે આ કચરો જ છે.

મહારાજે દેવોને સડતાળાના રાંકા કીધા છેને? તો કોઈ પણ હરિભક્તે ભૂત - ભૂવાથી ક્યાંય ડરવું નહિ, જો ડરીએ તો એનો અર્થ એ થાય કે આપણે આશીર્વાદ નથી ઝીલ્યા. ફડક ઘૂસી જાય તો અંધારામાં જતા ડરે. હવે એ તો કાંઈ સમજણ કહેવાય? ઓરડો તો એનો એ જ છે. એક પ્રકાશ બંધ થયો એમાં ડરવાનું? જો ડરીએ તો મન નાનું છે, પણ કેટલું બધું સંઘરે છે? બરાબર! તો એ બીક છે તે મૂર્તિમાન થઈ જાય છે. એ ભૂત નથી હોતું. મૂર્તિમાન ખોટું ભૂત ઊભું થઈ જાય છે અને પછી એને હેરાન કરે છે. ત્યારે મહારાજે આપણને ભયથી મુક્ત કર્યા. અરે! ગમે ત્યાં જઈએને પણ આપણને વળી શું થવાનું હતું? આવી સમજણ આવે તો પ્રતિલોમ ધ્યાન થાય.

સચ્ચિદાનંદ સ્વામીને વાઘ મળ્યો. તો સચ્ચિદાનંદ સ્વામી કહે કે વાઘની રૂચિ ફાડી ખાઈ અને આહાર કરવાની તો મહારાજની મરજી એમ હશે કે આને ફાડી ખાશે તો વાઘનું કલ્યાણ થશે. તો પોતે મૂર્તિમાં સ્થિર થઈ ગયા અને પોતે બીજા દેહે થઈ ગયા. બીજો દેહ એટલે દિવ્ય શરીર. ભાગવતીતનુ એ રૂપ થઈ ગયા. તો વાઘ ઘૂંટણીએ પડીને

સ્વામીને પગે લાગ્યો. પછી સ્વામીની દૃષ્ટિ પડી, સ્વામીએ સામું જોયું એટલે જતો રહ્યો. ત્યારે પણ સ્વામીએ એમ નહોતું કહ્યું કે એ મને શું કરવાનો? એને એમ થયું કે એનો સ્વભાવ છે એટલે ભલે ખાઈ જાય. ત્યારે એવો અહ્‌મ નહિ માનવાનો. મહારાજની મરજી. કાંઈ નહિ આપણો દેહ પડશે. ચૈતન્યતો સુરક્ષિત કર્યો છેને? એ ભાવભૂલવો નહિ. અરે! અંત વખતે ગમે તેટલું દુઃખ થાય, અંત વખતે ભગવાન સાંભરે નહિ, કંઈ વાંધો નહિ. ભગવાન તો જાણે છેને? તો છેલ્લી ઘડીએ જ્યારે દેહ નીકળવાનો હોય એ વખતે દર્શન આપે છે. એટલે જેમ પાંદડાં હટાવી લે અને જળ દેખાય, એમ ચૈતન્ય નિર્મળ બને છે અને પછી અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં ખેંચાઈ જાય. એમ આટલી જ વાર લાગે. બાપા કહેતા આમ ચપટી વગાડીને.

બ્રહ્માનંદ સ્વામીને પેલાએ પાણી પાયું. તો કહે, આ ફાંદ સંભારજે. એને એમ થયું કે આ સાધુ ગાંડા જેવા લાગે છે. ફાંદ સંભારવાથી શું થાય? સ્વામીએ કહ્યું આ ફાંદ સંભારીશ એટલે અમે તને ભગવાનના સુખનો અનુભવ કરાવીશું. સારું કહે ભલે, પણ મને ફાંદ ન સાંભરે તો? તને સાંભરશે. સત્પુરુષ વચન બોલ્યા એટલે થઈ જાય. કહ્યું નહિ કૃપાસાધ્ય. એક વાર બોલ્યા એટલે એમાં ફેરફાર ન થાય, પણ આપણને શંકા થવી જોઈએ નહિ. દેહનું દુઃખ ભલે થોડું સહન કરી લેવું. કોઈક પરાણે સહન કરાવીને કેદમાં પૂરે તો

કેમ થાય? કરવું પડે કે નહિ? તો મૂંઝાવું નહિ. સુખ-દુ:ખથી શું મૂંઝાવું? આનંદમાં રહેવું. મુઓ દેહ વહેલો પડે કે મોડો બીજું શું થવાનું છે?

કોઈ દિવસ કદીયે ભયભીત થવું નહિ. ડરવાની ટેવ પડી હોય તો આ જ્ઞાને કરીને ધીમે ધીમે ટાળી નાંખવી. પછી વિચાર કરવો. શું બદલાઈ જાય? એક જણ મને કહે આ પાછળ સ્ટોર છે ત્યાં રાતે એકલા જતા મને બીક લાગે. મેં કહ્યું સારું. એક ફાનસ છેને ફાનસ એ લઈને જજે અને પહેલા લાઈટ કરજે, પછી તું જજે. હવે તને બીક લાગે છે? તો કહે નથી લાગતી. ત્યારે તારે ગ્રંથિ બંધાઈ ગઈ છે. તારું મન જ તને બીવડાવે છે, છે કંઈ નહિ. આપણને કોઈ ભૂત પ્રવેશે? કોઈ રોગ પ્રવેશે? કદીયે ન પ્રવેશે.

અત્યારે ધરતીકંપ થાય અને આખી ઈમારત જાય તો ય આપણને અસર થવી જોઈએ નહિ. ધ્રાંગધ્રા મંદિરમાં બધા હરિભક્તો એમ કહે કે ધરતીકંપ થયો. ભગવત્સ્વરૂપ સ્વામી ભગવાનને થાળ ધરાવીને જતા હતા તે ઊભા રહ્યા. બધા એકદમ ઊભા થઈને નાસવા લાગ્યા. કહે, શું કરો છો તમે? શું થવાનું હતું? પુરુષોત્તમનારાયણની સમીપમાં બેઠા છો શું થવાનું હતું? થોડી વારમાં ધરતીકંપ બંધ થયો. બધા ડરી ગયેલા. એમ આપણે મૂર્તિથી બહાર છીએ એવો ભાવ કદીયે લાવવો નહિ.

# ૨૯૨

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણને ઓળખાવવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે મહારાજના પંચ વર્તમાન પાળીએ એટલે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ આપે જ છે. વિદ્યાર્થીઓને આપણે શીખવવું કે ભાઈ! કોઈ પણ કરોડપતિ હોય તે પણ આ અન્ન, વસ્ત્ર ને રહેઠાણ આ ત્રણ સિવાય ચોથું શું ભોગવે છે? અન્ન, વસ્ત્રો સારાં - સારાં ને સારું રહેવાનું. આટલું આપવા તો ભગવાન બંધાયેલા છે, પણ આપણને શ્રદ્ધા નથી, નહિતર આખા જગતને જો ભગવાન સ્વામિનારાયણ ઓળખાય તો એમ કહે તમે ઓળખાવવા કેમ માગો છો? તો એને એમ સમજાવવું કે સ્વામિનારાયણ ભગવાન એમ કહે છે કે સર્વોપરી પરમાત્માને જો ઓળખે તો અન્ન, ધન, વસ્ત્ર મળ્યા વગર ન રહે. તો આખી દુનિયાને અમારે સુખી કરી નાંખવી છે સ્વામિનારાયણ ભગવાનથી. તો સ્વામિનારાયણ ભગવાન શું કામ પ્રગટ થયા છે? બહારથી અને અંતરથી બેય રીતથી સુખી કરવા માટે પોતે પ્રગટ થયા છે. તો આપણે આપણાથી બનતો પ્રયાસ પણ કરવો. આપણે પણ સરસ થઈ રહેવું.

## ૨૯૩

## અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના હેતવાળા કોને કહેવાય? અને આપણે અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના હેતવાળા બનવા શું કરવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જેનું વર્તન આજ્ઞા - ઉપાસનામાં સર્વોપરી હોય એ બાપાના હેતવાળા. આજ્ઞા બરોબર પાળે એ બાપાનો હેતવાળો. ઉપાસના બરાબર સમજે અને તે પ્રમાણે વર્તે એ બાપાના હેતવાળો. તો બાપાના હેતવાળા આપણે એવું બનવું કે સમજાવવા પાછળ પડવું. સંતો પાછળ પડ્યા તો સત્સંગ થયો. કેટલા પાછળ પડ્યા? ચારે કોર ઘૂમવા માંડ્યું. જીવોને પકડી-પકડીને સમજાવે કહે થોડી વાર બેસો, થોડી વાત સાંભળો. પછી સરસ-સરસ દૃષ્ટાંતો આપે. જેમ આ પ્રિયકાંતભાઈએ દૃષ્ટાંત આપ્યુંને! એમ દૃષ્ટાંતો આપીને સમજાવવું. અભ્યાસ કરવો પડે. વચનામૃત રહસ્યાર્થનો પ્રચાર કરવા જઈએ ત્યારે આપણે અમુક મુદ્દાઓ એવા લેવા જોઈએ કે જેથી એના ઉપર પ્રભાવ પડે. પ્રિયકાંતભાઈએ કહ્યું કે એક ભાઈએ વચનામૃતની પાંચ પારાયણ કરી એટલે રોગ મટી ગયો. સ્વાભાવિક છે. સરસ કહેવાયને! સારું દૃષ્ટાંત આપ્યું. એ શું? ભલે સકામ પણ સકામ થયા પછીથી નિષ્કામમાં જાયને પાછો! એટલે એમને સારું થયું, એટલે

એમને એમ થયું કે જે ગ્રંથ વાંચવાથી સારું થાય એને હું બરાબર સમજું તો કેટલું બધું સારું થાય? એટલે આપણે રહસ્યાર્થ વચનામૃતનો પ્રચાર બરાબર કરવો. એટલે પ્રતિબંધને ટેકો આપનારને ટેકો આપતા અટકાવી દેવા એ મોટામાં મોટી સેવા છે.

કોઈ બાપાવાળા - બાપાવાળા કહ્યા કરે તો ગૌરવ લેવું. જેનું તદ્દન શુદ્ધ વર્તન હોય, એટલે કે જે આજ્ઞામાં તદ્દન શુદ્ધ હોય ઉપાસનામાં જે તદ્દન શુદ્ધ હોય એનું નામ બાપાવાળા કહેવાય. કોઈ પૂછે તો કે ભાઈ, આવું છે. બાપા એમ કહેતા કે જેની આજ્ઞા અણીશુદ્ધ હોય, આજ્ઞામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય અને ઉપાસનામાં જે અણીશુદ્ધ હોય તે સ્વામિનારાયણનો કહેવાય. એમ બાપા ઠસાવી - ઠસાવીને કહેતા. તો આ વાત સાચી છે? તો એમાં ના પડાય? તો જે આવી વાતો કરતા હોય એ ક્યારે કરે? એવા વર્તન હોય ત્યારે. તો એના જે હેતવાળા હોય એમનામાં આવા ગુણ મૂક્યા હોય કે નહિ? તો બાપાવાળા થવું એ તો ગૌરવ લેવા જેવું છે. તમારે આ બે (આજ્ઞા - ઉપાસના) શુદ્ધ છે કે નહિ એ કહો પહેલા. તો કહે હા છે. તો તમે આપોઆપ બાપાવાળા છો. શું કામ ના પાડો છો વગર મફતની? હવે તમારી પાસે બીજી કોઈ દલીલ હોય તો કહો કે તમે બાપાવાળા નથી. દરેકે બાપાવાળા થયે જ છૂટકો છે. બાપાવાળા ન થાય તો અક્ષરધામમાં કેવી રીતે

પહોંચાય? શુદ્ધ આજ્ઞા ન હોય ને શુદ્ધ ઉપાસના ન હોય તો પહોંચાય ખરું?

## ૨૯૪

## શ્રીજીમહારાજ પોતાના ભક્તની બાધિતાનુવૃત્તિ ક્યાં સુધી રાખે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બધું જો પડ્યું જ મૂકવું હોય તો-તો સારામાં સારી વાત. અને એ સ્વરૂપમાં જોડાઈ રહેવું એના જેવું તો કાંઈ નથી. પણ એ સ્વરૂપમાં બધું પડ્યું મૂકીને જોડાઈ રહેવું ખૂબ અઘરું છે. એટલે ભગવાન શું કરે છે? આપણને બાધિતાનુવૃત્તિમાં રાખે છે. એ જો લઈ લે તો પછી આ બધા જ પ્રતિકારનો અંત આવી જાય, આ એના માટે છે. બાધિતાનુવૃત્તિ જો લઈ લે તો પછી કોઈ જ્ઞાન કરવાનું કે કોઈનો પ્રતિકાર કરવાનું, કાંઈ બાકી ન રહે. ભગવાન સિવાય પછી કાંઈ દેખાય જ નહિ. શું, કોણ કોનો પ્રતિકાર કરે? બરાબર! પણ મહારાજ દયાળુ બહુ છે. બાધિતાનુવૃત્તિ અમૂક સ્ટેજે જ લઈ લે છે. આગળ વધાય તે માટે પછી ધીમે ધીમે લઈ લે. પછી જેના ઉપર કૃપા થઈ હોય તેની અંત વખતે બાધિતાનુવૃત્તિ જરૂર લઈ લે. એ આશીર્વાદનો પ્રતાપ છે. આશીર્વાદ કાંઈ જેવી તેવી વસ્તુ નથી. આશીર્વાદ એનું નામ જે સદાય સાથે રહે. એટલે એક વાર આશીર્વાદ આપી દીધા એ સદાય સાથે રહે. નવા આશીર્વાદની જરૂર ન પડે.

પણ એ આશીર્વાદમાં આપણી શ્રદ્ધા જો ડગી જાય, તો એ આશીર્વાદ પાછા મૂર્તિમાં જતા રહે. જતા રહે એટલે વળી પાછા આશીર્વાદની જરૂર પડે. મહારાજ કહે છે, શ્રદ્ધા ડગવી ન જોઈએ, માટે એ શ્રદ્ધા ડગાવવી નહિ. બરોબર! આશીર્વાદમાં શ્રદ્ધા ખૂબ રાખવી.

## ૨૯૫

## આધ્યાત્મિક શક્તિના ઉપયોગ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ચોમાસામાં વરસાદ થાય પાણી, કીચડ બહારગામથી આવનારને કેટલી ઉપાધિ, અત્યારે ન ખબર પડે, પણ વરસાદ પડતો હોય તો વરસાદને એમ કહેવાય કે હમણાં સભા થાય ત્યારે તું આવીશ જ નહિ? કેમ ન કહેવાય? કારણ કે એમાં પ્રભુને આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવો પડે અને એથી શું ફાયદો? મહારાજ આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ક્યારે કરતા કે જ્યારે બહુ જ મોટો સમાસ થતો હોય, અનેક જીવોનું કલ્યાણ કરવું હોય ત્યારે કરે. ગમે તેમ નથી કરતા અને બાપાશ્રીએ પણ પોતાનું જ ગાડું પલળવા દીધું અને જ્યારે ભૂજના સંતો યજ્ઞ કરતા હતા, ત્યારે વરસાદ પડ્યો, ત્યારે કહ્યું ફરતો વરસાદ પડશે તમારા યજ્ઞમાં નહિ પડે. એવા સમયે કરતા, કારણ કે એ વખતે સમાસ મોટો કરવો હતો. હવે બાપા પોતાનું ગાડું લઈ જતા

હતા ને વરસાદ ચડી આવ્યો. વરસાદ તો સૃષ્ટિના નિયમ મૂજબ આવે ને જાય એવું થયા કરેને! તો આખા વર્ષના દાણા બધા બાજરી ને ઘઉં ભરેલું ગાડું લઈને જતા હતા અને બાપા અંદર બેઠેલા. અને આશાભાઈ ગાડું હાંકે. ઘર આવવાને થોડુંક જ અંતર બાકી સાવ પંદર-વીસ ડગલા ને વરસાદ પડ્યો. બાપા, આખા વર્ષની મહેનત છે, તો કહે ઢાંક રૂમાલ હું શું કરું? વરસાદ રોકવો એ કંઈ થોડો આપણા હાથમાં છે? એ તો મહારાજના હાથમાં છે. ઝટ હાંક, ઝટ હાંક આશાબાપા કહે શું હાંકે? બધો (માલ) પલળી ગયો. હવે સૂકવીને બધાને વહેંચી દો. બાપા કહે શું થાય? ત્યારે જુઓ, ત્યાં આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કર્યો? નહિતર હાથમાં જ હતું. આમ કરે એટલી વાર, પણ એમ ન થાય. આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ગમે તેમ કરે તો વેપાર કહેવાય, ખોટ આવે, સહન કરવું પડે.

મહારાજ બળિયા, કળિયા ને છળિયા શું કામ થયા હતા? નહિ તો આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવો પડે. ગમે તેમ તેનો ઉપયોગ ન થાય. પ્રભુએ પોતે નથી કર્યો. જ્યાં ખાસ જરૂર હોય ત્યાં જ કરે. જો આપણને એ શક્તિનો ઉપયોગ કરવાની મહારાજ છૂટ આપી દે તો હાલતા-ચાલતા આપણે બધા ઉપયોગ જ કરવા માંડીએ. પછી તો જોઈ લો આપણે કોઈ કાબૂમાં ન રહીએ. બધા એવા છૂટથી વેપાર કરવા માંડે કે દુનિયામાં હૉસ્પિટલમાં કોઈ દર્દી જ ન રહે હોં!

જો શક્તિ વાપરવાની છૂટ આપી દેને તો. મહારાજના મુક્તમાં એટલી બધી શક્તિ ભરી છે કે મહારાજ એનું નિયંત્રણ કરે છે. નહિતર તો હૉસ્પિટલમાં જેટલા દર્દીઓ છે તેના રોગ જતા રહે ને ફટાફટ ઊભા થઈને ચાલવા માંડે. બધા ચાલવા માંડે. એમાં જરા યે ફેરફાર ન થાય, પણ એ આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ જેમ તેમ થાય નહિ. હવે સાજા કરી દેવાથી એને શું ફાયદો કહો? એનું દુઃખ દેહ થકી ગયું, પણ જીવનો રોગ ક્યાં ગયો? માટે મહારાજ કહે છે, એમ ન કરાય. એ તો રોગરૂપી શિક્ષા ભોગવે એટલે ચૈતન્ય પાપથી રહિત થતો જાય. એ શિક્ષા ભોગવવી જ પડે. એ શિક્ષા ધીમે ધીમે ચૈતન્યને ભગવાન તરફ મોક્ષ માર્ગે લઈ જાય એટલા માટે છે. માટે જ્યાં - ત્યાં એનો ઉપયોગ કરાય નહિ. મહારાજના વખતમાં વ્યાપકાનંદ સ્વામીએ ઘોડીને આમ કરીને કહે પૂંછ છે, પગ છે, આંખ-નાક છે. બધું ય છે, ક્યા મર ગઈ હૈ? આ બેઠી થઈ ગઈ ઘોડી. ભગવાને કહ્યું, તમે ભગવાન થયા કહેવાઓ હવે મારે બદલે તમે બેસી જાવ. પછી સ્વામીએ ક્ષમા માગી. એમ મહારાજે ત્યારથી આપણી બધી શક્તિઓનું નિયંત્રણ પોતાના હાથમાં રાખ્યું કે જેથી આપણે પણ એ સુખ જીરવાય એવા મહાન બની શકીએ તો એવા પાત્ર થવાયને! તો એ તો ખૂબ જરૂરી છે. ત્યારે બાધિતાનુવૃત્તિ એ પણ આપણી સેવા માટે છે, સારા માટે છે. તો આધ્યાત્મિક શક્તિનો બહુ ઉપયોગ કરતા નહિ

શીખવું હોં! સહન કરવું, સેવા કરવી. કોઈને કંઈ રોગ થયો હોય તો સેવા કરવી. ભગવાનની આજ્ઞા મુજબ કોઈ ઔષધ આપવું ને સાજો કરવો. ત્યારે એકદમ કહી દઈએ કે જાઓ તમને સારું થઈ જશે એમ ન કરવું.

## ૨૯૬

## શ્રીજીમહારાજના અનાદિમુક્તના જુદા જુદા અંગ (પ્રકૃતિ) વિશે અનાદિમુક્ત શ્રી સોમચંદબાપાના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સોમચંદબાપાએ મને એક વાર કહેલું કે તમે ફેંસલા આપશો તે મહારાજને નહિ ગમે. મેં કહ્યું ફેંસલા આપવાની ટેવ પડી ગઈ છે તો શું થાય? ફેંસલો આપવાનો અધિકાર એક મહારાજ પાસે છે. એ ટેવ એમને ટળાવી. ભગવાનને વિશે કેવળ પ્રેમ જ હોય તો શું ખબર પડે? કોઈ વસ્તુ જ ન ગમે. મુક્તોના અંગ (પ્રકૃતિ) જુદા જુદા હોયને? એ અંગની વાત કેટલીક વાર મહારાજના મુક્તો એટલા માટે કરતા હોય છે કે તે ઉપયોગી હોય અને જીવનમાં બધાયને સ્પર્શે.

સોમચંદબાપા તે આપણા ગુરુદેવ સમાન અને ભગવાનની મૂર્તિના સુખમાં મૂકી દેનાર બાપાશ્રી આપણા ગુરુવર્ય જ્ઞાનગુરુજી. એથી આગળ વધીને શું કહીએ? પણ ભગવત્સ્વરૂપ સ્વામી કહેતા કે બાપા એટલે બાપા. મેં પૂછેલું કે તમને સુખ કોણે અપાવ્યું? સ્વામી કહે, અરે! મૂર્તિ

ત્રણેય અવસ્થામાં દેખાતી હતી, પણ સુખ ભોગવાવું જોઈએને? તે નહોતું થતું. તે બાપાએ કર્યું. મેં કહ્યું, તમે હવે એવું કરી શકો? તો કહે, ના. એ વાત ન થાય. એ સુખ શું છે તે વાતો કરીએ, પાત્ર કરીએ, પણ બાપા જેવું કામ ન થાય. તે સ્વતંત્ર મુક્તદશા બતાવતા હતા.

## ૨૯૭

**શ્રીજીમહારાજના અનાદિમુક્તમાં મનુષ્યભાવ આવવા વિશે સદ્. શ્રી મહાનુભાવાનંદ સ્વામી અને સદ. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

કોઈએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન કરેલો કે સ્વામી! તમને કોઈના વિશે કોઈ દિવસ મનુષ્યભાવ આવેલો ખરો? કોઈ સંતપુરુષને વિશે? તો સ્વામીએ એમ કહ્યું કે સંતપુરુષને વિશે તો નહિ, પણ કોઈને વિશે મનુષ્યભાવ નથી આવતો. પછી એને એમ થયું કે કોઈને વિશે એટલે ગમે તેવો હોય, પંચ વર્તમાન પાળતો ન હોય બરાબર, સરખો ન હોય તો ય એના વિશે ય સ્વામીને મનુષ્યભાવ ન આવે? એ તો વિચારમાં પડ્યા. સ્વામી નજરે જોતા હોય કે બરાબર નથી અને એના વિશે મનુષ્યભાવ ન આવે? તો સ્વામીએ મનુષ્યભાવનો અર્થ સમજાવ્યો કે જો ભાઈ, સાધનદશામાં જરૂર મનુષ્યભાવ આવે. દિવ્યભાવમાં કોઈ દિવસ કોઈને

વિશે મનુષ્યભાવ નથી આવતો. મનુષ્યભાવ એટલે મનુષ્ય જે પાપકર્મ કરે છે એ પાપકર્મ અનાદિમુક્તો નજરે જુએ છે, એને ખબર પડે છે, એનું અંતર એને દેખાય છે. જેમ અરીસામાં આપણું પ્રતિબિંબ દેખાય છે, એમ ભગવાનના અનાદિમુક્તોને દરેકે દરેકનું અંતર જો જાણવાને ઈચ્છે તો એવું ને એવું દેખાય. આપણે આ ઘડીએ જે વિચારવાના છીએ ને બીજી ઘડીએ જે વિચારવાના છીએ એ ય ભગવાનના પ્રતાપે એમના જાણ્યામાં આવે છે.

મનુષ્યભાવનો અર્થ એ કે દેખાય બધું, પણ એનું જાણપણું રહે. પણ એના વિશે તિરસ્કાર કે અભાવ આવે નહિ. એ મનુષ્યભાવનો છેલ્લો અર્થ છે. અનાદિમુક્ત જે ભગવાનની મૂર્તિમાં રહેતા હોય એના વિશે મનુષ્યભાવ ભૂલેચૂકે ય ન લાવવો. એક દાખલો આપું કે ગોપાળાનંદ સ્વામીના પટ્ટશિષ્ય મહાનુભાવાનંદ સ્વામીના દર્શન કરવા હળવદ ગયા. સ્વામીના એક બીજા પણ શિષ્ય હતા. બેની જોડ હતી. સ્વામીને કહ્યું કે સ્વામી, અમે મહાનુભાવાનંદ સ્વામીના દર્શને જઈએ છીએ. સ્વામીશ્રી મહાનુભાવાનંદ સ્વામીની પ્રશંસા કરતા, તેમના ગુણોની પ્રશંસા કરતા એટલે આ સંતોને તેમના દર્શનની ઈચ્છા થઈ અને ગયા. મહાનુભાવાનંદ સ્વામી આ સંતોને આવેલા જોઈ એકદમ ઊભા થયા કહે, અહો! એમ કહીને ભેટ્યા, આવકાર્યા. પછી એમની વૃત્તિ મહારાજે ખેંચી લીધી અને તેઓ જમવા

બેસી ગયા. તેઓ એક પિત્તળની થાળીમાં જમતા હતા અને એ ભૂલી ગયા કે આ સંતો આવ્યા છે. આ સંતો હજી સાધનદશામાં હતા તો પોતે અપમાનિત લાગ્યા કે અરે! આ સ્વામી પાતરમાં જમતા નથી, પિત્તળની થાળીમાં ખાય છે. હમણા આપણને ભેટ્યા પછી થઈ રહ્યું. આપણે જાણે છીએ જ નહિ, આપણી તો પડી જ નથી અને પોતે જમવા બેસી ગયા! અરે! આમને શું ભેળા થઈએ (મળીએ) મૂકોને વાત? અહીં આવવાથી શું ફાયદો? એમ વિચારી તેઓ તો તરત પાછા જ વળ્યા. હજી મહારાજના દર્શને ય ન કર્યા. તાનમાં ભૂલી ગયા અને સીધા પાછા વળી ભાગવા જ માંડ્યું. એટલામાં મહાનુભાવાનંદ સ્વામીએ મહારાજને જમાડી લીધા. સ્વામી શિષ્યને કહે, પેલા સંતો આવ્યા હતા તેમને જમાડ્યા, ક્યાં બેસાડ્યા, શું કર્યું? તો પેલા શિષ્ય કહે, સ્વામી! શું કરે? તમે એવું કાંઈ કહ્યું નહોતું. સ્વામી કહે, અરે! કંઈ અક્કલ છે? હું તો મહારાજને જમાડવામાં મૂર્તિ દેખાતી હતી એટલે ભૂલી ગયો, પણ તારી બુદ્ધિ ક્યાં જતી રહી હતી? તારે બેસાડીને જમાડવા જોઈએને? તો પેલા શિષ્ય કહે, સ્વામી! તમે કંઈ બોલ્યા નહિ તો મારે શું કરવું? સ્વામી કહે, અરે! જા જા દોડ. જ્યાં હોય ત્યાંથી લઈ આવ. નહિતર અપરાધ થઈ જશે અને મહારાજ વઢશે અને ઠપકો આપશે. પછી બધાને દોડાવ્યા, પણ પેલા સંતો એટલું બધું દૂર નીકળી ગયેલા કે હાથ આવ્યા નહિ. પછી સંતો પોતાને

સ્થાને પહોંચ્યા. આવીને સ્વામીના આમ તેમ દર્શન કર્યા, પણ બીજી વાત કરી નહિ. એમને એમ થયું કે સ્વામીને આવું શું કહેવું? એટલે મગજમાંથી વાત કાઢી નાંખી.

એમ કરતાં છ મહિના થયા. ત્યારે ગોપાળાનંદ સ્વામીની ઈચ્છાથી ચૈતન્યમાં મહારાજના દર્શન થતા હતાં તે બંધ થઈ ગયા. મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. ધ્યાન કરે તો ય મૂર્તિ ન દેખાય. મૂર્તિ ન દેખાય ને બીજું દેખાય. જે ન જોવાનું હોય એ દેખાય. તો પછી બંનેને એવું થયું. તે બે સંત સાથે હતા. કે આ શું થાય છે? તમને સારું ધ્યાન થાય છે? તો કહે, મને ય એવું થાય છે. બે ય જણાને એમ થયું કે આવું કેમ થાય છે? મહારાજની મૂર્તિ દેખાય નહિ એ કઈ જાતનું? પછી મૂંઝાણા એટલે ગોપાળાનંદ સ્વામીને વાત કરી કે સ્વામી! આવું કેમ થાય છે? શું કારણ? અમે કોઈ આજ્ઞા લોપતા નથી. ધર્મ-નિયમેયુક્ત રહીએ છીએ અને આ શું વળી? તો સ્વામી કહે, ક્યારથી થાય છે! તો કહે, લગભગ છ મહિનાથી થાય છે. સ્વામી કહે, અચ્છા. એવું કંઈ તમને યાદ આવે છે કે તમે કંઈ ખોટું કર્યું હોય? તો કહે, ના સ્વામી! અમે કંઈ ખોટું નથી કર્યું. સ્વામી કહે, ના, ના ખોટું કર્યું હશે. પછી તરત જ કહ્યું કે તમે મહાનુભાવાનંદ સ્વામીના દર્શન કરવા ગયા હતા? સંતોએ કહ્યું, હા, ગયા હતા. પછી એમણે વાત કરી કે એ સ્વામી પિત્તળની થાળીમાં જમતા હતા અને એટલે એમને વિશે સંકલ્પ થયો હતો. સ્વામી

કહે, અરે મુરખ! જમાડનારે ય મૂરખ અને જોનારા ય મૂરખ. એમને તો પારસની થાળીમાં જમાડો તો ય ઓછું છે. કારણ કે, તેમના મુખે જમનારા મહારાજ છે. એ પાતર તો તારા માટે છે, એમના માટે નહિ. તું પાતરમાં ખાઈશ ત્યારે મહારાજ દેખાશે. આવો સંકલ્પ કર્યો એમાં આમ થાય છે. પછી તો બહુ જ કહ્યું. ઉઘાડે પગે જા અને સ્વામીની માફી માગ તો મૂર્તિ દેખાશે. ઉનાળો હતો તેમાં ઉઘાડા પગે ગયા તો પગમાં ફોલ્લા પડી ગયા. પછી મહાનુભાવાનંદ સ્વામીએ પોતે તેલ વગેરે ચોપડીને સારવાર કરી. પછી સ્વામી કહે, ગોપાળાનંદ સ્વામી દયાળુ થઈને કેમ આટલા બધા આકરા થઈ ગયા? તમને આમ મોકલ્યા? પછી સંત કહે, આપના વિશે આવો સંકલ્પ થઈ ગયો હતો એટલે મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. સ્વામી કહે, ભલે થઈ ગયો. જાવ માફ બધું. આવો ભેટીએ પછી ભેટ્યા એ ભેગી જ મૂર્તિ દેખાણી.

એટલે કહેવાનો અર્થ એ છે કે મનુષ્યભાવ ભગવાનના મુક્તો-સંતો વિશે કે કોઈના વિશે કરવો નહિ. જાણપણું રાખવું, પણ અભાવ લેવો નહિ.

## ૨૯૮

## જે જીવ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના શરણે થાય અને વિશ્વાસ રાખે તેનું ભગવાન કેવી રીતે પૂરું કરે છે?

શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ આપણને આશીર્વાદ

આપ્યા કે તમને મૂર્તિમાં રાખ્યા છે. બેંકમાં પૈસા પડ્યા હોય, પણ જ્યારે આપણને મળે ત્યારે સુખ આવેને! એમ આપણો ચૈતન્ય છે તેને ભગવાને પોતાના સુખમાં રાખ્યો છે, પણ બાધિતાનુવૃત્તિ એટલે હજી પાત્રતા નથી. એટલે આપણને સુખનો અનુભવ થતો નથી. જેમ બેંકના પૈસા હાથમાં આવે તો તેનો ઉપયોગ થઈને આનંદ આવેને, તેમ આપણા ચૈતન્યને હજી સુખનો અનુભવ થતો નથી, પણ આપણને રાખ્યા છે ખરા. એ પાત્રતા થાય ત્યારે સુખનો અનુભવ થવા માંડે બસ. પછી આવરણ હટી જવા જોઈએ. ત્યારે આવરણ સહિત ભગવાને પકડીને પોતાના સુખમાં રાખ્યા છે. એટલે આપણને નિર્ભય કરી દીધા કે હવે તમે ચિંતા ન કરશો. એટલે ભગવાનને એમ કહે કે મહારાજ, આ ક્યારે થાય? ત્યારે મહારાજ કહે કે અંતકાળે તો જરૂર એ સુખનો અનુભવ કરાવશું. એ પહેલા જો પાત્ર થશો તો એ પહેલા પણ કરાવશું. પણ પાત્ર નહિ થાઓ ત્યાં સુધી આ દેહના સુખ-દુઃખ છે તે અમારી ઈચ્છાથી તમારે ભોગવવાના રહેશે. પણ અંતકાળે અમે બધું પૂરું કરી નાંખશું, માફ કરી દેશું. કારણ કે તમે અમારા શરણે આવ્યા છો, માટે તમારું બધું સમાપ્ત કરીને આવરણ હટાવી દેશું અને આવરણ હટી જશે એટલે સુખનો અનુભવ થશે.

આપણો જે ચૈતન્ય છે તે આવરણોથી ઘેરાયેલો છે, છતાં પણ ભગવાને પોતાની પાસે આકર્ષણ કરીને પોતાના

સુખમાં રાખ્યો છે. એ કૃપાળુ છે, હવે કૃપા એ જબરજસ્ત વાત છે. માટે ચૈતન્યને આકર્ષણ કરીને પોતે રાખે છે. એ ચૈતન્ય સુખમાં છે, પણ એ શ્રદ્ધા બરોબર રાખવાની. એ શ્રદ્ધા એવી રાખવાની કે આપણને ભગવાને સુખમાં રાખ્યા છે. એ મનન સતત રહેવું જોઈએ, પણ એમ થાય કે હું હોઈશ કે નહિ? એ સંશય થયો તો સંશય આત્મા વિનશ્યતિ એમ લખ્યું છે ને ગીતામાં? સંશય નહિ થવો જોઈએ. ભગવાને આશીર્વાદ આપીને સુખમાં રાખ્યા પછી વિચાર કરીએ કે રાખ્યા હશે કે નહિ? તો માણસ જેટલો ય વિશ્વાસ ન કર્યો. એમાં તો એવું થયુંને, બીજું શું થયું? હા, પણ એવું ન થવું જોઈએને! માણસમાં વિશ્વાસ રાખીએ છીએ. કોઈક સારો માણસ હોય એકદમ. આપણા પરિચયમાં આવ્યો હોય, આપણને એમ લાગે કે આહા! સો ટકા સોના જેવું પ્રામાણિકપણું છે. તો વિશ્વાસ રાખીએ છીએ કે નહિ? તો ભગવાનમાં કેમ ન રાખીએ? એ કંઈક બોલે તો કરીએ. આપણે કોઈકને કહીએ કે હું આમ કરીશ તો આપણે કરીએ છીએને! વિશ્વાસ થઈ જાય છે. તો પરમાત્મામાં વિશ્વાસ કેમ ન રાખીએ? એમ કહે છે કે પોતે સુખમાં રાખ્યા છે. તેથી એમ માનવું, નિશ્ચય રાખવો બરોબર!

દાખલા તરીકે તમે લાયક ન હો, પણ તમારા પર રાજી હોઈએ તો ભલે કાંઈ કામ ન હોય, પણ તમને રાખ્યા કંપનીમાં. ચાલો રાખી દઈએ છીએને! ભલે કાંઈ આવડત

ન હોય, પણ પાંચ માણસ રાખવા હોય એટલે એમ થાય કે ભલે બેસી રહે અને કાંઈ કામ ન કરે, અને કાંઈ ન આવડે બરોબર! તો ય પગાર આપે છે. તેમ ભગવાનના છે તેને ભલે પાત્રતા ન હોય તો પણ એને શરણે ગયા, એના વિષે હેત રાખ્યું. હે પ્રભુ! તારા શરણે છીએ, તું તારા શરણમાં અમને રાખજે, તારામાં અમે વિશ્વાસ મૂકશું કે તું પાપ થકી રહિત કરીશ, તારા સુખને પમાડીશ. મહારાજ કહે ભલે! આપણને એ સુખમાં રાખ્યા છે. આ રીતે હવે એની દયાએ પૂરું કરતાં એને આવડે છે. આવરણો હટાવવા એ તો દૃષ્ટિમાત્રમાં ખસી જાય. જેમ પ્રકાશ આવે તો અંધકાર ન હટી જાય? હટી જાય. એમ પોતાના સંકલ્પ ભેગા જ આવરણો હટી જાય અને ચૈતન્યદેહ બની જાય અને ભગવાનના સુખમાં રહે. અને એ ચૈતન્ય દિવ્યદેહ ધારણ કરે છે; સાકાર. એ દિવ્યદેહ અને આ માયિક દેહમાં કોઈ મેળ નથી. બધું જુદું. ત્યાં કોઈ એવો માયિક હાથ-બાથ, બીજું-ત્રીજું કાંઈ, કોઈ એવી વસ્તુ જ નથી. એક એ સુખ જ છે. અને તે ભગવાનના સુખમાં રહે છે. ત્યારે આમ મનન કર્યા કરવું કે ભગવાનના સુખમાં જ છીએ.

શ્રદ્ધામાં ખામી આવવી જોઈએ નહિ. શા માટે લાવીએ? ખામી લાવીએ તો અટકી જઈએને! મહારાજની મૂર્તિમાં છીએ એવી ખુમારી રાખવી બસ! મને મહારાજે મુક્ત દ્વારા આશીર્વાદ આપ્યા છે. એનાથી મારું પૂર્ણકામ

થઈ ગયું, એમ માનવું. ગમે તેમ થાય તો ય શું? કૃપાથી પૂરું થઈ ગયું બસ! અને હકીકત છે. કૃપાને ક્યાં શરત છે? કૃપા કરી નાંખી પછી ભગવાન કાંઈ કૃપાની શરત નથી રાખતા. જો શરત રાખવા બેસે તો કોઈનું પૂરું થાય? ભગવાન આપણા કૃપાસાધ્ય છે. નહિતર તો જન્મો જન્મ સુધી માથાકૂટ કરે તો ય પાર આવતો નથી. આ તો આ જ જન્મે જાવ બધું પૂરું કરી દઈશ. મારે શરણે આવો બસ! એણે શરણે રાખ્યા છે.

તમારે તો સુખ છે. તમે સુખિયા છો. તમે ભગવાન ઓળખ્યા છે. અને હવે એમ જ રાખજો કે ભગવાનના સુખમાં છીએ બસ! અધૂરું છે જ નહિ આપણું. આ જ મનન કરવું. મારા ચૈતન્યને મુક્ત કરીને મહારાજની મૂર્તિમાં રાખ્યો છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રાખ્યો છે. આપણા ચૈતન્યને એમની કૃપાથી રાખ્યો છે. પછી ક્યાં સવાલ છે? માટે એમ માનવું. મુક્ત મનુષ્યરૂપે ન દેખાય (અદૃશ્ય થાય ત્યારે) એટલો ફેર છે, પણ મહારાજ ને મહારાજના મુક્તો દિવ્યભાવે અખંડ ભેળા જ છે. અનંત મુક્ત અને મહારાજ એક મુક્ત ભેળા જમે છે. અખંડ દિવ્યભાવમાં સુખ જ જમે છે. અને આનંદ કરે છે. આપણે બધાય મહારાજના દિવ્યસુખમાં છીએ, કોઈ નાનું-મોટું નથી એમ માનવું. બધાને વિષે દિવ્યભાવ રાખવો. મહારાજના પ્રતાપે મુક્તના ચરણમાં જ અડસઠ તીર્થ છે.

## ૨૯૯

## ભગવાનના અનાદિમુક્ત પોતાનું સામર્થ્ય, ઐશ્વર્ય, ચમત્કાર બતાવતા નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાની વાતમાં લખ્યું છે કે ગોપાળાનંદ સ્વામી જેવા ઐશ્વર્ય ચમત્કાર અત્યારના મુક્ત કેમ નથી બતાવતા? તો બાપા કહે, જો અત્યારના મુક્ત એવું બતાવે તો અંધપરંપરા ચાલે. તો ભગવાનને પડ્યા મૂકી અને મુક્તમાં જોડાઈ જાય. એટલે તેઓ ઐશ્વર્યને ખૂબ દાબી રાખે છે અને પરચાઓ બતાવતા નથી. પણ ભગવાનનું જ્ઞાન કરી અને મૂર્તિના સુખમાં રાખે છે. જો એવું બતાવે તો માણસો પછી એમાં જ વળગે, પરચા જ ઇચ્છે. મહારાજે કહ્યું, પરચા ઇચ્છે એ પામર કહેવાય કારણ કે, પરચા પતી જાય એટલે ભગવાનને પડ્યા મૂકે. જ્યાં સુધી પરચા બતાવે, ત્યાં સુધી સારું લાગે. પછી એવું થાય કે પરચાનું માહાત્મ્ય થઈ જાય ને પછી પરચા મુક્ત ન બતાવે તો એને પડ્યા મૂકે. પછી બીજા પરચાવાળાને શોધે. ત્યારે જેમાંથી અનંત પરચાઓ નીકળે છે એ પ્રભુને ઓળખવા જોઈએને? જેમ વૃક્ષ છે એ થડને આધારે છે. માટે થડ પકડવું. ડાળાં-પાંખડાં કામના છે ખરા, પણ તેનો આધાર થડ છે. જો કે ડાળાં-પાંખડાંથી વૃક્ષની શોભા છે. પણ વૃક્ષનો આધાર એ નથી. એટલે ભગવાનના

મુક્ત છે એ સેવક છે અને ભગવાન સ્વામી છે. એટલે જો મુક્ત ખૂબ પરચા બતાવવા માંડે તો એ એમ જ કહે કે તમે અમારા ભગવાન છો. અહીં આવું છે. ગુણાતીતાનંદ સ્વામીએ પરચા બહુ જણાવ્યા. પછી બધા ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન માનવા માંડ્યા, એવું છે. અને મહારાજને પડતા મૂકીને સ્વામીમાં બધા વળગી પડ્યા. એ વખતે પછી પ્રકરણ બંધ કર્યું. કારણ કે એમણે જોયું કે આ તો બધું અવળું થવા માંડ્યું. પછી બંધ કરી દીધું પાછું. ગોપાળાનંદ સ્વામીએ પણ મહારાજ ગયા પછી સમાધિઓ કરાવવા માંડી, સર્વોપરી ભગવાનને ઓળખાવવા માટે. પછી એમ લાગ્યું કે આ પ્રકરણ બરોબર નથી. પછી એમણે ય બંધ કરી દીધું. એટલે એ પરચા અને ચમત્કાર એવી વસ્તુ છે કે ભગવાનને પડ્યા મૂકી એમનામાં જોડાઈ જાય પાછા. એટલે એ ઢાંક્યું જ રાખે છે.

## 300

## અખંડ આનંદમાં ક્યારે વર્તાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

તમારે તો હરતા-ફરતા એમ કેફ રાખવો કે ભગવાનનાં સુખમાં છીએ. આપણે મઝા થઈ ગઈ. નારદજીને ભગવાને એમ કહ્યું કે જેટલા પાંદડાં એટલા યુગ જશે ત્યારે દર્શન આપીશ એમ કહેજે પેલાને. (યોગીને) તો

ય એ યોગી નાચવા મંડી પડ્યા. શા માટે? જે એને નક્કી તો થઈ ગયું કે બોલ્યા જે આટલા યુગ જશે અને દર્શન આપશે. એમ નક્કી તો થઈ ગયું કે મારે. માટે નાચવા લાગ્યા ને આનંદમાં આવી ગયા. એને કેટલી શ્રદ્ધા કે બોલ્યા એટલે હવે થવાનું. તરત જ થઈ ગયું બધું. કારણ કે એ ભગવાન યુગ પૂરા કરી નાંખે. જેટલા યુગે એને થવાનું હતું એટલા યુગ એક ઘડીમાં સમાપ્ત કરી દીધા અને દર્શન આપ્યા. ભગવાન એવા છે. શ્રદ્ધામાં ખામી ન હોય તો તરત દર્શન આપે, પણ એ શ્રદ્ધામાં થોડી ખામી હોય છે. એટલે સુખમાં ફેર રહે છે. અંદરના આનંદમાં ફેર રહે છે. આમ હશે કે નહિ? હશે કે નહિ? એમ અશ્રદ્ધા રહે. એના લીધે જેવા સુખિયા રહેવું જોઈએ એવા રહેવાતું નથી. જો એમ ન રહે તો બહુ આનંદ આવી જાય. તો જુઓ પછી એમાં આનંદ જ રહ્યા કરે. ક્યાંય લેવા જવું ન પડે. કોઈ દી એમ ન થાય કે મને આનંદ નથી. અખંડ આનંદ વર્તે, પણ આમાં જરા ખામી હોયને! એટલો ફેર પડે છે. સુખમાં રાખ્યા એનો કેફ અખંડ રાખે તો પછી શું રહ્યું? નિર્ભય થઈ ગયાને બધા? ભગવાનના સુખમાં રહ્યા પછી અભયપદ આપ્યું ભગવાને.

## ૩૦૧

## શ્રીજીમહારાજના પ્રબળ સંકલ્પ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજનો પ્રબળ સંકલ્પ કે આ પૃથ્વી ઉપરથી મનવારો ભરીને મૂર્તિમાં કેવી રીતે લઈ જવા? જો એમ જોઈએ તો શ્રીજીમહારાજે કહ્યું કે અમારું બિરુદ છે કે અમારા આશ્રિતને અમારે જરૂર અંતકાળે તેડવા આવવું, એ મુજબ આશ્રિતને જરૂર તેડવા આવે છે. શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા બાપાશ્રી જેમને આપણે જીવનપ્રાણ કહી શકીએ, એ હેતુથી કે શ્રીજીમહારાજે કૃપાસાધ્ય સામર્થ્ય વાપરીને પાત્ર-અપાત્ર જોયા સિવાય જેને દિવ્યભાવ આવે એવા સૌ કોઈને મૂર્તિમાં રાખવાનું અભય વરદાન આપ્યું. અત્યાર સુધી કોઈએ મૂર્તિમાં રાખવાનું અભય વચન આપ્યું હોય એવું કોઈ ગ્રંથમાં લખાયું નથી, બાપાશ્રી પધાર્યા પહેલા.

## ૩૦૨

## શ્રીજીમહારાજના સુખના પરચા અને બીજા પરચા-ચમત્કારમાં શું ફરક હોય છે?

આપણે બધાય એ દિવ્ય સુખમાં ભેળા છીએ. એ સુખનું મનન કરી, ચિંતવન કરતાં કરતાં સુખિયા રહેવું, અને મુક્ત દ્વારા જે આશીર્વાદ આપ્યા એ મહારાજે આપ્યા એ આપણે અદ્ધરથી ઝીલી લીધા છે. વારંવાર એ આશીર્વાદની વર્ષા વર્ષે છે. એ પ્રતીતિ કરાવે છે કે આપણા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એ છેક સુધી દર્શન આપીને, પરચા આપીને એ પરચા સામાન્ય નહિ. એ

સુખના પરચા. બીજા પરચા-ચમત્કાર તો સાવ નકામા છે. પરચા-ચમત્કાર ઈચ્છે તે પામર, એવા પરચા નથી. આ તો દિવ્યસુખના પરચાઓ. એ સાંભળીને અંતરમાં, ચૈતન્યમાં સુખની ધારા છૂટે છે, એવા એ પરચા છે. એને સંભારીએ તો પણ અવરભાવની રીતનું પણ ખૂબ સુખ આવે.

## ૩૦૩

## આશીર્વાદની અંદર આજ્ઞા અને ઉપાસના બંને આવી જાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

નિષ્કામધર્મ એ આ સત્સંગનો પાયો છે, મજબૂત પાયો, નિષ્કામધર્મ વગર મૂર્તિનું સુખ આવે જ નહિ. કોઈ દિવસ ન આવે. ભૂલેચૂકે ય નિષ્કામધર્મ લોપ થાય એવી રીતે વર્તવું નહિ. એનો સંગ પણ ન કરવો. એવું સિનેમા ચિત્ર પણ નિહાળવું નહિ જોઈએ. એ પણ નિષ્કામધર્મનો લોપ છે. નિષ્કામધર્મ એટલે શું? સ્વામિનારાયણ ભગવાનની જે દિવ્યમૂર્તિ છે ને? એ નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ છે. નિષ્કામધર્મનું સંપૂર્ણ સ્વરૂપ ધારણ કર્યા વગર એ સ્વરૂપ સાથે એકતા કેવી રીતે થાય? માટે મહારાજે એમ કહ્યું છે કે નિષ્કામધર્મની જેનામાં ખામી હોય એના હાથનો થાળ હું જમતો નથી. મહારાજના આ શબ્દો પણ સાથે સાથે ઝીલવાના એ આશીર્વાદની અંદર આવી જાય છે. એ કહેવાની જરૂર ન હોય કે આશીર્વાદની અંદર આજ્ઞા ને

ઉપાસના એ બંનેનો સમાવેશ થઈ જાય છે. એવા રૂડા આશીર્વાદ આપ્યા છે કે નૃત્ય કરવા માંડવું જોઈએ. અરે! દેહ પડી જાય તો ય શું? મહારાજની આજ્ઞા અને નિષ્કામધર્મનો લોપ કેમ ચાલે? બરાબર!

## ૩૦૪

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ એક જ જન્મે પૂરું ક્યારે કરે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બધી નદીઓનું વહેણ કઈ તરફ હોય? સમુદ્ર તરફ તો જીવાત્માનું વહેણ પ્રભુ તરફ હંમેશાં રહેવાનું. પ્રભુએ એવી કળા કરી છે કે એક જન્મે નહિ, બે જન્મે નહિ, અનેક જન્મે પણ અંતે પ્રભુ એ જીવને પોતાની તરફ લઈ લે છે. કોઈ પ્રશ્ન પૂછે કે આ પ્રભુની લીલા શું? શા માટે અનેક જન્મો લેવડાવે છે? એક જન્મે પૂરું કેમ કરી દેતા નથી? તો પ્રભુ એમ કહે છે કે એક જન્મે શું હું તો એક પળમાં પૂરું કરી દઉં. જો અમારા તથા અમારા સંતના આશીર્વચનમાં સાચી શ્રદ્ધા હોય અને અમારા સ્વરૂપનું જ્ઞાન અને અણીશુદ્ધ ઉપાસના દઢ કરી હોય તથા આજ્ઞામાં અણીશુદ્ધ વર્તન હોય તો પાત્ર કરીને પૂરું કરી દઉં.

## ૩૦૫

**શ્રીજીમહારાજના સાચા ભક્ત ખુબ ભાવથી શ્રીજીમહારાજને સંભારે ત્યારે શ્રીજીમહારાજ કેવું સ્વરૂપ ધારણ કરીને દર્શન આપે છે?**

મહારાજ અદૃશ્ય થઈ ગયા તો ક્યાંથી એવા દર્શન થાય? મહારાજને ધામમાંથી ફરી મનુષ્યદેહ ધારણ કરવો પડે. ધરી લીધો એક વાર. પછી વારે વારે દેહ ધરે કાંઈ? પછી દિવ્યરૂપે જ જોવા પડે. દિવ્યરૂપે જોવા મળે પછી. કોઈવાર દર્શન દઈ દે છે, પણ એ કેવું હોય? થોડી ક્ષણવાર. મનુષ્યરૂપ ધારણ કરીને દર્શન પણ આપી દે. કોઈ ભક્ત બહુ ભાવથી સંભારે તો, પણ થોડી વારમાં અદૃશ્ય થઈ જાય. પણ એ એવો મનુષ્યદેહ ધારણ કરે. એવો સૂક્ષ્મદેહ, દેખાય એવો ધારણ કરે છે. દિવ્યદેહ કહેવાય બીજી રીતે કહીએ તો. એવો દેહ ધારણ કરી નાંખે. આ આંખે દેખાય એવો દેહ ધારણ કરે તો જ દેખી શકાય, નહિ તો ક્યાંથી દેખાય આ આંખે? બધાને એવા જ દર્શન દે. દેવબાને એવા જ દર્શન દીધાને! મનુષ્યરૂપે થયા. એવો દેહ ધારણ કરીને પછી કહે માગો. પછી માંગ્યું કે તરત એક મિનિટમાં અદૃશ્ય થઈ ગયા. દેવબા, બાપાશ્રીના માતૃશ્રીને દર્શન દીધાને! એક મિનિટ વાત-ચિત કરી ને તરત જ અદૃશ્ય થઈ ગયા. ભગવાન પછી ઝાઝો વખત રહેતા નથી. થોડી વાર દર્શન

આપે. મનુષ્યરૂપે વિચરતા હોય ત્યારે વધારે કામ કરે. કામ કરવા તો પધાર્યા હતા તો બધું જ કામ કરવું પડેને! એમનો સંકલ્પ હોય એટલું કરે, પણ જબરજસ્ત કાર્ય થાયને! કામ કર્યા પછી વિલીન થઈ જાય. પછી દિવ્યરૂપે કામ કરે. કારણ કે એ સર્વોપરીતત્ત્વ છે પરમાત્મા, મહારાજ સદાય પ્રગટ જ રહે છે. બીજા બારણા બંધ કરી દીધા. બધાને બીજબળ કરી દીધા. પછી અંતે ત્યાં જ જવાનું, મહારાજ પાસે.

## ૩૦૬

### અચળ નિષ્ઠા રાખવા વિશે અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આશીર્વાદથી બધાએ સુખિયા રહેવું. બધાયની ચિંતા કાઢી. એટલે કોઈ દી નહિ સમજવાનું કે હું સુખમાં બેઠો નથી. એવી અચળ નિષ્ઠા રાખવી બરોબર છે? મહારાજના કોઈ મુક્તને બાપાએ આશીર્વાદ આપ્યા. પછી તેમને એક ભક્ત કહે, તમે તો વિદેહીમુક્ત છો. વિદેહીમુક્ત પણ મોટા જ કહેવાય, પણ એથી આગળ અનાદિમુક્ત છે. એટલે તેઓ કહે, હું તો મૂર્તિમાં રસબસ રહેલો અનાદિમુક્ત છું. હું ક્યાં વિદેહી હતો? તું હો તો ભલે! બોલો કેટલું બળ! બાપા કહે, આની કેવી સમજણ છે જુઓ. એ તો કહે છે કે હું તો ગોપાળાનંદ સ્વામી જેવો થઈ ગયો સમજણ એવી હોવી

જોઈએ, કે હું તો મહારાજની મૂર્તિમાં રસબસ રહેલો અનાદિમુક્ત છું.

## ૩૦૭

## અક્ષરધામમાં હિંડોળા, મહોલ, ઝરૂખા, બાગ વગેરે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના સુખનો અનુભવ કરવો એ ખૂબ જ અઘરું છે. ભગવાન ઓળખાયા પછી નિષ્કામવ્રતનું પાલન કરે ને પછી એ ભગવાન કૃપા કરે તો સુખનો અનુભવ થાય, નહિ તો ન થાય, પછી ક્યાં વાત જ રહી? બીજાને તો આ સુખમાં રહેવાની ગતિ જ નથી સમજાતી. એ તો દેખે ત્યારે ખબર પડે. એમ પૂછે કે ત્યાં આમ ને આમ પડ્યા જ રહેવાનું છે? કાંઈ કરવાનું જ નથી? એટલો દેહમય થઈ ગયો છે કે એને ખબર પડતી જ નથી કે કેમ મૂર્તિમાં રહેવાય. પછી ક્યારે એને એવું જ્ઞાન થવાનું હતું? એ તો સમજીએ ત્યારે પાર આવેને કે કેમ થાય છે? અને બીજા એમ સમજાવે છે કે અક્ષરધામમાં આનું સુખ લેવાનું છે ને આનું સુખ લેવાનું છે એમ વાતો કરે. ત્યાં હીંડોળા છે ને ખાટ છે, મહોલ ઝરૂખા છે, એમ સમજે છે. એ તો ભક્તને એવી ભાવના હોય એટલે સમાધિ અવસ્થામાં ભગવાન એવું કોઈવાર દેખાડી દે. પેલા નારાયણજીભાઈને એમ દેખાડ્યું એટલે એને એમ થયું કે આવું જ અક્ષરધામ છે, પણ એવું અક્ષરધામ છે જ

નહિ. કેટલાયને અક્ષરધામની હજી ખબર જ નથી અને મોટા થઈ જાય. અને અબજીબાપાએ જેવું છે એવું ઓળખાવી દીધું.

## ૩૦૮

**જેને શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તના આશીર્વાદ મળ્યા તેમને અંત સમયે શ્રીજીમહારાજ મુક્તે સહિત તેડવા આવે ત્યારે તેમાં શું વિશેષ હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

કોઈ ભક્તને બહુ હેત હોય તો મહારાજ તેડવા આવે તો લઈ જાય, પણ જો અંદર રાગ રહી ગયો હોયને તો તેડવા આવીને પાછા જ્યાં ઠીક લાગે ત્યાં ફરીથી મૂકે. તેડવા આવે પણ પાછા બીજે મૂકે, પણ અનાદિમુક્તના જેને આશીર્વાદ મળ્યા એનું પૂરું થઈ જાય, એટલો ફરક છે.

## ૩૦૯

**શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત એમ કહે કે આ અક્ષરધામની સભા છે તેના વિશે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક વાર ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછવામાં

આવ્યો હતો. આ વાત લખાણમાં કદાચ નહિ હોય, પણ સાંભળેલી વાત છે. સ્વામીને સભામાં પ્રશ્ન પૂછ્યો કે મહારાજ એમ કહે છે કે આ અક્ષરધામની સભા છે, તો આ સભા બધા અનાદિમુક્તોની સભા છે? તે શું સમજવું? તો મહારાજ કહે છે કે અમે સારીયે સભા લઈને અહીં પૃથ્વી ઉપર દર્શન દેવા આવ્યા છીએ અને એ સભાની અંદર આ સભા એક થઈ જાય છે. માટે એ પણ અક્ષરધામની સભાના મુક્તો બની ગયા. તો આ અક્ષરધામની દિવ્ય સભામાં આપણે પણ બધા અનાદિની પંક્તિમાં બેસી તો ગયા. કોણે બેસાડ્યા? બાપાશ્રીએ અને બાપાશ્રી દ્વારા કોણે સંકલ્પ કર્યો? સ્વામિનારાયણ ભગવાને. ત્યારે કોના સંકલ્પ પોતે હતા? સ્વામિનારાયણ ભગવાનના. સંકલ્પ - સંકલ્પીનો ભેદ તો જ્યારે એ દિવ્યસ્થિતિ થાય, ત્યારે જ ખબર પડે એવું છે. સંકલ્પ અથવા સંકલ્પી પણ કામ તો એક જ કરે. સુખમાં એ બેય લઈ જાય. એ બંને સુખરૂપ. મહારાજના ય સંકલ્પ હોય, અને મહારાજના મુક્તના ય સંકલ્પ ફરતા હોય. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી મહાસમર્થ સદ્‌ગુરુ એમને બાપાશ્રી કહે કે તમારા તો સંકલ્પ ફરે છે. અમે તે જાણીએ છીએ, પણ તમને તે જણાવા દેતા નથી. ત્યારે કેટલી સામર્થી! વિચારો! કેમ એમ કરતા હશે એવો પ્રશ્ન ઊભો થાયને? કેમ ખબર ન પડવા દે? તે ધણી જાણે. એ પ્રશ્ન અગમ્ય છે.

ગોપાળાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું તો એમ કહ્યું કે મારી સમજણ પ્રમાણે આમાં ચાલોચાલ છે, પરમએકાંતિક છે, એકાંતિક છે, અનાદિમુક્તો પણ છે. ત્યારે મહારાજે પૂછ્યું કે ચાલોચાલ હરિભક્તો વિષે તમને મનુષ્યભાવ આવે ખરો? કહે ન આવે. કેમ એમ? તો કહે આ સભાને તમે અક્ષરધામની સભા કહી તો તેમાં બધા આવી ગયા. અને જે ન આવ્યા એનું કારણ હું એવું દેખું છું કે એમને મનુષ્યભાવ આવે છે, પણ આપના પ્રતાપથી મનુષ્યભાવ આવે તેને સંકલ્પથી ટાળી મૂકે. એમ કરતાં કરતાં આગળ વધે છે. એ પ્રક્રિયા હું જોઉં છું. અને જ્યારે દિવ્યસ્થિતિ થાય, ત્યારે કોઈનો અવગુણ આવતો નથી. મૂર્તિસ્થ થયા પછી અવગુણનો સવાલ જ રહેતો નથી. કારણ કે એ તો બધું દેખે છે, એમ જ આગળ વધાય. એમ દરેક જણને પાત્ર બનાવે છે અને પાત્ર બનાવી ધીમે ધીમે દિવ્ય સુખ તરફ લઈ જાય છે. ત્યારે સ્વામીએ કહ્યું કે મહારાજ! અનાદિમુક્તો તો તમારા સંકલ્પથી એ બધાયનો મનુષ્યભાવ ટાળી અને તમારા સુખને પમાડી દે છે. ત્યારે મહારાજે રાજી થઈ ખૂબ હાસ્યરસ વરસાવ્યો. હસવા માંડ્યા! વાહ સ્વામી વાહ! આ તો તમે સરસ નવીન વાત કરી. ત્યારે જુઓ તેમાં બાપા લખે છે કે કોઈનો અવગુણ ન લેવો. આવતો જ નથી. મુક્તો દિવ્યસ્વરૂપને એક નજરે જુએ છે.

## ૩૧૦

### બધાએ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાવાળા થવું જ પડશે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. અક્ષરધામમાં જવું હોય તો બાપાવાળા બને જ છૂટકો કે નહિ? કહો જોઈએ? વિચારો! બાપાવાળા એટલે આજ્ઞા અને ઉપાસનામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. અને આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન ન હોય તો અક્ષરધામમાં સ્થાન મળે ખરું? ન મળે. ત્યારે જો કોઈ આપણને બાપાવાળા કહે તો આપણી છાતી ગજ-ગજ ફૂલવી જોઈએ. હું તો આનંદથી નાચું જો કોઈ મને કહે કે ઓ હો! આ જુઓ નારાયણભાઈ બાપાવાળા છે. કેટલા શ્રેયની વાત કે આજ્ઞા અને ઉપાસનામાં જેનું અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. સારાય સત્સંગમાં દરેકે બાપાવાળા બને જ છૂટકો છે. એકે એક બાપાવાળા બનશે. એટલે કે આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ, વર્તનવાળા. આખા રહસ્યાર્થ વચનામૃતમાં અણીશુદ્ધ આજ્ઞા અને સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી પુરુષોત્તમસ્વરૂપ સમજવામાં જરા ય કસર ન રહે એટલી બધી અંદર તત્ત્વજ્ઞાનના બધા પાસાઓની છણાવટ થઈ ચૂકી છે. માટે બાપાવાળા કોઈ કહે

તો એમ ન માનવું કે આપણે કંઈ બીજા કરતાં ઓછા છીએ. અરે! જો બાપાવાળા ન હોય તો એના કરતાં તો અણીશુદ્ધ વર્તનવાળા કોઈ બીજા ખરા કે નહિ? તો ગૌરવ લેવું.

એક હરિભક્તે મને પૂછ્યું કે તમે બાપાવાળા છો? તો મેં કહ્યું બરોબર બાપાવાળો છું. પછી મેં કહ્યું તમે બાપાવાળા નથી? તો કહે ના, હું બાપાવાળો નથી. ત્યારે તમે કોના વાળા છો? બાપાવાળા તમે કોને સમજો છો? જેનું આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તે બાપાવાળા. તમારું અણીશુદ્ધ વર્તન છે ખરું? જો હોય તો તમે બાપાવાળા. અમે પણ બાપાવાળા અને એવું ન હોય તો નથી. જો એવું ન હોય તો સ્વામિનારાયણના આશ્રિત પણ ક્યાં રહ્યા? ત્યારે અક્ષરધામમાં જવા માટે, સ્વામિનારાયણ ભગવાનના સાચા આશ્રિત કહેવાવાને માટે બાપાવાળા બનવું પડશે. અણીશુદ્ધ આજ્ઞા અને ઉપાસના પાળવા પડશે. આ વાત જીવમાં જો ઉતરે તો ન્યાલ થઈ જવાય.

## ૩૧૧

## શ્રીજીમહારાજના આશ્રિત ને વધુ પાત્રતા કેળવવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જેના જ્ઞાનગુરુ અબજીબાપા એ બાપાવાળા. એ જ્ઞાનગુરુએ શું સમજાવ્યું? કે જો આજ્ઞા અને ઉપાસના જીવનમાં જ્યાં સુધી અણીશુદ્ધ રીતે આચરણમાં નહિ

મૂકાય, ત્યાં સુધી અક્ષરધામમાં રહેવાશે નહિ. આમાં કાચપ હોય છતાં ય દયાળુ ભગવાન સર્વોપરી પરમાત્મા, આ તો પુરુષોત્તમપદવીપણું કામ જ કરી નાંખ્યું. ક્યાં અવતારોનું કાર્ય અને ક્યાં અવતારીનું કાર્ય? અંતે એ લેવા આવે અને પોતાના સુખમાં ઊભા રહી શકે એવી કૃપાવર્ષા કરે. સત્સંગમાં ફરી જન્મ ધરાવીને સારા સંજોગો ઊભા કરે અને અણીશુદ્ધ કરે. કંસારા જેમ વાસણને ટીપી ટીપીને સરસ પાત્ર બનાવે છે, એમ સ્વામિનારાયણ સર્વોપરી પરમાત્મા પોતાના આશ્રિતને પાત્ર ન થયો હોય તો આ રીતે ફરી જન્મ આપે ત્યારે અણીશુદ્ધ બનાવે. પોતે કેટલો ઉપકાર કરે! પોતે જવાબદારી સ્વીકારી લીધી, પોતાનું બિરુદ સાચવ્યું જે જીવ અભિમુખ થયો તો મોડો - વહેલો એને અણીશુદ્ધ બનાવી પોતાનું સુખ જીરવી શકે એવો બનાવીને પોતાના સુખમાં રાખે છે.

## ૩૧૨

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતા પ્રવર્તાવવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનના તમામ રહસ્યોની છણાવટ બાપાશ્રીએ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી કરી નાંખી છે. કોઈ કહે કે મહારાજનું કાર્ય અધૂરું કેમ કહેવાય? અધૂરું કામ કરવા મહારાજ આવ્યા હતા? પૂરું

નહોતું કર્યું? એમ કેમ કહેવાય, અને ભગવાન અધૂરું કામ પૂરું કરીને કેમ ન ગયા? તો હું એમ પૂછું કે મહારાજે સ્વરૂપનિષ્ઠા અને પોતાની ઉપાસના પ્રવર્તાવી. અરે! ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે પાંદડે - પાંદડે હજી ભજન થશે સ્વામિનારાયણ - સ્વામિનારાયણ. તો મહારાજનું કામ જો પૂરું થઈ જાયને! તો કરવાનું શું રહ્યું? હજી તો ભારતમાં લાખો - કરોડો ભગવાન સ્વામિનારાયણને ઓળખતા નથી. તો કામ અધૂરું છે કે પૂરું થઈ ગયું? સમજણ નથી કે શું અધૂરું ને શું પૂરું? બસ, અધૂરું ભાઈ અધૂરું. અધૂરું શું ને પૂરું શું? સમજો તો ખરા, કાંઈ સમજ્યા વગરની વાત! ભગવાનનું કામ તો ચાલુ જ રહેવાનું. અનંત બ્રહ્માંડમાં એ કામ ચાલે છે. ભગવાન એક પછી એક બ્રહ્માંડમાં મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને પોતાની ઉપાસના પ્રવર્તાવે છે. સ્વામિનારાયણ ભગવાનનું એ કામ તો સદાકાળ ચાલ્યા જ કરવાનું છે. જ્યાં સુધી એક પણ વ્યક્તિ આનાથી વંચિત હશે, ત્યાં સુધી એ કામ ચાલશે. એ અધૂરું કામ તો આપણે બધાએ કરવાનું છે. આ રીતે મહારાજનું જણ જણ પ્રત્યે પોતાનું સ્વરૂપ સમજાવવાનું. અધૂરું કામ તો આપણે બધાએ કરવાનું છે. ત્યારે એ અધૂરું કામ તો આપણા માટે સેવા મૂકી કે જો તમે એ કામ કરશો તો મારી તમારા ઉપર કૃપા વરસશે.

એક જીવને જો ભગવાન સન્મુખ કરી શકીએ, તો ભગવાન એક બ્રહ્માંડ ઉગાર્યા જેટલું ફળ આપે છે, હા!

આપણે માટે તો અધૂરું કામ ચાલુ જ રહેવાનું છે. એ અધૂરું કામ છે જ. અરે! હજી તો કેટલાય બ્રહ્માંડોમાં એ કામ ચાલ્યા કરે છે અને અધૂરું કામ કરવારૂપ સેવા કરાવી ને આપણને પાત્ર બનાવવાના અને જો આપણે બીજાને ભગવાન ઓળખાવીએ તો આપણને પાકું થતું જાયને! મહારાજની મૂર્તિ પાકી થતી જાય, સ્વરૂપ સિદ્ધ થતું જાય.

## ૩૧૩

### સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપ વિશે સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન સ્વામિનારાયણના દિવ્યસ્વરૂપ વિષે બ્રહ્માનંદ સ્વામીએ એક વાર કીર્તન ગાયું. એક હરિભક્તને સંકલ્પ થયો કે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજનું શું કાંઈ વર્ણન કર્યું? ભગવાન તો એ વખતે બિરાજતા હતા તો ભગવાનના મુખ સામું જોયા કરે, ભગવાનના સ્વરૂપને જોયા કરે, દર્શન કરે. એને એમ થયું કે બ્રહ્માનંદ સ્વામી વર્ણન કરે છે એવા તો સૌંદર્યવાન ભગવાન લાગતા નથી. પણ ભગવાનનો મહિમા બ્રહ્માનંદ સ્વામીને ખૂબ છે એટલે સ્વામી એમ બોલતા હશે. ભક્ત તો બહુ ભોળા. શ્રીજીમહારાજને જઈને એક વાર પૂછ્યું. મહારાજ એકલા હતા. તો મહારાજને પૂછ્યું કે, મહારાજ! બ્રહ્માનંદ સ્વામી આજ કીર્તન બોલ્યા

એવા રૂપાળા તમે લાગતા તો નથી. તો બ્રહ્માનંદ સ્વામીએ આવું બધું વર્ણન કર્યું એનું શું કારણ મહારાજ? મહારાજ કહે, એનું કારણ તો બ્રહ્માનંદ સ્વામીને પૂછો તો ખબર પડેને! તો તમે બ્રહ્માનંદ સ્વામીને પૂછો. બ્રહ્માનંદ સ્વામી બહુ હર્ષઘેલા છે. મારા વિષે ખૂબ હેત છે એટલે મારી બહુ પ્રશંસા કરે છે એટલે એવું કીર્તન બોલ્યા હશે. તમે જઈને પૂછો તો ખરા, તો મને ય ખબર પડે કે બ્રહ્માનંદ સ્વામી આમ કેમ બોલે છે.

ભક્ત તો બ્રહ્માનંદ સ્વામી પાસે ગયા. બ્રહ્માનંદ સ્વામી ધ્યાનમાં બેઠા હતા. થોડી વાર પછી ધ્યાનમાંથી જાગ્યા ત્યારે ભક્તે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે, સ્વામી, તમે મહારાજના સ્વરૂપનું વર્ણન કર્યું એટલું સૌંદર્ય તો ભગવાનમાં જોવા મળતું નથી તો એનું શું કારણ? તમે આ કઈ રીતે વર્ણન કર્યું? બ્રહ્માનંદ સ્વામી હસ્યા. બ્રહ્માનંદ સ્વામી કહે, ભક્તરાજ, મારી પાસે શબ્દો નથી. એ સ્વરૂપના સૌંદર્યનું વર્ણન કરવા માટે, એટલે આવા પાંગળા શબ્દોમાં એ વર્ણન કર્યું છે. તે ગમ્યું નહિ પણ શું કરું? બધાને એ સ્વરૂપને વિષે લગની લગાડવાને માટે જે શબ્દો મળ્યા એવા શબ્દોમાં એમના સ્વરૂપનું વર્ણન કર્યું. તમને જે મનુષ્યસ્વરૂપ દેખાય છે એ મનુષ્ય સ્વરૂપ દિવ્ય સૌંદર્યને ઢાંકીને વર્તે છે એટલે તમે ક્યાંથી જોઈ શકો? હું તો એ જોઈને વર્ણન કરું છું. હું તો એ દેખું છું. એ તો અતિ

સૌંદર્યવાન છે. એનું વર્ણન થઈ શકતું નથી. મહારાજ તો કોટીમાં ભાગનું સૌંદર્ય લઈને પણ મનુષ્યરૂપે પ્રગટ નથી થયા. એવી રીતે ઢાંકીને વર્તે છે. જો એ બધું લઈને આવ્યા હોય તો આખી પૃથ્વી સ્તબ્ધ થઈ જાય. ઓ હો હો! કહે મહારાજ એટલા બધા રૂપાળા છે? અરે, રૂપાળા તો કેવા? અનંત કોટી બ્રહ્માંડમાં પણ કોઈનું એવું રૂપ નથી. એ રૂપ એક વાર જોયામાં આવે તો આંખ એમાંથી આઘી પાછી ખસે જ નહિ. મન એવું ઠરે કે બીજે ક્યાંય ચોંટે નહિ, એવું તો એ સુંદર સ્વરૂપ છે.

એ દિવ્યસ્વરૂપના દર્શન આ મનુષ્યસ્વરૂપ સાથે લગની લગાડવાથી થાય છે. બંનેની એકતા છે. એ સ્વરૂપ એવું રૂપવાન છે, પણ જો એ એવું રૂપવાન સ્વરૂપ ધારણ કરે તો જીરવાય નહિ. જોઈ શકાતું નથી. માટે ભગવાન કહે છે કે આ જે મનુષ્યરૂપે આવ્યો એ મારું દિવ્યસ્વરૂપ છે. એ સ્વરૂપમાં અને ધામના સ્વરૂપમાં એક રોમનો પણ ફરક નથી. એ વાત સાચી છે. બ્રહ્માનંદ સ્વામીને બંને સ્વરૂપ એક સરખા જ ભાસતા હતા. કારણ કે એમની દૃષ્ટિ દિવ્ય બની ગઈ હતી. મહારાજ નખથી શીખા પર્યંત દિવ્યમૂર્તિ છે. એનું એકે એક અંગ છે તે અતિ સૌંદર્યવાન છે. સળંગ મૂર્તિ જોયા કરો તો કલ્પે કલ્પ વિતી જાય ત્યાં સુધી એ મૂર્તિમાંથી ખસવું ગમે નહિ એવી એ સુંદર મૂર્તિ છે. એ નેત્ર, એ નાસિકા, એ ભાલ, એ ભ્રમર, એ હોઠ, હસ્ત, આખું

શરીર, મહારાજનું કોઈ અલૌકિક છે! એ સ્વરૂપ દોરી શકાય એવું નથી. એટલું સુંદર છે. કોઈ ચિત્રકાર પણ ચિતરી શકે નહિ, કે કોઈ અનાદિમુક્ત પણ કાગળ ઉપર ચિતરી શકે નહિ. એટલું એ સુંદર સ્વરૂપ છે, પણ ભગવાને શું કર્યું છે? કે કોઈ પ્રશ્ન પૂછે કે મહારાજના સ્વરૂપોના મોઢા કેમ અલગ અલગ છે? તો શું કરે? ચિત્રકારને ભગવાનનો જે રીતે ભાવ આવે તે એવું સ્વરૂપ દોરવાનો પ્રયત્ન કરે. ઘનશ્યામ મહારાજનું સ્વરૂપ છે, વડતાલમાં ઘનશ્યામ મહારાજની ત્રણ મૂર્તિ છે તો ત્રણેયના મુખમાં ફરક છે. માત્ર ભગવાન આમ પોતાનો વરદ્‌હસ્ત રાખીને ઊભા હોય એના ઉપરથી ખબર પડે કે આ મહારાજની મૂર્તિ છે. પણ બધાના મુખારવિંદમાં તો ફરક. પણ મુખારવિંદ કાંઈ જુદું હોઈ શકે? જુદું તો ન હોઈ શકે. એક સરખું જ બરોબર હોવું જોઈએ, પણ ભગવાન છે એ જુદા-જુદા ભાવો ગ્રહણ કરે છે. મહારાજના મુખના ભાવોમાં ફરક પડતો હોય છે. મહારાજ ક્યારે કયું સ્વરૂપ ધારણ કરે એ કહી શકાય જ નહિ.

## ૩૧૪

## શ્રીજીમહારાજનું દિવ્ય તેજોમય સ્વરૂપ જીરવાતું નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મૂર્તિ સિદ્ધ કરતાં - કરતાં જ્યારે છેવટે ભગવાનની કૃપા ઉતરે છે, ત્યારે એ જ મૂર્તિ તેજોમય બની જાય છે. અને

તેજોમય બનતાની સાથે જ મૂર્તિમાં ખેંચાઈ જવાય છે. એ તેજોમય બનીને ક્યારે દર્શન આપે, જ્યારે આપણે પાત્ર થઈ ગયા હોઈએ ત્યારે. નહિતર તો એ જીરવાતી જ નથી. જેમ કોઈ ભયંકર ભય લાગેને! અને આમ ખમાય નહિ એવું એ સ્વરૂપ લાગે છે. છે તો શીતળ શાંત, છતાં પણ એનું જે તેજ અને એ સ્વરૂપમાંથી નીકળતી જે જબરજસ્ત દિવ્યશક્તિ એ ખમાતી જ નથી. જ્યારે ખમાય, ત્યારે જેમ ચંદ્રમાંનું તેજ શીતળ-શાંત અનુભવાય છે, એમ એ મહારાજની મૂર્તિ જોવા માટે આપણે સમર્થ થઈએ છીએ. અને એ સ્વરૂપના દર્શન થાય છે.

શ્રીજીમહારાજની દિવ્યમૂર્તિને જીરવવાને માટે, સમર્થ થવાને માટે મહાન સદ્ગુરુઓના સાંનિધ્યમાં રહીને પાત્ર થવું પડે, આજ્ઞાઓ બરાબર પાળવી પડે, પંચ વર્તમાન બરાબર પાળવા જોઈએ. અને એ બધા ગુણો, એ બધી આજ્ઞાઓના શિરછત્રરૂપ આજ્ઞા નિષ્કામવ્રત, એ જ્યાં સુધી બરાબર દૃઢ ન થાય, ત્યાં સુધી મહારાજનું દિવ્ય દર્શન થતું નથી, ત્યાં સુધી સાક્ષાત્કાર થતો નથી. માટે નિષ્કામવ્રતનો પાયો અતિ દૃઢ કરવો જોઈએ. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય. જ્યાં સુધી એ પાયામાં કચાશ છે, ત્યાં સુધી જોઈએ એવી પાત્રતા આવતી જ નથી. બીજા ગુણો પણ આવતા નથી.

ભગવાનના જે તલ છે, તે તલ એ ભગવાનના ગુણોના લક્ષણરૂપ છે. એ ભગવાને ગ્રહણ કરેલા છે.

ભગવાનની દિવ્યમૂર્તિને મૂછ નથી. ભગવાન જ્યારે અવરભાવમાં આવ્યા, ત્યારે કાઠી, કોળી ને એક શૂરવીરતાના અંગ તરીકે એમણે પણ મૂછો રાખેલી. એ મનુષ્ય સ્વરૂપ હતું, પણ દિવ્યસ્વરૂપ હતું. એમાં ત્યાગ-ભાગ નહોતો. જેમ મનુષ્ય શરીરમાં હાડ-માંસ હોય છેને! તેમ ભગવાન જ્યારે મનુષ્યસ્વરૂપ ધારણ કરે છે ને! ત્યારે તેમાં પણ ત્યાગ-ભાગ નથી. તેમાં પણ હાડ-માંસનો સંકલ્પ ન કરવો જોઈએ. છે જ નહિ, મહારાજનું એ કૈવલ્ય સ્વરૂપ છે. ભગવાનની આ જે ચિત્રપ્રતિમા છે અને ભગવાન પ્રત્યક્ષ બિરાજતા હતા મનુષ્યસ્વરૂપે એ સ્વરૂપ અને અક્ષરધામનું સ્વરૂપ એ ત્રણેય સ્વરૂપની એકતા છે, એક જ સ્વરૂપ છે. જ્યાં સુધી ચિત્રમાનો ભાવ જાય નહિ, ત્યાં સુધી એ મૂર્તિ છે તે એવી દિવ્ય ભાસતી નથી.

## ૩૧૫

## શ્રીજીમહારાજે આપેલા પંચ વર્તમાન પાળવા અનિવાર્ય છે તેના વિશે અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે પંચ વર્તમાન દારૂ, માંસ, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ પંચ વર્તમાન લાગે સાદા, પણ સાદા નથી. ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવે એવા પાત્ર બનાવવા જેટલા મહાન પંચ વર્તમાનો છે.

દારૂની અંદર તો બધું જ આવી જાય. આજના નાટક - ચેટક - સિનેમા એ પણ દારૂ સમાન છે. જેમ દારૂથી ઘેન ચડે ને કેફ ચડે ને અંતે માણસ મરી જાય, તેમ આજના ફેલ-ફતુર એવી વસ્તુઓ છે કે જે દારૂથી યે ખરાબ છે. એને દારૂ કહેવાય. પેલો દારૂ તો ન જ પીવાય, નહિ તો પશુતુલ્ય કે પશુથી યે ખરાબ કહેવાય. મનુષ્યદેહ ધારણ કર્યા પછી, મનુષ્યરૂપ લીધા પછી. દારૂ, માંસ, માંસમાં પણ ઘણી બધી વસ્તુ આવી જાય માત્ર માંસ એટલે પેલું પશુનું માંસ તથા જે દવાઓમાં માંસ ભરેલું હોય એટલું જ નહિ, એ તો ન જ લેવાય. અનાજ પણ શોધીને જમવું જોઈએ. બહારનું ન જમાય એ વિશેષ સારું છે. અત્યારના દેશકાળ એવા છે કે બધાને બહાર જમવું પડે છે એ મોટી તકલીફ રહે છે, પરંતુ જેમ બને તેમ એવી વ્યવસ્થા કરવી જોઈએ કે એવી અશુદ્ધ વસ્તુ બહારની ન લેવાય તો સારું. મન, કર્મ, વચને ચોરી નહિ કરવી જોઈએ. અત્યારે ચોરીએ તો આખા વિશ્વને અભડાવી મૂક્યું છે. થોડા ભક્તોને બાદ કરતા ચોરીરૂપી ભ્રષ્ટાચારના પ્રલોભને કોઈને છોડ્યા નથી.

બાપા પાસે એક સોની આવ્યો, તો બાપાને પ્રાર્થના કરી કે, બાપા! મારું કલ્યાણ કરજો. પછી બાપા તો અંતર્યામી. તો બાપા કહે, ચોરી ન કરે તો અમે કલ્યાણ કરીએ. ત્યારે એ વિચારમાં પડ્યો. થોડી વાર રહીને કહે, બાપા! અમારો ધંધો જ એવો કે ચોરી ન કરીએ તો પૂરું જ ન

થાય. બાપા કહે, તો ત્યાંએ પૂરું ન થાય. તો કહે, શું કરવું? બાપા કહે, તમારી ઈચ્છા. ચોરી ન કરો તો પૂરું કરીએ. પછી કહે, સારું બાપા, હું નક્કી કરીને કાલ કહી જઈશ. ભલે કહે કે, કાલે આવજે. પછી એ તો ઘરે ગયો. એમના ઘરના મનુષ્યને પૂછ્યું, કે બાપાએ તો આવું કહ્યું છે તો હવે આપણે શું કરવું? એના ઘરનું મનુષ્ય બળવાન હતું. એ કહે, બીજું શું થવાનું હતું પૂરું નહિ થાય તો બીજું શું થશે? દેહ પડી જશે કે બીજું કાંઈ થવાનું છે? દેહ પડી જશે તો પૂરું કરીને ધામમાં તો લઈ જશેને? તો ઓછી ઉપાધી! આપણે સાધન કરવા મટ્યા! એક જ સાધન કરવાનું રહ્યું. ચોરી ન કરવી. ત્યારે હવે એક સાધનથી પતતું હોય તો બીજી લપ શું કામ કરવી? પછી દેહ મૂક્તી વખતે શ્રીજીમહારાજ અને બાપાશ્રી તેજોમય દર્શન આપીને આખા ઘરના મનુષ્યોને તેડી ગયા. બાપાશ્રીનું વચન માન્યું તો બધાને મહારાજ અને બાપા દર્શન દઈને તેડી ગયા. પણ ભગવાને એટલી બધી કસોટી કરી ચોરી માટેની, પણ એને પાર ઉતારી દીધો. ઘરના મનુષ્યે આમ કહ્યું એટલે પૂરું થયું.

વટલવું નહિ ને વટલાવવું નહિ એ વ્યાપક અર્થમાં એવું થાય છે કે જેનું તેનું જમવા માંડીએ તો ઠેકાણું ન રહે. પછી અશુદ્ધ આહાર ખાવાથી બુદ્ધિ પણ બગડી જાય. માટે વટલવું નહિ ને વટલાવવું નહિનો બીજો પણ મોટો અર્થ છે કે મન અપવિત્ર થાય એવું એક પણ ઇંદ્રિયથી કાર્ય થવું

જોઈએ નહિ, નહિતર આપણે વટલ્યા કહેવાઈએ. આપણે પણ કોઈને એવો વિચાર આપીએ કે એ ભગવાન ભૂલી જાય તો આપણે એને વટલાવ્યો કહેવાય, બીજાને પણ ભગવાનનો સંબંધ થાય એવી વાતો કરવી. તો એ પાંચમું વર્તમાન બરોબર પાળ્યું કહેવાય. એને પણ મન એવું પવિત્ર થઈ જાય કે જેથી ભગવાનની મૂર્તિ એકદમ દેખાવા લાગે. માટે ભગવાનની આજ્ઞાઓ પાળવાથી પાત્ર થવાય છે અને ભગવાનના દિવ્યસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

## ૩૧૬

### શ્રીજીમહારાજનું અક્ષરધામ ક્યાં છે? અને તેમાં શ્રીજીમહારાજ શું કાર્ય કરે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય ત્યારે બધી જ અલૌકિક વાતો સમજાય છે. ભગવાન શું કરે છે? ભગવાન આમ જ ઊભા છે ત્યાં અક્ષરધામમાં? કોઈ ક્રિયા જ નથી કરતા? શું કરે છે આખો દહાડો? એવા ય પ્રશ્નો થાય કે નહિ? અક્ષરધામમાં શું કરે છે? અક્ષરધામ કોઈ જગ્યા છે? નહિ. એ અક્ષરધામ મર્યાદિત નથી. ભગવાન તો અમર્યાદિત છે. મહારાજનું અક્ષરધામ બધે જ છે. જે જગ્યાએ મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યાં ભગવાનનું અક્ષરધામ. ત્યાં મહારાજની દિવ્ય મૂર્તિ. દિવ્ય

મૂર્તિના સુખમાં જ્યારે થીજી જવાય છે ને ત્યારે એ મુક્તોની વાત જુદી છે અને મુક્તો જ્યારે સુખમાં થીજી જાય ત્યારે એ સુખ સિવાય બીજું જાણપણું રહેતું નથી.

ભગવાનની ઈચ્છા થાય ત્યારે મહારાજ અનંતકોટી બ્રહ્માંડોમાં વિચરે છે. અત્યારે પણ કોઈને કોઈ બ્રહ્માંડમાં મહારાજ મનુષ્યરૂપે વિચરે છે. ત્યારે પોતાના અનંત મુક્તોના સ્વરૂપો પણ ત્યાં પોતાની સાથે ધારણ કરાવીને સાથે લઈ જાય છે. એ મનુષ્યસ્વરૂપમાં જે લીલા કરે છે એ દિવ્યસ્વરૂપમાં અલૌકિક રીતે અનુભવાય છે. એ મુક્તોને જ્યારે સુખમાંથી જાણપણું કરાવે, ત્યારે એ પણ સુખના આનંદરૂપ જ લાગે છે. એવી ભગવાન લીલાઓ કરે છે. પરભાવમાં પણ એવું લાગે છે. પણ ત્યાં અવરભાવની જે ક્રિયાઓ છે એનાથી એ અલગ પડે છે. ત્યાં કોઈ માયિકભાવ છે જ નહિ. ગોલોક, વૈકુંઠ સુધી સ્ત્રીભાવ છે. ત્યાં લક્ષ્મીજી, રાધીકાજી જેવા સ્વરૂપો છે, અક્ષરધામમાં એ સ્વરૂપો નથી. અક્ષરધામમાં તો મહારાજનું દિવ્યસ્વરૂપ છે. ત્યાં મુક્તોના સ્વરૂપ પણ એવા જ દિવ્ય છે. અને આ બધા વૈકુંઠ - ગોલોક ધામ છે એ પણ દિવ્યધામ છે. ત્યાં પણ નિર્વિકારીતા છે, બધું જ છે, દિવ્યધામ પણ ખરા. મનુષ્યભાવ ત્યાં નથી, પણ દિવ્યતામાં ફરક છે.

## ૩૧૭

## અવતાર અને અવતારીના ભેદ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજની મૂર્તિનું સુખ બહુ જ અધિક છે અને મહારાજ એ બધાનું નિયમન કરે છે. બધા જ ધામો, સૂર્યના તેજમાં તારા-ચંદ્રો જેમ લીન થઈ જાય છે ને! વિલીન કરી નાંખે છે, એમ ભગવાન પણ પોતાના સ્વરૂપમાં બધાને લીન પણ કરી નાંખે છે. એટલે સ્વામિનારાયણ ભગવાન એ સર્વોપરી ભગવાન છે, અવતારી છે. એમાંથી જ બધા અવતારો પ્રગટ થયા છે. એમાં લેશમાત્ર ફરક નથી અને જે કોઈ માત્ર શબ્દોમાંથી અર્થ ઝીલે છે એને ખબર નથી. જ્યારે અવતાર - અવતારીમાં ભેદ નથી એમ કહે છે, ત્યારે એને અનુભવજ્ઞાન નથી એ સ્પષ્ટ છે. એ કેવી રીતે એમ કહી શકે કે અવતાર અને અવતારીમાં ફરક નથી? શબ્દોના અર્થ જુદી જુદી જગ્યાએ જુદા જુદા છે, એક સરખા નથી. તો એ ત્યારે જ એમ કહી શકે કે જ્યારે એને અનુભવે એ સ્વરૂપના દર્શન થાય ત્યારે. ત્યાં સુધી કેવી રીતે કહી શકે? જુએ ત્યારે ખબર પડેને? કઈ કઈ ભૂમિકાઓ ક્યાં ક્યાં? કેવી છે? કેમ છે? મહારાજ દેખાડે ત્યારે જ ખબર પડેને?

ભગવાન સ્વામિનારાયણનું એવું સર્વોપરી દિવ્યસ્વરૂપ છે કે જેમાં અનંત અવતારો તેમ જ અનંત

ભૂમિકાઓ ભગવાન પોતે વિલીન કરી નાંખે છે. એવું એ ભગવાનનું દિવ્યસ્વરૂપ છે. એ દિવ્યસ્વરૂપની આપણને બધાયને પ્રાપ્તિ થઈ એ થોડી વાત છે? આવી વાત સમજીએ. ભગવાનનું જો આવું સર્વોપરી સ્વરૂપ સમજાયું હોય તો કોઈ સામાન્ય કચાશો રહે ખરી? કોઈ ભય રહે ખરો? કોણ ડરાવી શકે એને? જેની સાથે ભગવાન સ્વામિનારાયણ હોય એને કોઈ વસ્તુથી ડરવાનું રહે ખરું? ભય માત્ર જાય. નિર્ભય બની ગયા. ભગવાને આપણને નિર્ભયપદ આપી દીધું. સ્વામિનારાયણ ભગવાનને આવી રીતે સર્વોપરી સમજે અને એનો નિશ્ચય બરોબર થાય અને એની આજ્ઞાઓ બરોબર પળાય, તો બેડો પાર અને આજ્ઞાઓ એવી અઘરી પણ નથી. કઈ આજ્ઞા અઘરી છે કહો? આખી શિક્ષાપત્રી વાંચો. કઈ આજ્ઞા અઘરી છે કહો? અઘરી તો નથી. એ પાળી શકાય એવી છે. બહુ સરળ માર્ગ છે. વિશ્વમાં કોઈ માર્ગ સરળ હોય છતાં સંપૂર્ણ હોય તો ભગવાન સ્વામિનારાયણનો માર્ગ છે. એ સરળ ને સંપૂર્ણ છે, બાકી બધા કઠીન અને અપૂર્ણ છે. આ હકીકત છે અને આ હકીકત આપણે બધાને સમજાવી શકીએ એમ છીએ.

## ૩૧૮

## અનાદિમુક્તની વાણી-વાતો પ્રમાણભૂત કહેવાય તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અનુભવવાણી એ પ્રમાણભૂત વાણી છે અને શબ્દોના અર્થ ઉપરથી સમજાયેલી જે વાતો છે એ બરાબર પ્રમાણભૂત ન ગણી શકાય.

## ૩૧૯

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તના ચરિત્ર અને વાતો કેવી રીતે સમજાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ગોપાળાનંદ સ્વામીની વાણીએ ભગવાન સર્વોપરીની વાતો ખૂબ સારી કરી છે. એ સંતો પાસેથી સાંભળવી. તેમને બધું કંઠાગ્ર હોય છે. મેં તો પરભાવની થોડી વાતો સાંભળેલીને! એ તમારી પાસે મૂકી. આ બધી વાતો સદ્‌ગુરુઓ પાસેથી જાણી લીધેલી. હવે મહારાજે જે જે ચરિત્રો કર્યાં એ બધી વાતો સાંભળવાનો આનંદ ઓર આવેને? એ વાતો દિવ્યભાવમાં સમજાય છે. કોઈ પણ દિવ્ય પ્રસંગો કહે ત્યારે દિવ્યભાવમાં સાંભળવાથી આનંદ આવે.

## ૩૨૦

## અનાદિમુક્તોમાં અરસપરસ આત્મીયતા અને સંપ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાત બરાબર યાદ રાખવાની કે મહારાજની

મૂર્તિમાં રહેલા અનાદિમુક્તોમાં કેટલું બધું રસબસપણું! કેટલી બધી આત્મીયતા! કેટલી બધી એકતા! એમાં કોઈ દિવસ સંપ ન હોય એવું બને ખરું? બાપાએ એમ કહ્યું છે કે આ આખી સભા અક્ષરધામમાં છે, અક્ષરધામનું સુખ અનુભવશે. ત્યારે આ સભાની પ્રશંસા, પરમદયાળુ બાપાશ્રીએ સ્વમુખે કરી તો સારોય સત્સંગ સંગઠિત રહે, મતભેદ કે મનભેદ તો કોઈ દિવસ થાય જ કેમ? મહારાજની મૂર્તિમાં રહ્યા પછી મનભેદ શું રહે? મન તો ક્યાંય ગયું. માયિક મન તો ફગાવી દીધું. બાપાએ દેહભાવ તો ઉડાડી દીધો કે ગોત્યો ય જડે નહિ. તો પછી આવું બધું યાદ કરી શું કામ લીલા કરવી પડે? એક થઈને રહીએ, બધા સાથે મળીને કામ કરીએ.

## ૩૨૧

### કોઈ પણ અસ્થિરતા કે આવેગ કોને આવવા સંભવ નથી? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે શું કહ્યું? શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય. તે તેજની અંદર મહાપ્રભુજી અને તેમના અનાદિમુક્ત શીતળતા વરસાવે છે. તો આપણા મગજ પણ કેટલા શીતળ હોવા જોઈએ? આપણે આવેશમાં આવવું એ આપણા માટે અશક્ય થવું જોઈએ. આપણે કોઈને એમ કહી શકીએ કે ભાઈ! આવેશ, આવેગ, ક્રોધ તો અમારી

ડીક્ષનરીમાં જ નથી. આપણા શબ્દકોષમાં છે ખરો? અનાદિમુક્તના શબ્દકોષમાં આ શબ્દ બતાવો.

## ૩૨૨

**સર્વોપરી પરમાત્માની ઉપાસના કરવાથી બીજી ઉપાસનાનો ભંગ થતો નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સર્વોપરી પરમાત્માની ઉપાસના કરવાથી બીજી ઉપાસનાનો ભંગ થતો નથી. પતિવ્રતાની ટેક જતી નથી. જેમ રામચંદ્રજીથી શ્રીકૃષ્ણનો અવતાર મોટો. જો રામચંદ્રજી ભગવાનનો ભક્ત હોય અને શ્રીકૃષ્ણમાં જોડાઈ જાય તો એની ઉપાસનાનો ભંગ થતો નથી. ત્યારે ભગવાન સ્વામિનારાયણ માટે તો નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યુંને કે કોટી કૃષ્ણ કર જોડી કોટી કૃષ્ણ હાથ જોડીને ભગવાન સ્વામિનારાયણની સેવામાં ઊભા છે. તો ઉપાસનાની બાબતનો એક પ્રસંગ તમને કહું. અક્ષરપુરુષોત્તમ મંદિર જે શાહીબાગમાં છે, એમાં એક ઈશ્વર સ્વામી કરીને હતા, હર્ષદભાઈના દીકરા એ સંત છે. એમણે એક પ્રસંગે મને નિમંત્રણ આપીને પરાણે બોલાવ્યો. હું ગયો. ત્યાં હરે કૃષ્ણના ભક્તજનો એવી મસ્તીમાં કૃષ્ણની ધૂન લગાવતા હતા કે આપણને એમ થાય કે આટલી બધી લગની! એ વાતનો પ્રોગ્રામ પૂરો થયા પછી અક્ષરપુરુષોત્તમના એક

ભક્તજને ઊભા થઈને ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી કહ્યા. કૃષ્ણ કરતાં અનેક ગણા મોટા! તો એનું તબલું લઈને મારવા દોડ્યો! કે તારું માથું તોડી નાંખું! અમારા કૃષ્ણથી તું તારા ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ કહી મોટા કહે છે? એટલે હું કેમ સાંભળી શકું? બધાએ એને પકડી રાખ્યો. પેલા બધા એમ બોલ્યા કે ભાઈ, હવે શમાવી લો. સ્વામીએ I am sorry એમ કહ્યું. હવે આપ બેસો.

હું ત્યાં હતો. મેં કહ્યું ભાઈ Sorry શા માટે? મેં કહ્યું જુઓ, I am not sorry, હું ઊભો થયો. હું દિલગીર નથી. આપ શ્રીકૃષ્ણ ભગવાનને સર્વોપરી પરમાત્મા માનો છો બરાબર? તો કહે હા. અચ્છા. તમે ભગવાનની મસ્તીમાં ખૂબ હતા એ જોઈને ખુશી થઈ, પણ તમે ભગવાન શ્રીકૃષ્ણને જોયા છે દિવ્યસ્વરૂપમાં કહો? જો તમે હા કહેશો તો એનો જવાબ હું આપીશ. જો તમે દિવ્યસ્વરૂપમાં રહેતા હો અને ભગવાન શ્રીકૃષ્ણને જોયા હોય તો તમે આટલો ક્રોધ કરો ખરા? શ્રીકૃષ્ણ ભગવાનમાં ક્રોધ છે ખરો? પરમાત્મામાં ક્રોધ હોઈ શકે? એના મહામુક્તોમાં ક્રોધ હોય? તમે મહામુક્તો કહેવડાવો છો એ ખોટું છે. તમે શ્રીકૃષ્ણ ભગવાનને દિવ્યસ્વરૂપમાં જોયા નથી. How can you say that Shri Krishna is superior to Lord Swaminarayan? You have not right to say? તમારામાંથી એક જણ ઊભા થઈને કહો કે મેં ભગવાન

શ્રીકૃષ્ણને દિવ્યસ્વરૂપમાં જોયા છે પછી આપણે આગળ ચાલીએ. કોઈ ઊભા ન થયા. મેં કહ્યું જો તમે હા પાડી હોત તો હું તમને પૂછત કે આ ભીંત પાછળ શું ચાલે છે એ તો કહો? આવરણ હટ્યું દીવાલનું? ત્યારે ભાઈ, ભગવાન સ્વામિનારાયણ શ્રીકૃષ્ણથી superior નથી એમ ન કહી શકાય. હું કહું છું કે He is superior. મને એવા સંત મળ્યા છે કે જેમણે આરપાર જોઈને મને કહી દીધું. એમણે એમ કહ્યું કે અનંત બ્રહ્માંડ સોંસરું હું દેખું છે. અને તમે તો દિવ્યદર્શન થયા પહેલા તબલું લઈને મારવા દોડ્યા એ અધિકાર છે? તમે શ્રીકૃષ્ણ ભગવાનના ગુનેગાર થયા. Now you say we are sorry, we are not sorry બરાબર છે ને? પછી કહે, અચ્છા ચાલો forgive each other. આપણે એકબીજાના વાંક ભૂલી જઈએ. તો જુઓ, ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવથી ખબર પડે. જ્ઞાનથી સમજાવી શકાય છે, પણ ખરું તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવનો પ્રશ્ન છે. તો મારું કહેવું એમ છે કે આપણે કોઈને ફરજ નહિ પાડવાની, પણ પ્રેમથી સમજાવી શકાય. અને જો એ પોતાના અવતારોની ઉપાસના મૂકી દે અને સર્વોપરી તત્ત્વમાં જોડાય, તો ઉપાસનાભંગ ક્યાં રહ્યો? એ બધા જ અવતારો એ તત્ત્વમાંથી જ પ્રગટ થાય છે ને એમાં જ લીન થાય છે તો પતિવ્રતાની ભક્તિ ક્યાં ગઈ? જતી નથી. આપણે

તુલસીદાસજીના જેવી પતિવ્રતાની ભક્તિ કરવી. તે માટે આપણે પતિવ્રતાની કેટલી હદે જતા રહેવું જોઈએ વિચારો.

## ૩૨૩

## અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના જીવન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રીનું જીવન એ સર્વોપરી અધ્યાત્મશાસ્ત્ર પોતે જ હતું. બાપાશ્રીનું જીવન જે જાણે એને કોઈ જ્ઞાન પામવાનું બાકી રહે નહિ. જેનું જીવન જ સ્વયં અધ્યાત્મશાસ્ત્ર છે, જે બધાયના કલ્યાણને માટે અનુકરણીય - અનુસર્ય છે. સારાય સત્સંગ સમાજને તેમ જ સારાય વિશ્વને એમના આ સર્વોપરી અધ્યાત્મશાસ્ત્રરૂપ જીવનની જાણકારી થાય તો આ સર્વોપરી દિવ્યજ્ઞાન તેમના હૃદયમાં, તેમના મનમાં ઉતરે, તેમના જીવનમાં પરિવર્તન થાય અને સારુંય વિશ્વ કલ્યાણને માર્ગે વળે. તેથી આપણી તો પરમ ફરજ છે. આપણા ઉપર એમના એટલા બધા ઉપકારો છે. એમણે એવા છેલ્લા આશીર્વાદ આપી દીધા કે તમને મૂર્તિમાં રાખ્યા. એવા કોઈ તો દિવ્ય પુરુષ કે વિભૂતિ બતાવો કે જે પાત્ર-કુપાત્ર, પાત્ર-અપાત્ર જોયા સિવાય કેવળ કરુણા કરી મૂર્તિમાં રાખી દે. એવો પુરુષ બતાવો!

## ૩૨૪

**સભામાં ક્ષમાયાચના પ્રાર્થના કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મોટા-મોટા સંતો એમ કહેતા કે જ્યારે દિવ્યસભા ભરાય, ત્યારે ગમે તેવી ઊંચી સ્થિતિવાળા આપણે બધા હોઈએ છતાં પણ ભગવાનના રાજીપા અને પ્રસન્નતા માટે આપણે ક્ષમાયાચના કરવી જોઈએ. એ અનુસાર હું પણ આ દિવ્યસભામાં પ્રાર્થના કરું છું કે જાણ્યે અજાણ્યે આ દેહથી, મનથી આ જીવથી તો થતો જ નથી બાપાની એ કૃપા છે, મનુષ્યભાવ કદીયે પરઠાતો નથી. જે બીજે આજ્ઞામાં થોડી કસર જોવા મળે છે એના વિષે પણ મનુષ્યભાવ આવતો નથી. તો આ દિવ્યસભાને વિષે મનુષ્યભાવ આવવાનો ક્યાં પ્રશ્ન જ આપણને કોઈને રહે છે? તો આવો દિવ્યભાવ સદાય આપણે રાખવાનો છે. એ સદાય રહે અને સદાય મૂર્તિનો આનંદ રહે એવા રૂડા આશીર્વાદ આપ સૌ આપજો. એવી પ્રાર્થના આપણે સૌએ મહારાજ પાસે કરવી.

## ૩૨૫

**સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અચળ વિશ્વાસ દૃઢ કરીને રાખ્યો ક્યારે કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી**

## નારાયણભાઈ શું સમજાવે છે?

કોઈકે એમ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણે એમ કહ્યું કે ગધેડા ઉપર બેસાડે તો ય રાજી રહેવું અને હાથીએ બેસાડે તો ય રાજી રહેવું. તો કહે એનું શું કારણ? ત્યારે ભગવાનના સંતે શું જવાબ આપ્યો ખબર છે? કે ભાઈ! એ બેમાંથી પશુ કોણ નહિ? બેય પશુ. આ મોટું પશું અને આ નાનું પશુ. એ તો તમારો મોહ છે કે આ હાથી. હાથી તો ઉલટો વળગણરૂપ છે, ગધેડો ઉપયોગી છે. એટલે એ દૃષ્ટાંત દ્વારા મહારાજ એમ કહે છે કે હું રાજી થાઉં એમ રહેવાનું, એમાં સંકલ્પ નહિ કરવાનો કે આમ કેમ કર્યું મહારાજે? એ question (પ્રશ્ન) જ રહેતો નથી. એવો વિશ્વાસ રાખવાનું આપણને કહે છે. એ અચળ વિશ્વાસ એવો દૃઢ કરી રાખવો કે માથું ઉડાડી દે તો ય ફિકર થાય નહિ.

# ૩૨૬

## આપણને શ્રીજીમહારાજના સ્વરૂપમાં રાખ્યા પછી ગડમથલ અને સંકલ્પ-વિકલ્પ શા માટે થાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

હનુમાનજીની જેમ આમ કરીને (માથે હાથ દઈને) બેઠા છે અને લંકા ઓળંગવી છે. વચમાં જબરજસ્ત મોટો સમુદ્ર છે. હવે જવું કેમ? છૂટકો છે નહિ. આટલો બધો લાંબો સમુદ્ર ઓળંગવાનો કેમ? તો હાથ ઊંચા કરીને બેઠા. ત્યાં

જાંબુવાન આવ્યા. તે કહે, કેમ હનુમાનજી! તમે આમ કરીને બેઠા છો? તો કહે, લંકાની ભાળ કરવા જવું છે, પણ હવે વિચાર કરું છું કે આ સમુદ્ર કેવી રીતે ઓળંગવો? અરે! શું તમે? ભગવાનના ભક્તને - રામના ભક્તને આટલો સમુદ્ર ઓળગંવો એ કંઈ બહુ મોટી વાત છે? મારો છલાંગ! પછી હનુમાનજીએ શ્રીરામ કહીને છલાંગ મારી તો ઊલટું લંકાની મધ્યમાં પડ્યા જઈને! દરિયો તો એક કોર રહ્યો! ત્યારે એમને ખ્યાલ આવ્યો પોતાની શક્તિનો કે તેમનામાં મહાશક્તિ શ્રીરામ પરબ્રહ્મ પરમાત્માની શક્તિ રહેલી છે.

તો ભગવાન સ્વામિનારાયણના આપણે બધા ભક્તો એમાં કંઈ ઓછી શક્તિ છે? બિલકુલ નહિ. આપણે સભાન થયા નથી. ત્યારે કોઈએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનના સ્વરૂપમાં રાખ્યા પછી આ શું ધમાલ? તો ભગવાન જવાબ આપે છે - પહેલા તમારા ચૈતન્યને મૂર્તિમાં રાખ્યા પછી વર્તમાન ધરાવું છું ત્યારે ખરેખર તમારા ચૈતન્યને મુક્ત કરીને બધા આવરણો હટાવીને મૂર્તિમાં રાખું છું, પણ એ પોતાના પૂર્વના સ્વભાવને લીધે એને સંકલ્પ - વિકલ્પ થાય છે. એટલે મારી કૃપા જે સુખ એને એ ઝીલી શકતો નથી. એટલે એને આટલી ગડમથલ ચાલે છે. ત્યારે મહારાજ! તમે મને સ્વરૂપમાં રાખ્યો તો મારો હાથ પકડેલો છોડી દીધો? કહે, ના એને આકર્ષણ કરીને એવો રાખ્યો છે કે ખસી શકે નહિ. ત્યારે આપણો હાથ પકડી રાખ્યો, પણ આપણા

સ્વભાવ અને આપણા જે સમજણના અંગો છે તે બરાબર નથી. એ પાત્રતાને લાવવા માટે મહારાજ એવા સંકલ્પો-વિકલ્પો દ્વારા આપણને ભાન કરાવે છે કે તમે અમારી આજ્ઞાનો કાંઈક લોપ કરતા હશો ખરા. માત્ર આકર્ષણ કરીને રાખ્યા છે, પણ સ્વરૂપનું જેવું સુખ છે એવું ઝીલી શકતા નથી એટલે શું કરે? પછી બાધિતાનુવૃત્તિ દૂર થઈ પાત્ર થાય ત્યારે જ મૂર્તિના સુખનો અનુભવ થાય છે.

# ૩૨૭

## વચનામૃત જયંતીના મહિમા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વચનામૃત જયંતીના દિવસે તો મહારાજની કૃપા આપણા પર સહેજે ખૂબ ઊતરે. એ દિવસનો મહિમા અગાધ છે. ત્યારે દિવસનો પણ મહિમા છે. એ આધારે કે આજે ભગવાન સ્વામિનારાયણના મુખમાંથી આ વાણી સરે છે. અને સારાય બ્રહ્માંડને પાવન કરી દીધું. આ દિવ્ય વાણીના આંદોલનો સારાય બ્રહ્માંડમાં પ્રસરે છે. એ પાત્રતા જેને થાય છે તેના ચૈતન્યમાં આ વાણીના આંદોલનો ગુંજે છે. જેમ રેડિયોની અંદર અમુક પ્રકારની વેવલેંથ હોય તો એ આંદોલનોનો સ્પર્શ થાય છે. તેમ જે-જે જીવો ભગવાન સન્મુખ વળે છે, ભગવાન સ્વામિનારાયણને ઓળખે છે, તેના ચૈતન્યમાં આ વાણીના આંદોલનો ગુંજે છે અને એને

દિવ્યરૂપ કરી મૂકે છે.

## ૩૨૮

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તોને આવવા-જવાપણું નથી અને શ્રીજીમહારાજ ક્યારેય એકલા નથી એવું કંઈ રીતે?

બાપાએ એમ કહ્યું હતું કે શ્રીજીમહારાજનું પ્રગટ થવાપણું અને અંતર્ધાન થવાપણું બંને એક સરખું છે. બંનેનો મહિમા એક સરખો છે. એમ મહારાજના મુક્તોમાં પણ એમ જ છે. એમને આ લોકમાં દર્શન આપે અને અદૃશ્ય થાય બંને એક જ છે. કારણ, આવવા-જવાપણું જ નથી. તેઓ તો જીવોના કલ્યાણ માટે દેખાયા અને કલ્યાણ કરી સ્વરૂપ બંધ કર્યું. જેમ શ્રીજીમહારાજ પ્રતિમા સ્વરૂપે પ્રત્યક્ષ છે, એમ તેમના મુક્તો પણ સદાય પ્રત્યક્ષ રહે છે. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સોમચંદભાઈ જેવા મહામુક્ત એ બધા જ જેમ મહારાજ પ્રગટ છે એમ મુક્તો પણ પ્રગટ છે. બ્રહ્માનંદ સ્વામી પોતે એક વાર મૂર્તિમાંથી બોલ્યા હતા. અત્યારે એ મૂર્તિ મૂળીમાં છે એ મૂર્તિમાંથી બ્રહ્માનંદ સ્વામી પોતે બોલ્યા હતા. મહારાજ જેમ પ્રગટ છે એમ મુક્તો પણ પ્રગટ છે જ. પરંતુ મૂર્તિરૂપે દેખાય છે. જેવા ચર્મચક્ષુ મટીને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થાય કે તરત જ પ્રતિમાભાવ જતો રહે છે. અને દિવ્ય સ્વરૂપમાં જેવા છે એવા જ દેખાય છે. એ જ

આપણને વાતો કરે છે. એવા જ આશીર્વાદ વરસાવે છે. ત્યારે મહારાજ અને મુક્તો અનાદિથી ભેગા છે. મહારાજ કોઈ દિવસ એકલા નથી. જ્યારથી મહારાજ ત્યારથી મુક્ત ભેળા જ હતા. એમ બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મુક્તો મહારાજના ભેળા અનાદિથી છે. એ તો અહીંયા મહારાજ સાથે આવ્યા. જીવોનું કલ્યાણ કરવા માટે. ભગવાન પોતાના મુક્તોને લાવેને? મુક્ત દ્વારા પાછા પોતાને (ભગવાન) ઓળખાય એવું કરે છે. પાછા પોતે જેવા છે એવા ઓળખાવે હોં.

## ૩૨૯

### બધા જ અવતારો દ્વારા જે ચરિત્રો થયાં એ બધા ભગવાન સ્વામિનારાયણના છે?

બધા જ અવતારો દ્વારા જે ચરિત્રો થયાં એ બધા ભગવાન સ્વામિનારાયણના છે. વાત બરોબર છે. ભગવાનના સંકલ્પથી એ અવતાર પ્રગટ થયા અને એ અવતારોમાં આવિર્ભાવ મૂકી ભગવાન સ્વામિનારાયણે જીવોને પાત્ર કરવાને માટે જુદા-જુદા ચરિત્રો કર્યાં. એ અવતારો દ્વારા ચરિત્રો કર્યાં ને જીવોને પાત્ર કર્યા. ધર્મ-નિયમ-ભક્તિવાળા કર્યા. રામચંદ્રજી દ્વારા આદર્શ ધર્મ શીખવ્યો. આદર્શ ધર્મ કોને કહેવાય એ ભગવાન રામચંદ્રજી દ્વારા ભગવાન સ્વામિનારાયણે બતાવ્યો. પ્રેમલક્ષણા ભક્તિ

કોને કહેવાય એ ગોપીઓ દ્વારા શ્રીકૃષ્ણ ભગવાને બતાવ્યો. ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કોને કહેવાય એ ભગવાન સ્વામિનારાયણે શ્રીકૃષ્ણના અવતાર દ્વારા બતાવ્યું. આવિર્ભાવ સ્વામિનારાયણ ભગવાનના થયા માટે ચરિત્રો તો એમના જ કહેવાય. વળી બાપાએ એમ પણ કહ્યું કે વેદવ્યાસજી પુરુષ-પ્રકૃતિમાંથી આગળ જતા નથી. એ વાત બરોબર છે. મૂળપુરુષથી આગળ જતા નથી. મૂળપુરુષ એ શ્રીકૃષ્ણ ભગવાન. શ્રીકૃષ્ણ ભગવાન સુધી વેદવ્યાસજી બધું જ કહે છે. સૌથી મોટો અવતાર શ્રીકૃષ્ણનો થયો. એ જ્ઞાન ત્યાં સુધી રહ્યું. અને લોકોએ શ્રીકૃષ્ણ ભગવાનને પુરુષોત્તમ ધારીને ભજન કર્યું. ભગવાન સ્વામિનારાયણે આ અવતાર દ્વારા જેટલું કરવું જોઈતું હતું એ બધું જ કર્યું.

## 330

## શ્રીજીમહારાજ રચિત શાસ્ત્રો અને તેમના સ્વરૂપનું ચિંતન, મનન અને નિદિધ્યાસ કરવાનું શું મહત્ત્વ છે?

એમ કહેવાય છે કે વર્ષો સુધી દર્શન કરો, કથા કરો પણ ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી. વાત બરોબર છે. કારણ કે દર્શન અને કથા પછી જો ચિંતન, મનન અને નિદિધ્યાસ, એ નિદિધ્યાસ થાય નહિ તો સાક્ષાત્કાર કેવી રીતે થાય? માટે જે સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો હોય એ સ્વરૂપના જ ચરિત્રોનું ચિંતન મનન થાય. જો ભગવાન

સ્વામિનારાયણનો ખરેખર તેમના ભક્તોએ સાક્ષાત્કાર કરવો હોય તો એના સ્વરૂપનું જ ચિંતન થાય. એમના જ શાસ્ત્રનું મનન થાય. અને બધા શાસ્ત્રોને આ શાસ્ત્રમાં લીન કરી નાંખે તો એ ભગવાનનું ચિંતન-મનન અને નિદિધ્યાસ થઈને સાક્ષાત્કાર થાય. નહિતર એ થાય નહિ.

## ૩૩૧

## શ્રીજીમહારાજના દિવ્ય વસ્ત્રો વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રીએ કહ્યું કે માનસી પૂજામાં ચિત્ર-વિચિત્ર વસ્ત્રો ધારવા નહિ. દિવ્ય વસ્ત્રો ધારવા. મહારાજના દિવ્ય વસ્ત્રોમાં ભગવાનનું એકે અંગ ઢંકાતું નથી. દિવ્ય વસ્ત્રો પહેરેલાં છતાં પણ મહારાજનું અંગ ઢંકાતું નથી. એનું નામ દિવ્ય વસ્ત્રો. અત્યારે તોરા પહેર્યા છે. હાર પહેર્યો હતો એ કાઢી નાંખ્યો, આવરણરૂપ હતો. મહારાજ એમ કહે છે આ તોડા, ઘરેણાં એ બધા જ મારા સ્વરૂપને ઢાંકી દે છે. જ્યારે તમારી દિવ્ય સ્થિતિ થાય ત્યારે એ બધા જ વસ્ત્રોમાંથી સ્થૂળભાવ દૂર થઈને દિવ્ય બની જાય છે. ત્યારે એ દિવ્ય વસ્ત્રોમાં ભગવાન જેમ છે તેમ જ દેખાય છે. ત્યાં કોઈ વસ્ત્ર વિહીનતા જેવું પણ નથી. અને વસ્ત્ર જેવું પણ નથી. ત્યારે એ દિવ્ય વસ્ત્રોમાં રહેલા ભગવાન ખરેખર વસ્ત્ર વિહીન દેખાય છે. બધા જ અંગો સ્પષ્ટ દેખાય છે. કોઈ જ આવરણ

નથી. ભગવાને પહેરેલી દિવ્ય કંઠી પણ ભગવાનના એટલા અંગને ઢાંકતી નથી. ત્યારે આ કલ્પના ક્યાંથી આવે? કે દિવ્ય વસ્ત્રો કોને કહેવાય? અને એ દિવ્ય વસ્ત્રોમાં ભગવાન કેટલા દિવ્ય મનોહર દેખાતા હશે? આ દિવ્ય અનુભવ જેને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એને જ થાય. બાપાશ્રી તો મૂર્તિ નજરે જોઈને કહેતા હોય. એ દિવ્ય અનુભવ ભગવાન આપણને કરાવશે.

## ૩૩૨

**ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી અલૌકિક સ્થિતિ કેવી છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

અત્યારે વિજ્ઞાન કહે છે કે સાત-આઠ ગ્રહો સુધીએ પહોંચાતું નથી. તો એનાથી કેટલાય ગ્રહો પડ્યા છે. એનો તો ક્યાં પાર આવે? બરાબર છે. વિજ્ઞાન પણ એ સત્ય શોધવાને માટે આગળ વધ્યા જ કરે છે. તો પણ એ પાર પામતું નથી. તો આ ગતિનો ક્યાં પાર પમાય? આ ભૂમિકાઓ કહીને આ સર્વોપરી ભગવાનથી આગળ કાંઈ નથી એમ પોતે કહે છે. ભગવાને કહ્યું એમ કોઈએ કહ્યું નથી. બધા એમ કહે છે કે કાંઈક આગળ છે. મહારાજ એમ કહે છે કે ગોલોક સુધી ગરુડ ઊડ્યું પછી ગરુડ પણ ઊડી શક્યું નહિ, પછી અમે ઊડ્યા. અક્ષરધામમાં ગયા અમારા સિવાય કોઈ પુરુષોત્તમ દીઠો નહિ. ત્યાં એમ ન કહ્યું કે

પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં છે. ગોલોકથી અમે આગળ ગયા અને બધે ગયા પોતે પુરુષોત્તમ એક જ રહ્યા. એમ પોતે આવી રીતે દરેક જીવોને સમજાવવાને માટે કહ્યું. એમને ઊડવાનું હતું જ ક્યાં? માટે જો આવી રીતે સમજાવે નહિ તો સમજાય નહિ. અને બાપાએ સ્પષ્ટ કહ્યું કે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની આ સ્થિતિ. હવે એનાથી આગળ કાંઈ નથી. એમ અમે જોઈને કહીએ છીએ. અને મહારાજે પોતે કહ્યું બધું મારે તેજે તેજાયમાન છે. સર્વ કાંઈ. મારાથી પર કાંઈ નથી. હું પૂર્ણ પુરુષોત્તમ અવતારી પરમાત્મા છું. એમણે એટલા જોર-શોરથી કહી દીધું. અને બધાની ચોખ્ખીચટ વાત કહી દીધી.

## 333

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની શ્રીમુખવાણી શિક્ષાપત્રી અને વચનામૃત. આ બન્ને મહાન ગ્રંથોની વિશેષતા શું છે? અને આપણે બુદ્ધિવાન અને ઝીણી બુધ્ધિવાળા ક્યારે કહેવાઈએ?

સ્વામિનારાયણ ભગવાનના જે પાંચ વર્તમાન - પાંચ ideals અને શિક્ષાપત્રી અને વચનામૃત આ બે ગ્રંથના રહસ્યો સમજવા માટે જગતને તથા જગતના ચિંતકોને વર્ષો લાગશે એવા ગૂઢાર્થ પણ એમાં છે. અને જે નહિ ભણેલા હોય તેને પણ સમજી શકાય, જીવનમાં ઉતારી અને પોતાનું

જીવન નિર્મળ બનાવી શકે એવું પણ છે. ત્યારે આ તત્ત્વજ્ઞાન આ બે દૃષ્ટિએ એટલું સરસ-ઉત્તમ છે કે બિલકુલ ભણેલા ન હોય તે પણ આ બે ગ્રંથના માત્ર શ્રવણથી પોતાનું જીવન ઉન્નત બનાવી શકે એ એક વાત. બીજી વાત એ કે એની અંદર આ સાદી ભાષાની અંદર એટલું બધું તત્ત્વજ્ઞાન મૂકાયેલું છે કે અત્યારે વિશ્વના જે ચિંતકો છે એની પાસે જો આપણે અંદરના ગૂઢ રહસ્યો મૂકીએ તો તે પણ વિચારતા થઈ જાય.

જે ગહન રહસ્યો આપણા પાંચ મહાન સદ્‌ગુરુઓ કે જેમણે વચનામૃત શોધ્યા, વચનામૃત લખ્યા અને છપાવ્યા તે પણ વચનામૃતના ગહન રહસ્યો બરાબર સમજી શક્યા ન હતા. તેઓ એ રહસ્યો કોના થકી સમજ્યા? સર્વોપરી ગણાતા એવા મહાન અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામી દ્વારા. એક વર્ષ સુધી સ્વામીએ સમજાવ્યા. પણ તે સમજૂતી લખાઈ નહિ, લખવામાં આવી નહિ. અને એ પાંચ સદ્‌ગુરુઓ મહાન સમર્થ યોગેશ્વર એવા ગોપાળાનંદ સ્વામી દ્વારા સમજ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી જેવા સંત બોલ્યા કે હવે જે સુખ, શાંતિ અને દિવ્ય આનંદ સ્વામિનારાયણ ભગવાનમાંથી જે નીકળે છે, જે સુખ પ્રાપ્ત થાય છે એ હમણાં સમજાયું. ત્યારે વિચાર કરો કે આ સાદી ભાષામાં લખાયેલ શિક્ષાપત્રી અને વચનામૃત કેટલાં અગાધ! આપણે તેના સાદા અર્થ કરીએ છીએ. એના સ્થૂળ અને સૂક્ષ્મ અર્થો

જ્યારે જગત પાસે મૂકીએ ત્યારે આપણે બુદ્ધિવાન અને ઝીણી બુદ્ધિવાળા કહેવાઈએ.

## ૩૩૪

**આપણામા પાત્રતા ન હોવા છતા આપણને મોટા ભાગ્યશાળી, મહાન કોણે બનાવી દીધા? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

પરમાત્મા તો એક જ છે. અને પૂર્ણ પુરુષોત્તમ સંપૂર્ણ સ્વરૂપમાં ભગવાન સ્વામિનારાયણ રૂપે તે પરમાત્મા છે અને એ આપણા ભાગ્યમાં આવી ગયા! તો આપણા કેટલાં ભાગ્ય કે ભગવાન કૃપાસાધ્ય બન્યા! આપણામાં શું પાત્રતા છે બતાવો? છતાં પણ એના ઝપાટામાં - ખંપાળીમાં આવી ગયા તો આપણે મહાન બની ગયા. કૃપાસાધ્ય કોને કહે? રાજી થઈ જાય તો ખંડિયા રાજાને ચક્રવર્તી રાજા બનાવી આપે. તેમ આપણને પાત્ર ન હોવા છતાં પણ મહાન બનાવી દીધા.

## ૩૩૫

**આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના મહા અનાદિમુક્તોને કેવી રીતે રાજી કરી શકીયે? અને તે સંદર્ભે પૂજ્યશ્રી નારાયણભાઈએ ભગવાનને કઈ પ્રાર્થના કરી છે?**

આપણે ભગવાન સ્વામિનારાયણ અને તેમના મહા અનાદિમુક્તોનું દિવ્ય સ્મરણ કરીને તેમના ચરણમાં આપણા ચૈતન્યને સમર્પણ કરીને તન, મન, ધન અર્પણ કરીને ભગવાન સ્વામિનારાયણને રાજી કરીએ અને આપણા સંપર્કમાં આવે તેને ભગવાન સ્વામિનારાયણને જેમ છે તેમ બહુ વિવેકપૂર્વક, બહુ પ્રેમથી, મગજ ગુમાવ્યા વગર, સ્વસ્થ ચિત્તે આપણે જરૂર સમજાવીએ કે જેથી આપણે જો પાંચ જણને સમજાવીએને તો પાંચ બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે. તો આ સાર્ધ-શતાબ્દી નિમિત્તે આજે આપણે સંકલ્પ કરીએ કે આપણા સંબંધમાં આવ્યા હોય તેમને બધાને ભગવાન સ્વામિનારાયણ ઓળખાવીએ અને કહીએ કે ભાઈ! આ સ્વામિનારાયણ ભગવાનનું તત્ત્વજ્ઞાન અદ્ધરથી ઝીલો. આ છે. જુઓ, આ કેવી સારી વસ્તુ છે! એમ કરી અને એમને આપણે સમજાવવાનું કર્તવ્ય છે તે બરાબર સરસ રીતે આ સાર્ધ-શતાબ્દી નિમિત્તે પૂર્ણ કરી અને ધન્ય ધન્ય બની જઈએ એવી પ્રાર્થના ભગવાન સ્વામિનારાયણને કરું છું. તેમ જ ભગવાન સ્વામિનારાયણની કૃપાવર્ષા આપણા બધા ઉપર ઊતરે અને આપણો આ છેલ્લો જન્મ બની જાય એવા જે આપણને આશીર્વાદ મળ્યા છે એ આપણે બરાબર પાત્ર રહીને જાળવી રાખીએ એવો પણ કટિબદ્ધ નિર્ણય કરીએ.

# ૩૩૬

## આપણે શ્રીજીમહારાજના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ? અને જે શ્રીજીમહારાજના ખરા આશ્રિત થયા છે તેને મહારાજ કેવા આશીર્વાદ આપે છે?

તો પોતાનું સ્વરૂપ એને તરત દેખાય. સ્વરૂપ દેખાવું સહેલું નથી. સ્વરૂપ જોવા ઈચ્છે ખૂબ અંતરથી તો જરૂર દેખાય. મહારાજ કહે છે - પોતાના સ્વરૂપને જોવાને ઈચ્છે નહિ એ અજ્ઞાની છે. બરોબર છે. સ્વરૂપ તો ક્યારે દેખાય, તો મહારાજની આજ્ઞા બરોબર પાળીને શુદ્ધ થાય. અને સ્વરૂપ જે આવરણોથી, આવા અંતઃશત્રુઓ અને બીજા દોષોથી તે ઘેરાયેલો છે, એટલે સ્વરૂપ દેખાતું નથી. એટલે મહારાજ પ્રયત્ન કરવાનું કહે છે. ક્યારે દાખડો કર્યો ને ન દેખાણું? પણ દાખડો જ ન કરે તો શું દેખાય? તો પંચવિષયની આશ એ લકવો મટાડવો તો જોઈએ ને? એ બધું મટી જાય પછી પંચવિષયમાંથી રુચિ ખસી જાય છે. એટલે આ સ્વરૂપ ખૂબ નિર્મળ દેખાય છે. મહારાજ કહે છે જ્યારથી અમારા આશ્રિત થયા, ત્યારથી પૂર્ણકામ થયા એમ માનવું. બિલકુલ બરોબર છે. પણ આશરો ખંડિત થવો જોઈએ નહિ. એટલું તો મનુષ્યદેહથી કરી શકાય ને? કારણ કે મનુષ્યને મહારાજે મનનશક્તિ આપી છે. વિચારશક્તિ આપી છે. સમજવાની શક્તિ પણ અદ્‌ભુત આપી છે. તો

વિચાર તો કરવો જોઈએ ને? વિચાર ન કરે તો નિરુત્તર થાય, એવી એણે રચના કરી છે. તો ભગવાનના આપણે સાચા આશ્રિત બનીએ.

મહારાજ કહે છે કે મારા આશ્રિત જે હોય તેને અંત સમે જરૂર મારે તેડવા આવવું એવું મારું બિરુદ છે. એ સત્ય હકીકત છે.

## ૩૩૭

## શ્રીજીમહારાજની કાષ્ઠ-પાષણાદીકની પ્રતિમા કે ચિત્રપ્રતિમા કરતા મુક્ત અધિક છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ મૂર્તિ (પ્રતિમા), ધામની મૂર્તિ અને મનુષ્યરૂપે પ્રગટ થયા એ મૂર્તિ પોતે એક જ છે એમ કહ્યું છે. કેટલીક વાર એવું પણ કહે છે કે મુક્ત (પ્રતિમાથી) અધિક છે. એમ નથી. એ સમજવામાં ફેર છે. ફેર એટલો કે મહારાજના અનાદિમુક્તમાં રહીને શ્રીજીમહારાજ પોતે જ કામ કરે છે. એટલે શ્રીજીમહારાજ કહે છે કે મારી ચિત્રપ્રતિમા અને મારું ધામનું સ્વરૂપ એક જ હોવા છતાં અમને પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર થવું પડે છે. અમારી (પ્રતિમા) ચિત્રપ્રતિમા બોલે નહિ, ચાલે નહિ, કાંઈ કરે નહિ. તમે પ્રશ્ન પૂછો તો કાંઈ કહે કે જણાવે ખરા? કશું ન કરે. ત્યારે કહે છે કે અનાદિમુક્તમાં રહીને અમે જ બોલીએ છીએ. તો અમારા

મનુષ્યરૂપે આ સમજાય. બધાને જોગ-સમાગમ થાય એવું બધું સુખ ત્યારે આવે. એટલે અમે મનુષ્યરૂપે હોઈએ ત્યારે અધિકપણું છે. અને મુક્તભાવે અમે જ બોલીએ છીએ. એટલે એ અમારું જ અધિકપણું થયું. મુક્ત તો સેવક છે અમારા. મુક્તને (અમારાથી) અધિક કહેવાય નહિ. એમ સમજવાનું.

## ૩૩૮

### શ્રીજીમહારાજ અને અનાદિમુક્તો, પોતાનો દ્રોહ કરનારને કેવી સ્થતિને પમાડે છે? અને શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપમાં જોડવા માટે શું કહે છે?

મહારાજ કહે છે કે આ લોકની અપેક્ષાઓ રાખી જોગ ન કરવો. મને સોમચંદભાઈ એક વાર કહેતા હતા કે નારાયણભાઈ, જો આપણે કોઈનું આ લોકમાં સારું થાય એવા સંકલ્પ કરીએ અને મહારાજ સંકલ્પ સત્ય કરે એ વાત જુદી છે. અને જો નવ્વાણું કરીએ અને સોમો સંકલ્પ જો સત્ય ન કરીએ તો ભગવાનના આ જે ભક્તો છે ને તેને સંકલ્પ-વિકલ્પ થાય છે. એટલે આ માર્ગ બહુ વિચિત્ર છે. ત્યારે મેં કહ્યું કે આપણે પણ ક્યાં એવી અપેક્ષા છે કે ભગવાનના એ ભક્ત એમ સમજે કે આમનામાં કાંઈ નથી. તો આપણને શું ખોટ જવાની છે? અને આપણે એવો સંકલ્પ કરીએ કે ભલે એમણે (આપણા વિશે) સંકલ્પ કર્યો તો કર્યો છતાંય એને

મૂર્તિનું સુખ મળે. બરોબર? કારણ કે એટલા માટે તો આપણને મહારાજે મોકલ્યા છે. એમ સૌને મૂર્તિનું સુખ પમાડવું. દ્રોહ કરે, સંકલ્પ-વિકલ્પ કરે તો એને પણ મનન તો થયું ને મહારાજનું અને મુક્તનું. તો એ જરૂર સુખને પામવાનો. એ બી (પણ) એક જાતનું ભજન છે. મનન-ચિંતન થાય એ ભજન નહિ? તો એ ભજન થયા જ કરે છે. લોકો પૈસાને પામવા માટે કેટલી ધમાલ કરતા હોય છે. આ કરે, આ કરે, આખો દિવસ પૈસાનું જ ચિંતન થાય. હવે એ બીજી રીતનું ભજન. ભજનનો પ્રકાર જુદો. બહુ ગમે નહિ એવો પ્રકાર બરોબર?

એટલે મહારાજે એ પ્રકારના (દ્રોહના) માર્ગે ન જવાનું કહ્યું છે. અને જાય તો શિક્ષા થાય તો એ ઠીક નહિ ને? ભગવાન બધાને એમ કહે છે કે ભાઈ, બધું મૂકીને મારી પાસે આવો. મારામાં સર્વ સુખ છે. આ જે કાંઈ તમારી પાસે છે તે મારું જ છે. જો તમારી કોઈ પણ ચીજ વસ્તુ હોય તો તે હું છું એમ ભગવાન કહે છે. તમારું જે કાંઈ પણ હોય તે હું છું, તો મને જ પકડી રાખો ને? આ બધું છે એ કોઈ સાથે કાયમ તો રહેવાનું નથી. સુખરૂપ થવાનું નથી. હું જ એવો છું જે સુખરૂપ છું. ત્યારે મહારાજ કહે છે હું જ સુખરૂપ છું. અમારી સાથે રહેવામાં મજા છે. અમારાથી જુદા પડવામાં મજા નથી. અમારી મૂર્તિ ભૂલવામાં મજા નથી. સર્વ કાર્ય કરતાં અમારી મૂર્તિ ન ભૂલો તો અમને અત્યંત આનંદ થાય

છે. (એમ મહારાજ કહે છે.)

## ૩૩૯

## પૂજ્યશ્રી નારાયણભાઈ આપણને સભામાં પ્રાર્થના કરવા વિશે અને શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તોએ આપેલા આશીર્વાદ વિશે શું સમજાવે છે?

આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે મહારાજ આપણને સૌને અને એમના સર્વ આશ્રિતોને પોતાના સુખ તરફ ખૂબ ખેંચે અને એમની આજ્ઞા ધારીએ તો ય ન લોપી શકાય એવું કરે. એવી આપણે આજે દિવ્ય સભાને પ્રાર્થના કરીએ. આવા રૂડા આશીર્વાદ આપણ સૌ ઉપર વરસાવે એવી મહારાજને પ્રાર્થના કરીએ. આશીર્વાદ તો દઈ દીધા છે. એ આશીર્વાદની સ્મૃતિ કરીને તાજા કરતા રહેવું જોઈએ. જો એ આશીર્વાદ ભૂલીએ તો સુખ ન આવે. એટલે એ આશીર્વાદની સ્મૃતિ આપણે ફરીથી કરીએ. આ દિવ્યસભાના આશીર્વાદ કોને ન ખપે?

મહારાજના આશીર્વાદથી જ બધું સારું કામ થાય છે. ભગવાનના આશીર્વાદ વગર કોઈ સારું કામ બનતું નથી. એવા આશીર્વાદ તો ગોપાળાનંદ સ્વામી જેવા પણ લેતા, તો આપણે તો લેવા જ જોઈએ ને? પણ એ નિઃસ્વાર્થ હોવા જોઈએ. કોઈ વાર આશીર્વાદ પ્રમાણે થાય કે ન થાય તે બેય સરખું સમજવું જોઈએ. આશીર્વાદ ન ફળ્યા એવું ન

સમજવું. આશીર્વાદ ફળ્યા તો જ આમ થયું. ભલે એ સરખું હોય કે ન હોય. આવો નિશ્ચય એ જ દૃઢ આશરાનું લક્ષણ છે, બરોબર? એ જ ભગવાનનો આશ્રિત.

## ૩૪૦

**પરમ કૃપાળુ બાપાશ્રીએ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની મુખ્યત્વે કઈ ત્રણ બાબત વિશ્વ સમક્ષ મૂકી અને સમજાવી છે?**

પરમ કૃપાળુ બાપાશ્રી કેવળ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી જ માનવજાતના સર્વોત્તમ ઉદ્ધાર માટે પ્રગટ થયા. એમનું પ્રાગટ્ય અન્ય જીવોના કલ્યાણ કરવા માટે જ મુખ્ય હતું. પરંતુ જીવોને ઉત્તરોત્તર વિકસાવી પરમપદના અધિકારી બનાવાય તે પહેલાં તેમણે પોતાના જીવન દ્વારા બતાવ્યું. પોતાના બાળચરિત્રોથી બાળકોને પણ સૂચવ્યું કે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં કરતાં ભગવાનનું અનુસંધાન રાખવું. બાપાશ્રી બાળકો સાથે રમતો રમતા ત્યારે તેઓ પ્રથમ આવતા ત્યારે બાળકો એમ પૂછતા કે, બાપાશ્રી! તમારી જેવું રમતાં અમને નથી આવડતું એનું શું કારણ? તમે બધી જ રમતોમાં પ્રથમ આવો છો. ત્યારે બાપા એમ બોલે કે તમે મહારાજને સાથે રાખીને રમતા નથી એટલા માટે તમે પ્રથમ આવતા નથી. અને અમે ભગવાનને ભેળા રાખીને બધું કામ કરીએ છીએ. ત્યારથી બાળકો પણ

જય સ્વામિનારાયણ એમ ભગવાનની સ્મૃતિ કરીને હંમેશાં રમતા. બાપા ખૂબ રાજી થતા. બાપાએ આ રીતે મૂર્તિનું અનુસંધાન બાળપણથી જ બધાને રખાવવા માંડ્યું હતું.

જેમ જેમ બાપાશ્રી વધારે ને વધારે વયમાં વૃદ્ધિ પામવા લાગ્યા, તેમ તેમ વધુ ને વધુ સમાસ કરાવવા માંડ્યો. જે શ્રમજીવીઓ છે તે શ્રમજીવીઓનું કામ બાપાશ્રીએ પોતે જાતે કરી બતાવ્યું અને પોતાના જીવન દ્વારા બતાવ્યું કે કોઈ કામ હલકું-નીચું નથી, બધું જ ભગવાને સોંપેલું કાર્ય છે. એટલે તેમણે જીવનમાં પોતાની રોજી કમાવાને માટે રેંકડો પણ ચલાવ્યો છે. ભગવાન આવું કામ કરે, ભગવાનના અવતારો આવું કામ કરે. કારણ કે તેઓ પોતાના આચરણ દ્વારા જ દરેકને શીખવે છે. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો પણ શ્રમ અને પુરુષાર્થ જોઈએ તે તેમણે કર્યું.

બાપાશ્રીએ મુખ્યત્ત્વે ત્રણ જબરજસ્ત બાબતો વિશ્વ સમક્ષ મૂકી અને સમજાવીઃ ભગવાન સ્વામિનારાયણનું સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનઃ બીજું, પરમપદ- પરમ સાધર્મ્યપણું જેનો અનાદિમુક્તો મૂર્તિમાં રહીને અનુભવ કરે છે એ અનાદિમુક્તની સ્થિતિ; ત્રીજું, ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા.

## ૩૪૧

## ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે ખરા અર્થમાં

**સર્વોપરીનો નિશ્ચય ક્યારે થયો કહેવાય? અને તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સર્વોપરી નિશ્ચય એટલે માત્ર એટલું જ નહિ કે ભગવાન સ્વામિનારાયણ સર્વેથી પર છે. તેમણે એમ કહ્યું કે જ્યારે ભગવાનની દિવ્ય વાણી અનુસાર આપણું જીવન બને, એ પ્રમાણે વર્તન થાય. એના ઉપર ખૂબ ભાર મૂક્યો. ભગવાન સ્વામિનારાયણના પાંચ મહાવ્રતો -પંચ વર્તમાન જેને કહે છે- તેનું પાલન મહાન મોટા સંતો કે ત્યાગીઓ પણ ન કરી શકે એવું અણીશુદ્ધ વર્તન બાપાશ્રીએ પોતાના જીવન દરમ્યાન કરી બતાવ્યું.

## ૩૪૨

**યોગ એટલે શું? ભગવાનના સ્વરૂપમાં જોડાવાનો યોગ ક્યાં સુધી કરવો પડે? પૂર્ણયોગ ક્યારે થયો કહેવાય?**

યોગ એટલે જોડાવું - મૂર્તિમાં જોડાવું. બીજે જોડાય એને યોગ ન કહેવાય. કોઈ પ્રવૃત્તિમાં જોડાય તો એ યોગ ન કહેવાય. યોગ તો એનું નામ કે જે ભગવાનના સ્વરૂપમાં જોડે. તેનું નામ યોગ. અત્યારે યોગ ચાલુ છે બધાયના. દરેક ધર્મમાં યોગ ચાલે છે. સારી વસ્તુ છે. તે યોગ કરતાં કરતાં આગળ વધશે. યોગ એટલે ભગવાનના સ્વરૂપમાં- સર્વોપરી સ્વરૂપમાં - જોડાવું. એ યોગ તો સમગ્ર જીવન સુધી કરવો પડે. જ્યાં સુધી એ સ્વરૂપમાં નિષ્કુળાનંદ સ્વામીએ

ગાયું તેમ જળ-તરંગવત્ એકતા ન થાય, ત્યાં સુધી એ યોગ ચાલવો જોઈએને? તો એ યોગ તો એક સરસ પ્રવૃત્તિ મળી ગઈ. આપણે આપણો કામ-ધંધો કરતાં કરતાં કંટાળીએ છીએ? રોજ ભોજન કરતાં કંટાળીએ છીએ? કોઈ દિવસ એમ નથી થતું કે આજે ન જમીએ. અને છેવટે જ્યારે પૂર્ણયોગ થશે ત્યારે સર્વોપરીતાનો અનુભવ થઈ જશે. માટે, સારાય જીવન દરમ્યાન મહારાજની મૂર્તિમાં જોડાવું. સ્વામિનારાયણ ભગવાન, બાપાશ્રી અને એમના અનાદિમુક્તોએ કરેલા સુંદર બોધવચનો-શાસ્ત્રો એનું ચિંતન કરીએ, એ કલ્યાણકારી ગુણોનું ધ્યાન-ચિંતન કરીએ અને ભગવાનની મૂર્તિમાં જોડાઈએ. બધાને પાત્રતા ન હોય એટલે પ્રભુ કેવી રીતે દર્શન કરાવી શકે? પણ દર્શન કરાવવાને માટે ભગવાન હંમેશાં જણ-જણ પ્રત્યે કૃપા વરસાવે છે. દરેક જીવ ભગવાનને પામવાના- ભલે પાત્ર હોય કે ન હોય. મોડા-વહેલાય સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં પહોંચી જશે. અને એ ભગવાનના સ્વરૂપમાં પહોંચવું એટલે યોગ પૂર્ણ થઈ ગયો. શ્રીજીમહારાજની મૂર્તિ એ સર્વોપરી મૂર્તિ છે. અનંત અનાદિમુક્તો એ મૂર્તિનું સુખ અનુભવે છે. એ સુખમાં મહારાજે આપણને રાખ્યા છે. મહારાજ કૃપા વરસાવે છે. આ દિવ્ય સભામાં આપણે બધા આવી ગયા એ આપણા મોટા ભાગ્ય. હવે આપણો જન્મ રહ્યો ખરો? જેવો એમનો દિવ્ય જન્મ એવો આપણો દિવ્ય

જન્મ. પૂર્ણયોગ એનું નામ.

## ૩૪૩

## નિશાન ચૂકવું નહિ અને મુકામ મૂકવું નહિ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક મોટા સંતે એમ કહ્યું કે નિશાન ચૂકવું નહિ અને મુકામ મૂકવું નહિ. ત્યારે કોઈ સમજી શક્યા નહિ એટલે પૂછ્યું, સ્વામી! નિશાન શું? તો કહે આજ્ઞા. આજ્ઞા સામી દૃષ્ટિ રાખવી અને મૂર્તિરૂપી મુકામ મૂકવું નહિ. એ મુકામ સિવાય બીજે ક્યાંય પણ પ્રતીતિ આવવી જોઈએ નહિ. આપણે બધા જાણીએ છીએ કે આજ્ઞા લોપવી એ અપમૃત્શું થયું કહેવાય. જેટલી ઘડી આજ્ઞા લોપાય તેટલી ઘડી આપણું મૃત્શું થયું જાણવું. એમ ગુણાતીતાનંદ સ્વામી અને મોટા સંતો કહેતા. અને એ હકીકત છે.

## ૩૪૪

## શ્રીજીમહારાજે પહેલું વચનામૃત અખંડ સ્મૃતિનું કેમ રાખ્યું છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

હવે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એમ જણાવે છે કે બસોબોંતેર વચનામૃતની ફળશ્રુતિ અખંડસ્મૃતિ છે. એ બધામાંથી તેનો અભ્યાસ કરતાં કરતાં છેવટે અખંડસ્મૃતિ એ

એની ફળશ્રુતિ થવી જોઈએ. એ પહેલું એટલા માટે મૂક્યું કે બાકીના બસોબોંતેર વચનામૃતનો અભ્યાસ કરતાં-કરતાં એમાં રહેલું તત્ત્વજ્ઞાન જીવનમાં વણતાં-વણતાં, જીવનમાં ઊતારતાં-ઊતારતાં મહારાજની સ્મૃતિ રહેવી જોઈએ. આ રીતે વચનામૃતનો અભ્યાસ કરાય તો અભ્યાસ કર્યો કહેવાય. નહિતર કર્યો ન કર્યા જેવું થયું! માટે પહેલા અખંડ સ્મૃતિનું વચનામૃત મૂકી દીધું કે ભગવાનની કથાવાર્તા કરતાં-કરતાં, એનું મનન-ચિંતન કરતાં-કરતાં, એને સમજતાં-સમજતાં સાથે મહારાજની સ્મૃતિ રહેવી અનિવાર્ય છે. આ અખંડ સ્મૃતિ રાખવી એ કઠીનમાં કઠીન સાધન છે. કઠીનમાં કઠીન. શ્રીકૃષ્ણ ભગવાને ટચલી આંગળીએ ગોવર્ધન (પર્વત) તોળ્યો. રામભક્તરાજ હનુમાનજી પર્વત લઈને ઊડ્યા. આ ઘણું જ કઠીન કામ છે, પણ એથીય કઠીન કામ આ છે. પછી જ્યારે આ બધી જ કોટીઓ (કક્ષાઓ)માં ક્યાંય પ્રલોભન ન થાય અને એક ભગવાનમાં અખંડ સ્મૃતિ રહે એ કઠીનમાં કઠીન સાધન છે. બ્રહ્માનંદ સ્વામી કેટલાય બ્રહ્માંડોને નીચે ઉતારી દે એવા હતા, તો યોગેશ્વર શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યો એમાં શું વિશેષ? કઠીનમાં કઠીન સાધન આ છે કે પરમાત્મામાં અખંડ સ્મૃતિ રહે. બાપાએ એમ કહ્યું છે કે અખંડ સ્મૃતિ રહેતાં રહેતાં માયિક વૃત્તિ દિવ્ય થઈ જાય છે. અને એ અખંડ સ્મૃતિનું દિવ્ય સુખમાં રૂપાંતર થાય છે. અખંડ સ્મૃતિથી આગળ

અધિક કોઈ પ્રાપ્તિ નથી એમ મહારાજે કહ્યું છે. અખંડ સ્મૃતિ એ મોટામાં મોટી પ્રાપ્તિ. અને અખંડ સ્મૃતિનું દિવ્ય સુખમાં રૂપાંતર થઈ જાય એ અનાદિમુક્તની સ્થિતિ. અનાદિમુક્તની સ્થિતિની અધિકતા વર્ણવતા વંદુના પદમાં એક પદ એવું છે, જેની એક લીટી વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ. ત્યારે એમ કહ્યું કે જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ડૂબેલા છે એ જે રસ ચાખે છે, એ રસના ચાખણહાર જે અનાદિમુક્ત છે, એ છાશ શું પીવે? એટલે પરમ એકાંતિકનું સુખ પણ છાશ જેવું Comparatively ગણાય. સરખામણીની દૃષ્ટિએ આ ઉપમા છે. સુખના સમુદ્ર ઉપરની હવા આવે અને સુખના સાગરમાં ડૂબાય, એ તો સ્વાભાવિક એક ને એક બે જેવી વાત છે કે એ ખૂબ અધિક છે. એ સુખને પામવા માટે આ અખંડ સ્મૃતિ છે.

## ૩૪૫

## પ્રગટનો મહિમા વિશેષ સમજવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન જ્યારે જે બ્રહ્માંડમાં પ્રગટ થાય છે, ત્યારે કૃપા વરસાવે છે. અદ્‌ભુત પ્રતાપ જણાવે છે. અને એ કૃપા વરસાવે ત્યારે એ ધામમાં ઘણા મુક્તો, સંખ્યાબંધ મૂર્તિના સુખમાં આવતા હોય છે. ભગવાન અદૃશ્ય થયા પછી, જે

બ્રહ્માંડમાં વિચર્યા હતા ત્યાંથી એક બે મુક્તો આવતા હોય છે. એમ અનંત મુક્તો અનંત બ્રહ્માંડમાંથી એક એક આવે તો ય અનંત થાય. પણ પ્રગટનો મહિમા એ રીતે ખૂબ વિશેષ છે. તેમાં ભગવાન અનેક જીવોના સુખને માટે પ્રગટ થાય છે.

## ૩૪૬

### વચનામૃત રહસ્યાર્થને માન્યતા ન આપનાર, અને અમાન્ય કરનારને આપણે કેવી રીતે સમજાવા જોઈએ?

આ ગુરુરૂપ જે ટીકા કે જે વચનામૃતને સમજાવે છે, માર્ગદર્શિકા છે. સર્વોત્તમ માર્ગદર્શિકા છે. એ તરફ બધાને અભિમુખ કરવા જોઈએ. ઉગ્ર બન્યા સિવાય હાથ જોડીને, નમ્ર થઈને કરીએ. કહે છે ને - વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે... સકળ લોકમાં સૌને વંદે નિંદા ન કરે કેની રે... અરે! સકળ લોકમાં સૌને વંદે. ચૈતન્ય પવિત્ર છે. ચૈતન્યની અંદર માયા નથી પેસી ગઈ. એ ચૈતન્યને વંદે છે. સકળ લોકમાં સૌનું સારું ઇચ્છે એવા ભગવાનના વહાલા. માટે ભગવાનની આજ્ઞા પળાવવા માટે હાથ જોડીને પણ પળાવવું. પણ એ પ્રેમથી પળાવવું જોઈએ. એ પ્રેમ વેવલો નહિ હોવો જોઈએ. એ પ્રેમમાં એક ઐહિક પ્રેમ, નિર્ગુણ પ્રેમ અને દિવ્ય પ્રેમ. ઐહિક પ્રેમમાં દમ નથી. નિર્ગુણ પ્રેમમાં બળ છે. એથી વિશેષ બળ દિવ્ય પ્રેમમાં છે, અગાધ

બળ છે. એ બળ એવા પ્રેમથી કારગત નિવડે કે પ્રેમરૂપી બળ પ્રભાવ પાડે. વેવલો પ્રેમ સત્સંગ ન સુધારી શકે. આપણે જો વેવલા થઈએ તો સત્સંગ સુધરશે? આપણે ય નહિ સુધરીએ. આપણે સુધરીને સુધારવા જવું.

## ૩૪૭

## અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી કૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ઉપરના પ્રતિબંધ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આખાય વિશ્વમાં કોઈ સંસ્થાએ કે કોઈ ધર્મે જ્ઞાન ઉપર પ્રતિબંધ નથી મૂક્યો. જ્ઞાન ઉપર પ્રતિબંધ હોઈ શકે જ નહિ. જ્ઞાન તો વ્યક્તિગતરૂપે વિચારવાની વસ્તુ છે. આપણે ગમે તે એક ગ્રંથ લઈએ છીએ, વાંચીએ છીએ, તેમાંથી નોંધ કરી લઈએ છીએ. આપણને ઉપયોગી હોય અને આપણને બરાબર અનુકૂળ આવે એવી વસ્તુ ગ્રહણ કરીએ છીએ. તો આ જ્ઞાનનો વિષય છે. તેની ઉપર કોઈ એક વ્યક્તિ કે સંસ્થા પ્રતિબંધ મૂકી દે એની આ બુદ્ધિશાળી જગતને કોઈ દિવસ ઘેડ ન બેસે. જ્ઞાન ઉપર શા માટે પ્રતિબંધ? હું મારા વિચારો રજૂ કરું, તમે તમારા વિચારો રજૂ કરો. ગીતા ઉપર હજારો ટીકાઓ લખાઈ છે. તેની પર કોઈએ પ્રતિબંધ નથી મૂક્યો. કોઈક અંગ્રેજોએ ગીતાને જુદી રીતે પણ રજૂ કરી છે. તો પણ આપણે પ્રતિબંધ મૂક્યો નથી. કારણ કે સૌએ પોતાની રીતે

વિચારવાનું છે. વિચારવાની સ્વતંત્રતા પણ છે.

આ (વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ઉપરનો) પ્રતિબંધ બરોબર નથી. એનું એક બીજું પણ સર્વમાન્ય કારણ એ છે કે આ સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલો ધર્મ એ વિશ્વધર્મ છે એ સો ટકા સત્ય વાત. જો એ વિશ્વધર્મ હોય તો વિશ્વના જે બુદ્ધિશાળી લોકો વાંચીને વિચારે. એ એમ નહિ કહે કે ભાઈ, આમાં એવું તો શું છે કે આની ઉપર પ્રતિબંધ મૂકી દીધો? એટલે એ આપણી સંકુચિતતા પ્રત્યે વિશ્વ આંગળી ચીંધશે કે આવા સુપ્રીમ લોર્ડ સ્વામિનારાયણ ભગવાન જે એક અને એક જ દિવ્ય પ્રભુ છે, એમના અનાદિમુક્ત જે કણબી જ્ઞાતિમાં પ્રગટ થયા અને એમણે આવો સુંદર ગ્રંથ આપ્યો એ કંઈ જેવી તેવી વસ્તુ છે? એમનું તો ઊલટું સન્માન કરવું જોઈએ. અને એના બદલે રાગ-દ્વેષ અને ક્લેશ ને લીધે પ્રતિબંધ મુકવો એ એક જબરદસ્ત અન્યાય કહેવાય!

## ૩૪૮

## શ્રીજીમહારાજને કેવી પ્રાર્થના સૌથી વધારે ગમે છે? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજ કે મને બધાય કરતાં નિઃસ્વાર્થ પ્રાર્થના વધુ ગમે છે. એ selfless (નિઃસ્વાર્થ) પ્રાર્થના ભગવાનના સુખ તરફ દોરી જનારી છે. માટે that selfless prayer is very

important. (તે નિઃસ્વાર્થ પ્રાર્થના ખૂબ જ અગત્યની છે.) તો ભગવાનને પ્રાર્થના કરીએ તો જરૂર ભગવાન આપણા ઉપર કૃપા કરે. સૂર્યના પ્રકાશમાં આપણે બેઠા હોઈએ. તો સૂર્યનારાયણને કહેવું પડે કે અમારા ઉપર પ્રકાશ ફેંકો, પણ છતાં કહેવું પડે. કહેવાની જરૂર નથી છતાં પણ કહેવું પડે. એ એટલા માટે (કે) એ તડકાનો – એ દિવ્ય પ્રકાશનો આપણા ચૈતન્યને અનુભવ થતો નથી. એટલે અનુભવ કરવા માટે આવરણ છે, એને ભેદવા માટે Prayer is the powerful weapon. (પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે.) બરાબર? એટલે મહારાજને ગમતી વસ્તુ. તો મહારાજના સ્વરૂપને પ્રાર્થના selfless (નિઃસ્વાર્થ) કરવી. એ તો સરસ રીતે રોજ કરવી અને મહારાજને કહેવું કે હે મહારાજ! તમારી કૃપા ઊતરે તો જ તમારું સ્વરૂપ મને સરસ દેખાય, બરોબર?

## ૩૪૯

## મણીભાઈ બાપુજીએ દેહ ત્યાગ કર્યો તે પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મણિભાઈ બાપુજીની એક વિશિષ્ટતા એ જોવા મળી કે જ્યારે એમણે દેહત્યાગ કર્યો એ પહેલાં ખૂબ હસ્યા. ખડખડાટ હસ્યા. એક પાંચ સેકંડ હસ્યા હશે. આ કેવડી મોટી વાત કહેવાય. ખડખડાટ હસીને દેહોત્સવ કરી દીધો.

હવે ખડખડાટ હસ્યા કોણ? અરે મહારાજની દિવ્ય મૂર્તિમાંથી નકરા ધોધ છૂટી પડ્યા, એટલે એ સુખના ધોધનો આનંદ આ દેહના મુખારવિંદ દ્વારા વ્યક્ત કર્યો. અને મહારાજે આપણને ખાતરી કરાવી કે જુઓ મૂર્તિમાં રાખી હું તને ખૂબ સુખ આપીશ. સૌથી વિશેષ વાત એ શિખવાની કે એમણે બાપાની સેવા કરી એની ફળશ્રુતિ કેવી જોવા મળે છે. તો એમની જેમ આપણે પણ નિર્વિકલ્પ થઈ અને આશીર્વાદ ઝીલવા.

## ૩૫૦

**ગમે તેટલા અંતરશત્રુ નડે, ગમે તેવી આફતો આવી પડે અને મૃત્યુ-અંતસમો એ સમુદ્ર જેવો કઠિન છે ત્યારે ગભરામણ થઈ જાય ત્યારે શું કરવું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

દિવ્યરૂપ થઈ જવાનું છે. મહારાજે કહ્યું કે આ સ્થૂળ દેહ પડવે કરીને દેહભાવ જતો રહેશે એમ નથી. બધાય સત્સંગી હોય નહિ, બધાએ ભગવાન ઓળખ્યા નહિ હોય એનો સ્થૂળ દેહ પડી જાય એટલે દેહભાવ જતો રહ્યો? ના. દેહભાવ તો કારણ દેહ સાથે વળગીને એને જન્મ-મરણના ચક્કરમાં મૂકી જ દે છે. દેહભાવ કાઢ્યો એનો અર્થ એ કે ચૈતન્યને દિવ્ય સાકાર બનાવી, કેવળ કૃપાએ કરીને નખથી શિખા પર્યંત સળંગ રીતે મૂર્તિમાં રાખ્યો. એ કેવળ કૃપા. હવે એ કૃપા તો પાત્રતા વગર આપીને? એ આપી એ સત્ય છે.

હવે શ્રદ્ધા રાખવી કે ગમે તેટલા અંતરશત્રુઓ નડે કે ગમે તેવી આફતો આવી પડે તો એવા નિર્ભય રહેવું કે હું તો મહારાજની મૂર્તિમાં છું! પછી કોઈ ભયનો સવાલ રહે ખરો? કદી ન રહે. એવી નિર્ભયતા રાખવી. મહારાજ અભયવર આમ (ડાબા હાથની હથેળી અભયમુદ્રામાં રાખી બતાવે છે) કરીને નથી આપતા? તો અભય એટલે શું? કે જેટલા અક્ષર સુધી આવરણ કરનાર ભયસ્થાનો છે એ ભયસ્થાનોથી રહિત કરીને નિર્ભય બનાવી દીધા! ભગવાન કહે છે કે આટલું સંપૂર્ણ રક્ષણ મેં આપ્યું છે, માટે તું નિર્ભય બની ગયો. તો ભગવાનનાં વચને આપણે નિર્ભય બની જવું જોઈએ. આપણા મનની ગ્રંથિઓ જે ભયભીત કરતી હોય છે એને દૂર કરી નાખીએ. આપત્તિમાં ખૂબ ગભરાટ થાય, કે દેહ છોડીને જવાનું થાય ત્યારે ગભરામણ થઈ જાય. તે ક્યારે ન થાય કે મહારાજની મૂર્તિમાં રહ્યા છીએ, મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એવી સમજણ થાય ત્યારે. આપણે આ દુનિયામાં નથી રહ્યા, આ અનંત બ્રહ્માંડમાંય નથી રહ્યા, આ દેહમાંય નથી રહ્યા. તો પછી ભય શાનો? શા માટે ગભરામણ? ગભરામણ થાય તો એ સમજણનો વાંક છે. સમજણ દિવસે દિવસે દઢ કરવાની.

પાત્રતાની પળે પળે ખબર પડે છે દરરોજ આપણને. ભય લાગે એ વખતે યાદ કરવું કે હું તો મહારાજની મૂર્તિમાં રહેલો અનાદિમુક્ત છું. તરત જ ઝબકીને મહારાજને યાદ

કરવા. મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એ યાદ કરવું. છતાં ય અંતરશત્રુ નડતા હોય, દેહભાવ નડતો હોય, સુખ-દુઃખનો અનુભવ થતો હોય, કોઈ મુશ્કેલી કે તકલીફ આવે ત્યારે ભય લાગે એવું બધું જ થવાનું. તેથી ડરવું નહિ. તેથી એમ ન માનવું કે આપણું આત્યંતિક કલ્યાણ થશે કે નહિ. અરે ભાઈ! પાત્રતા વગર પણ તને રક્ષણ આપી દીધું છે. મૃત્યુ-અંતસમો એ સમુદ્ર જેવો કઠિન છે. એ વખતે મૂર્તિયે ન દેખાય, અનંત જાતના વિચારો પણ આવે, આ લોકની વાસનાઓ કે આ લોકની આસક્તિ યાદ આવી જાય. આ બધું હું છોડીને જાઉં છું એવા વિચારો પણ આવી જાય. એ વખતે એક વસ્તુ યાદ રાખવીઃ શ્રીજીમહારાજે એમના સ્વરૂપમાં મને રાખ્યો છે. આ બધી જ ગડમથલ તો આ દેહમાં થાય છે, મને થતી નથી. એ સમજણ પાકી રાખવી, ભલે મૂર્તિ એ વખતે દેખાય કે ન દેખાય. આ સમજણ પાકી કરી રાખવી. મહારાજે કહ્યું કે તમને પૂર્ણકામ બનાવી દીધા. એમાં જો સંકલ્પ થાય પોતાની નબળાઈઓને લીધે તો એ સમજણનો અભાવ કહેવાય. સમજણ એવી દૃઢ કરીએ કે જેથી દુઃખ આવે તો પણ કદીયે આપણને એ દુઃખનો સ્પર્શ થાય નહિ. જુઓને આટલા તાપમાં જોડા પહેર્યા વગર પેલા મજૂરો દોડ્યા જતા હોય છે. શા માટે? એની ચામડી જાડી થઈ ગઈ છે. તો એવી સમજણરૂપ બની જવું, એવી જાડી ચામડી બનાવી દેવી. એવી સમજણ બનાવી દેવી કે જેથી

કોઈ જાતની તકલીફને લીધે હર્ષ કે શોક થાય નહિ. આનંદ એક મૂર્તિનો જ.

એક જ વાત બાપાએ શીખવી છે કે મૂર્તિ સિવાય બધે રોગી વાની ઊડે! ભલે ઊડે. બધેય રોગી વાની છે તે પણ આપણે છોડીએ ને તેને છોડવા માટે આપણે લડત આપીએ તે દ્વારા આપણે ભગવાનમય બનીએ છીએ, પાત્ર બનીએ છીએ. ત્યારે ભગવાને એ બધું જ આપણને પાત્ર કરવા માટે જ મૂક્યું છે. આપણા ભલા માટે જ છે બધું. આપણા શત્રુઓ પણ આપણું ભલું કરે છે. એ અંતઃશત્રુઓ દૂર થાય પછી આપણે બળવાન બની જઈએ છીએ. એ અંતઃશત્રુને હરાવીએ ત્યારે આપણામાં બળ આવે. એ બળ ક્યાંથી મળે? મહારાજની મૂર્તિ અને સંતો પાસેથી. એ બળ મેળવીએ એટલે એ અંતરશત્રુઓને એમ લાગે કે હવે આપણે અહીં રહી નહિ શકીએ એવો આ બળવાન બન્યો છે. એટલે એ અંતરશત્રુઓ આપણને છોડી જશે. ત્યારે હંમેશાં યાદ રાખીએ કે જે કંઈ છે તે આપણા ભલા માટે જ છે અને એ બધા ભગવાનના સેવકો છે.

## ૩૫૧

**અનાદિમુક્તમાં રહેલા કલ્યાણકારી ગુણો છે તે કોના છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીશ્રીના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?**

બીજું કે એક વાર ગોપાળાનંદ સ્વામી સભામાં બેઠા

હતા. એમનામાં અનંત કલ્યાણકારી ગુણો શ્રીજીમહારાજના હતા. એમાં કોઈએ પ્રભાવિત થઈને ખૂબ પ્રશંસા કરી. એ પ્રશંસા કરતા હતા ત્યારે સ્વામી મરક મરક હસતા હતા. પછી એક વિદ્વાન સ્વામી સામું જોતા હતા. કારણ કે મહારાજની સભામાં તો બધાય આવતા. પછી એમને સંકલ્પ થયો કે આ સાધુને પ્રશંસા કેવી ગમે છે! જુઓ મરક મરક હસે છે. એમ મનમાં વિચારે. એને એમ કે એનું ભાષણ પૂરું થાય ને પછી હું કહું. પછી પહેલા સાધુએ ગુણગાન ખૂબ કર્યા. ત્યાર પછી કોઈક મહંત સંત હતા એણે કહ્યું કે સ્વામી, તમે મરક મરક કેમ હસતા હતા? પેલાએ કહેવાને બદલે આ સંતે જ કહી દીધું કે તમારી પ્રશંસા કરતા હતા ત્યારે તમે મરક મરક કેમ હસતા હતા? તો પછી એ સાંભળીને પેલા વિદ્વાન સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીએ એનો ઉત્તર કર્યો કે બધા કલ્યાણકારી ગુણોનું જે વર્ણન કર્યું એ તો શ્રીજીમહારાજના હતા. એટલે મને ખૂબ આનંદ થતો હતો. એ શ્રીજીમહારાજના ગુણોની પ્રશંસા સાંભળી મને બહુ જ આનંદ આવતો હતો. એટલે હું હસતો હતો. મહારાજના એમણે જે કલ્યાણકારી ગુણો દેખાડ્યા એ મારા ક્યાં હતા? એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના હતા. એમના ગુણગાન કર્યા છે, પણ મારા ગુણગાન તો કર્યા જ નહિ. પછી કહે, મારામાં ગુણગાન કરવા જેવું છે શું? તો તે બિચારા મારા ગુણગાન કરે! ત્યારે પેલા સંત કહે, સ્વામી,

તમારા ગુણગાન કરવા જેવું તમારામાં કાંઈ પણ ન લાગ્યું? તો કહે, હા, એક વસ્તુ લાગી. તો કહે, શું લાગી? કહે, બધાયની સેવા કરી. બધાયમાં દિવ્યભાવ રાખી અને મહારાજની પ્રસન્નતા મેળવી. એ પ્રસન્નતા એ મારી. કંઈ પણ ગુણગાન કરવા જેવું હોય તો એ છે પ્રસન્નતા. મહારાજની પ્રસન્નતા મેળવી તો મહારાજ રાજી થયા. તો એમના ગુણો આ ચૈતન્યમાં આવ્યા. અને એ ગુણો પ્રકાશ્યા. એના આ બધાય ગુણગાન ગાય તો મને કેટલો આનંદ થાય? એ ગુણગાન શ્રીજીમહારાજના હતા. હું તો માત્ર નિમિત્ત બન્યો. એટલે મને હસવું આવી ગયું ભાઈ!

## ૩૫૨

**આપણા ઉપર શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તની પ્રસન્નતા ક્યારે થાય? તેના વિશે સદ્. શ્રી મહાનુભાવાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણે મહારાજની પ્રસન્નતા મેળવીએ એવું કરીએ એ આપણું કહેવાય. મહારાજની પ્રસન્નતા મળે એટલે દિવ્ય સુખની પ્રાપ્તિ થાય. ત્યારે, આપણામાં કલ્યાણકારી ગુણો શ્રીજીમહારાજના છે. અને એ કલ્યાણકારી ગુણોના દર્શન થાય એ તો સ્વાભાવિક છે. એ તો બધું ભગવાનનું છે. આપણી તો એક જ વસ્તુ કે શ્રીજીમહારાજની પ્રસન્નતા. એ

જો આપણે મેળવી શકીએ તો. આપણામાં કાંઈ પણ વખાણવા જેવું હોય તો તે એક પ્રસન્નતા છે. આ પ્રસન્નતા ક્યારે આવે? તો મહારાજ રાજી થાય એમ કરીએ તો. મહારાજને ન ગમે એવું ન કરવું, ગમે એવું કરવું. પણ પછી મહારાજને ગમ્યું ન ગમ્યું તે શી રીતે ખબર પડે? તો આપણને એમ આપણા અંદર પડદે ગમે કે નહિ એ ખબર પડે જ. હું આ કરું છું તે મહારાજ આનાથી રાજી થશે કે નહિ? ન રાજી થાય એવું કરીએ તો ય ખબર પડે છે. છતાંય થઈ જાય છે. ન ગમે એવું થઈ જાય છે, સ્વભાવને લીધે.

એક વાર એક જણ મહાનુભાવાનંદ સ્વામી પાસે આવ્યો. તે કહે, સ્વામી, મને તમે કંઠી પહેરાવો. એટલે સ્વામી કહે, હું તને કંઠી નહિ પહેરાવું. તો કહે, સ્વામી, શો અપરાધ થયો? એવું મેં શું કર્યું કે તમે મને કંઠી પહેરાવવાની ના પાડો છો? પછી સ્વામી કહે, હું એટલા માટે ના પાડું છું કે આ કંઠી તું પહેરે પછી એ કંઠી પાછળનો હેતુ તું ન જાળવે તો? તો મને ય અપરાધ લાગે. એની શી ખાતરી કે હું તને કંઠી બાંધું તો કંઠી પાછળનો હેતુ તું બરોબર જાળવીશ. પછી તો એ ય વિચારમાં પડ્યો. થોડી વાર તો ન ખબર પડી. પછી કહે, સ્વામી, તમે કંઠી પહેરવાનો હેતુ કહો ને જો હું જાળવી શકીશ તો હું તેમ કરીશ. પછી સ્વામી કહે, તું નહિ જાળવી શકે. તો તે કહે, હું શું કરું? સ્વામી અંતર્યામી હતા એટલે સ્વામીએ કહ્યું, તું નહિ જાળવી શકે. એટલે મારે તને કંઠી

પહેરાવવી નથી. તો પછી તે કહે, સ્વામી, મારું સારું કેવી રીતે થાય? તમે કહો તેમ ન પાળું તો કંઠી નો પહેરાવતા. મારું સારું જ નહિ થાય?

પછી સ્વામી કહે, તું એમ કર, બાર મહિના પછી તું આવજે. પછી હું કંઠી પહેરાવીશ. તે કહે, હવે બાર મહિના સુધી મારે શું કરવું? તો સ્વામી કહે, તારે બાર મહિના સુધી હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સ્વામિનારાયણ-સ્વામિનારાયણ કરવાનું અને એ વખતે મહારાજની મૂર્તિ જેવી સાંભરે એવી સંભારવી. બાર મહિના પછી તું આવજે અને પછી હું તને કંઠી પહેરાવીશ. ત્યાં સુધી નહિ પહેરાવું. પછી એવું ભજન એણે શરૂ કર્યું. મનમાં સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરે, મહારાજની મૂર્તિ સંભારે, બધું જ કરે. પણ પછી એને થયું કે રોજ (ભગવાન) સંભારું છું આખો દહાડો, પણ એથી મને શું થવાનું? એ અભ્યાસનો એને આનંદ ન આવે. ભલે ન આવે, પણ સ્વામીએ કીધું એટલે હવે મૂકાય કેવી રીતે? ભલે કષ્ટ પડે ભગવાન સંભારવામાં. કષ્ટ પડે તો ય પણ એણે ચાલુ રાખ્યું. એ છોકરો એકદમ ઊંચો ને ગોરો હતો એટલે કહે કોઈ વાંધો નહિ, કષ્ટ પડે કે ન પડે. સ્વામીએ કહ્યું હતું કે તારે ભગવાનની મૂર્તિ ધારવી. પછી કોઈ વાર યાદ આવે, કોઈ વાર ન આવે. કામ કરતાં કરતાં યાદ કર્યા કરે. કામમાં પરોવાય તો ભૂલી પણ જાય. પાછું યાદ આવે એટલે ભજન

ચાલુ કરી દે. એમ પ્રયત્ન કરતાં કરતાં બાર મહિના સુધી એણે એમ કર્યા કર્યું. તો એ સાવ શુષ્ક જેવો થઈ ગયો બરોબર? પછી એને એમ થયું કે હવે બાર મહિના પૂરા થવાને થોડા દિવસ છે, તો સ્વામી પાસે જઈને કહું કે મારું વર્ષ પૂરું થયું સ્વામી.

પછી થોડા દિવસ બાકી રહ્યા તો મહારાજની પ્રસન્નતા ઊતરી. પ્રસન્નતા ઊતરી એટલે સવારમાં મહારાજને સંભારતાં ઊઠ્યો ને મહારાજને સંભાર્યા. કારણ કે ટેવ પડી ગયેલી. સ્વામીનું વચન સાંભરે એટલે તુરત સંભારવા માંડે. હાલતાં-ચાલતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા માંડે. સવારમાં ઊઠીને એણે મહારાજને સંભાર્યા. મહારાજને સંભાર્યા એટલે મહારાજની મૂર્તિ એક કલાક સુધી એને દેખાઈ. એ સ્વરૂપ દેખાયું એ ભેગો જ એને આનંદ આનંદ થઈ ગયો. એને રસ પડવા માંડ્યો. મહારાજનું નામ બોલે એટલે આત્મામાં આનંદ થવા લાગ્યો. આટલા દિવસ ન થયો, પણ હવે વર્ષ પૂરું થવા આવ્યું એટલે ખૂબ આનંદ આવે છે. મહારાજની મૂર્તિનું સ્મરણ કરું એટલે આનંદ આવે છે એમ એને મનમાં થવા લાગ્યું. પછી એ આનંદમાં ને આનંદમાં સ્વામી પાસે આવ્યો. સ્વામીને કહે, કંઠી લઈને જ આવ્યો છું. સ્વામી! મારા બાર મહિના પૂરા થઈ ગયા. સ્વામી કહે, તેં ભજન કર્યું? તો કહે, હા. તો કહે, શું કર્યું?

સ્વામી, પહેલા તો સારું લાગ્યું. પછી થયું કે આવું કંઈ આખો દહાડો સ્વામિનારાયણ-સ્વામિનારાયણ કરવાનું? પછી એ છોડી દેવાનું મન થતું હતું, પણ તમે બળ આપ્યું એટલે (ભજન) ચાલુ જ રાખ્યું. તો થોડા દિવસથી ખૂબ આનંદ આવે છે. હવે તમે કંઠી પહેરાવો. કંઠી પહેરતાં આનંદ ન આવે તો શું કામનું? પછી એણે કંઠી ધારણ કરી. જુઓ ત્યારે, ભગવાન અને ભગવાન જેવા સંત આનંદિત થાય. કંઠી ધારણ કરાવી ત્યારે સ્વામી કહે, મહારાજને ગમે એ જ કરવાનું. મહારાજને ન ગમે એ ન કરવું. એવો જ દઢાવ રાખીને કંઠી પહેરવાની, શું કહ્યું? મહારાજને ગમે એ જ કરવાનું. મહારાજને ન ગમે એ ન જ કરવું. પછી ભલે પોતાને બીજી રીતે એ સરખું ન લાગતું હોય! પોતાપણું મૂકી મહારાજને ગમે એ જ કરવાનું બરોબર? એટલે આ રીતે પેલાને કંઠી પહેરાવતી વખતે મહાનુભાવાનંદ સ્વામીએ કહેલું. પછી તો પંચ વર્તમાનની સમજણ આપી.

## ૩૫૩

## અવરભાવની મર્યાદાનું પાલન કેવી રીતે કરવું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ પોતાના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

એક વાર એક હરિભક્ત મને પગે અડ્યા. મેં એ હરિભક્તને પ્રાર્થના કરી કે ભાઈ, તમે મને પગે ન અડશો. પગે અડવાથી શું વિશેષ છે? જે કંઈ છે તે મૂર્તિમાં સત્ત્વ છે.

તો તે મને કહે, મૂર્તિ ને પગ જુદા ક્યાં છે? મેં કહ્યું, મૂર્તિ ને પગ જુદા નથી તો પછી બીજા અંગોની અવગણના શું કામ કરવી ને પગની વિશેષતા કરવી? બધા અંગો સરખા ન કહેવાય? મહારાજની આંગળી કરતાં પગનો અંગૂઠો વિશેષ છે એમ નથી. મહારાજના દરેક અંગમાં વિવિધ રીતે દિવ્ય સુખ છે. હંમેશાં જે રહસ્ય હોય એનો અર્થ સમજતાં શીખવું. ઊંધું ન સમજવું. નહિતર કેટલીક વાર ઊંધું સમજે છે. એટલી ખબર ન પડે કે પગ અને મૂર્તિ જુદા નથી. એટલે એમ સમજવાનું. અવરભાવની રીત રાખવી જોઈએ. જો અવરભાવની રીત ન જળવાય તો એમાંથી અસમાસ ઊભો થાય. મને પગે અડો કે ન અડો બધું સરખું છે. પગને અડી જાય તો મને કાંઈ નુકસાન થઈ જવાનું નથી. મને એનો અહંભાવ વધી જવાનો નથી. પણ અવરભાવની રીત ન જળવાય તો એમાંથી અસમાસ થાય. ભગવાનને પડ્યા મૂકીને મુક્તને વળગવા માંડે એવું ય ઊંધું થઈ જાય. કેટલીક વાર ખોટી વસ્તુ ઊભી થઈ જાય બરાબર? અવરભાવની કેટલીક રીતની જે મર્યાદા છે તે જાળવવી જોઈએ.

એક સંત ચારિત્ર્ય વગરના હતા. ભગવું વસ્ત્ર, પણ ચારિત્ર્યવાન ન હતા. એક હરિભક્ત બહુ જ ભગદીય અને ખૂબ સારા હતા. બધી સમજણવાળા. તે પેલા સંતના પગે અડ્યા. ત્યારે એક હરિભક્તે એને પૂછ્યું કે તમે આ સંત ચારિત્ર્ય વગરના છે એમાં એટલું બધું શું છે કે એના પગે

અડીને ચરણસ્પર્શ કર્યો? એમ કરાતા હશે? ત્યારે પેલા હરિભક્ત કહે, ભાઈ, જો મને ખબર હોત કે એ ચારિત્ર્યહિન છે તો એનો ચરણસ્પર્શ ન કરત. એ ભાઈની જગ્યાએ હું હોત અને મને ખબર હોત છતાં પણ હું ચરણસ્પર્શ કરી નાંખત. મારા ઉપર એવી કૃપા છે કે હું જેને સ્પર્શ કરું એમાં મને શ્રીજીમહારાજ જ દેખાય છે. તો શ્રીજીમહારાજને સ્પર્શ ન કરું? આ છોટાભાઈ બેઠા છે જો એ જગ્યાએ મને મહારાજ દેખાય તો હું તેને દંડવત્ કરું, ચરણસ્પર્શ કરું તો મને કાંઈ નુકસાન? એમ જો આપણને એવું થઈ જાય તો પછી કોઈ સવાલ રહેતો નથી બરાબર? હવે અવરભાવની મર્યાદા હોય તો એનું પાલન કરવું જોઈએ. એ નહિ ભૂલવું જોઈએ. કે જેથી સમાસ થાય.

## ૩૫૪

## પરિપક્વ નિશ્ચય એટલે શું? તે કેવી રીતે કેળવવો જોઈએ?

આપણે બાપાના વચનો અદ્ધરથી ઝીલી અને એ પાત્રતા કેળવતા રહેવું. સદાબાએ જો પેલા ભક્તની રક્ષા કરીને બરોબર? ભૂંડો દેશકાળ જોઈને એ ભક્તની મદદ કરી. ભૂંડો દેશકાળ છોડીને જવાનું કોને કહ્યું? જેને પરિપક્વ નિશ્ચય ન હોય એને છોડવાનું કહ્યું. પરિપક્વ નિશ્ચય હોય એને છોડવાની કાંઈ જરૂર નથી. એને દેશકાળ ગમે-તેવો હોય, પણ મહારાજ ભેળા હોય તો ભૂંડો દેશકાળ એને કાંઈ

કરી શકે નહિ. છતાં એવું બળ ન રહે અને એ ભૂંડા દેશકાળથી પોતાને ભગવાન ભજવામાં કોઈ ક્ષતિ આવી જાય, નિર્બળતા આવે તો ભૂંડો દેશકાળ છોડી સારા દેશકાળ હોય એવી જગ્યાએ જરૂર જવું. અને પછી પરિપક્વ સમજણ અને પરિપક્વ પાત્રતા કેળવતા રહેવાની. જેથી ગમે તે થઈ જાય તો પણ એની અસર થાય નહિ. શું બીજી વસ્તુ થઈ જવાની હતી? બહુ-બહુ તો શું થાય કહો? તો આ દેહ પડી જાય એટલું જ ને? અને એ દેહ અમથોય પડવાનો. એની ચિંતા ન કરવી.

## ૩૫૫

**મોટા અનાદિમુક્તના આશીર્વાદ મળ્યા પછી તેને કેવી રીતે જીરવવા? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મોટા અનાદિમુક્તના આશીર્વાદ મળ્યા પછી તે અંદર જીરવતાં શીખવું તો સુખ આવે. એ દિવ્ય સ્થિતિ થાય ત્યારે એનામાં રહીને મહારાજ બોલે, એ વાત જુદી છે. એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી આપણે થોડું બોલવું. ઉન્મત થઈ જવું નહિ. ઉન્મતતા નહિ આવવી જોઈએ, નહિતર ઉન્મત થઈ જાય. કોઈકને- અરે જા-જા તારામાં શું માલ છે? હું તો અનાદિમુક્ત છું. એવું બધું નહિ બોલવાનું.

એમ કહેવું કે મહારાજના સુખમાં પહોંચેલા

મહામુક્તોએ મને આશીર્વાદ આપી કહ્યું છે કે તને મહારાજની મૂર્તિમાં રાખ્યો છે. અનાદિમુક્ત છું એનું સતત મનન કરીને હું સુખિયો રહું છું એમ કહેવું, પણ જા-જા તું તો આવો છે તેવો છે એમ ન કહેવું. કારણ કે એને એવી ગતિ નથી. ખબર નથી. તે આપણને જોઈને કહી ન શકે કે મહારાજે આપણને આવી સ્થિતિમાં રાખ્યા છે.

લોકો પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્તને પણ નહોતા ઓળખી શક્યા. એક વાર સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું કે પર્વતભાઈ ક્યાં છે તો ગામના માણસ કહે, જો ઓલો લોટો લઈને જાય છે એ સ્વામિનારાયણનો પર્વતભાઈ છે. એવું બોલે. મુક્ત તો દાસાનુદાસ હોય. પર્વતભાઈને એવું કહે એટલે પર્વતભાઈ હસે. પર્વતભાઈ કહે કે, એને ઓળખવાની ગતિ ન હોય એટલે શું કરે? એટલે એના અજ્ઞાન સામે મુક્ત હસે છે. માટે એવા અજ્ઞાનીનો તિરસ્કાર ન કરવો, રાજી થવું.

## ૩૫૬

## શ્રીજીમહારાજ સાથે જળ-તરંગવત્ એકતા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે કહ્યું છે કે અમે અને અમારા અનાદિમુક્ત જળ-તરંગવત્ એક જ છીએ. ફેર એટલો સ્વામી-સેવકપણાનો. જળ-તરંગવત્ એકતા જેવું ઐક્ય સધાય

ત્યારે મહારાજની મૂર્તિનું સુખ આવે. આવું ઐક્ય ત્યારે જ સધાય કે જ્યારે ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સ્વરૂપની સમજણ બરાબર દૃઢ થાય, ઉપાસના પરિપક્વ થાય અને તેનું જેમ છે તેમ માહાત્મ્ય સમજાય. એ ભગવાન કેવા છે, એમના દિવ્ય લક્ષણો કેવા છે એ જો બરાબર સંત-સમાગમ થકી સમજાય તો ભગવાનને વિષે અતિ સ્નેહે કરીને જોડાઈ શકાય. કોઈ વસ્તુની અંદર મન ત્યારે જ ચોંટે કે એની અંદર રસ ઉત્પન્ન થાય. રસ ત્યારે જ ઉત્પન્ન થાય કે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય તેનું માહાત્મ્ય સમજાય.

જળ-તરંગવત્ એકતાનો વાસ્તવિક અનુભવ થાય તો દેહ રહે જ નહિ. કારણ કે નાડી-પ્રાણ ખેંચાઈ જાય. ચૈતન્ય દેહથી જુદો પડી જાય ત્યારે જ એવી એકતા થાય. અને એવી એકતા થાય ત્યારે દેહ કેવી રીતે રહી શકે? દેહથી તો ચૈતન્ય અલગ પડી ગયો. ત્યારે સ્વયં મહાપ્રભુ જ એ દેહમાં રહીને કાર્ય કરે છે. દેહ તે મુક્તનો લાગે, પણ કાર્ય પોતે જ કરે છે. પોતે જ્યારે પ્રગટ થાય મનુષ્યસ્વરૂપે અને જેવું કાર્ય કરે એવી જ રીતે પોતે સ્વયં મુક્તભાવે એવું કાર્ય કરે છે. એવી એકતા કરવી એ તો એવા મહાઅનાદિમુક્ત પ્રગટ મળે ત્યારે જ થઈ શકે.

ભગવાનની મૂર્તિનું સુખ આવે પછી તે ભક્ત હરે-ફરે ગમે તે ક્રિયા કરે તો ક્રિયા સાથે ક્યાં નિસ્બત છે? પાણીમાં ડૂબી જાઓ અને અંદર રહીને તરો એનાથી પાણીના સ્પર્શનું

જે સુખ આવે એની સાથે ક્રિયાને કોઈ નિસ્બત ખરી? તરવૈયો પાણીમાં તરે ત્યારે બધી જ ક્રિયા કરે પણ પાણીનો સુંદર અનુભવ તો કર્યા જ કરે છેને? એમ બધી જ ક્રિયા કરતાં કરતાં મહારાજના અનાદિમુક્ત એ સુખ ભોગવ્યાજ કરે છે, સુખ આવ્યા જ કરે છે પછી ક્યાં સવાલ રહ્યો? એમના જેવી એકતા આપણને મહારાજ સાથે થવી જોઈએ. તે ઐક્ય કરવાને માટે મહારાજના અનાદિમુક્તનો જોગ જરૂરી છે.

## ૩૫૭

## અનાદિમુક્ત કેટલાંક વિલક્ષણ એવાં દિવ્ય ચરિત્રો શા કારણથી બતાવે છે?

બાપાશ્રીએ કેટલાંક વિલક્ષણ એવા દિવ્ય ચરિત્રો બતાવ્યા તે એટલા જ માટે કે બહુજનને સમાસ થાય, બહુજનને પ્રતીતિ આવે કે આ પુરુષ ભગવાનના સ્વરૂપમાં રહી અને બધી જ ક્રિયા કરે છે; બીજાના કલ્યાણ કરવા માટે જ એમનું પ્રાગટ્ય છે એવી પ્રતીતિ થાય. બાકી ચમત્કારો અને પરચા બતાવવા માટે એમને કોઈ અન્ય અપેક્ષા હોતી નથી. કેવળ આ જ અપેક્ષા કે એવા વિલક્ષણ ચરિત્રને લીધે જીવો આકર્ષાય અને એના લીધે એમના જેવી સ્થિતિ કરવા માટે એમનો સમાગમ કરવા આવે.

# ૩૫૮

## કોઈક વાર મોટા મુક્તો પૃથ્વી પર પ્રગટ ન પણ હોય ત્યારે આપણે શું કરવું?

બાપાશ્રી એમ પણ કહેતા કે કોઈવાર એવા મુક્ત પૃથ્વી પર પ્રગટ ન પણ હોય. તો શું કરવું? તો કહે કે મોટા મુક્તોએ જે જે વાણી ઉચ્ચારી હોય, જે - જે લીલાચરિત્ર કર્યાં હોય એનું મનન કરવું. મનનનો અર્થ બહુ જબરો છે. એવો નિદિધ્યાસ કરે તો એ જોગ જ છે. શું છે બીજું? અનાદિમુક્તનો જોગ કરીએ તો એ શું કરે? આપણને વાતો કરે મહારાજની, આપણને દેખે. બીજું શું કરે? તો આ મહારાજની મૂર્તિ નથી આપણે દેખતા? દેખીએ છીએને? એમની વાણી છે તે આપણે વાંચીએ છીએ, સાંભળીએ છીએ. તો એ વાણીથી એ જ સમાગમ થાય છે. તો પ્રગટ એવા મુક્ત મનુષ્યરૂપે દૃષ્ટિગોચર હોય કે ન હોય તો પણ જરૂર એવી સ્થિતિ કરાવે. ન થાય એવું નથી. કરવી પડેને? અને કરવામાં ક્યાં હાથપગ હલાવવા પડે છે કે એમાં કોઈ ખર્ચ કરવો પડે છે કે મહેનત કરવી પડે છે? અંદર રહીને બસ મૂર્તિમાં જોડાવવાનું જ રહે છે. ફૂરસદે જોડાઓ. કામ કરતાં કરતાં થોડો અભ્યાસ કરો મૂર્તિમાં જોડાવાનો. અરે! જીવનભર એ અભ્યાસ કર્યા કરીએ આનંદથી.

## ૩૫૯

**પૂર્ણકામપણું થયું કોને કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

અનાદિ મુક્તરાજ દિવ્યસ્વરૂપ બાપાશ્રીના મહોત્સવે અનેકને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ મુક્ત દ્વારા આપ્યા.

એ આશીર્વાદ અવિચળ છે અને આપણે શ્રદ્ધા અને મહિમા એવો રાખીએ કે ભલે બધું ચલિત થઈ જાય, પણ આ આશીર્વાદમાં કોઈ પણ જાતની અસ્થિરતા આવે નહિ. એક વાત તદ્દન હકીકત છે કે જો આ આશીર્વાદ મહિમા સાથે અને સંપૂર્ણ શ્રદ્ધાથી કોઈ પણ જાતના વિકલ્પ વગર જો ઝીલીએ, તો આપણું સમગ્ર જીવન દિવ્ય બની જાય એમાં કોઈ શંકા નથી. આપણા બધા અવયવો ફરી જાય. અને આપણને એવું જરૂર લાગશે કે ભગવાનનું સ્વરૂપ આપણા અંતરમાં અનાયાસે દેખાશે અને અંત વખતે અથવા એ પહેલાં સ્વામિનારાયણ ભગવાન આ આશીર્વાદ મૂર્તિમાન કરી અને આપણને એમની મૂર્તિના સુખભોક્તા કરશે. આ કંઈ થોડી વાત? આ સત્ય છે એમ માનવાનું. આ આશીર્વાદ ફરવાના નથી, ભલે આપણે પાત્ર બરાબર ન હોઈએ તો ચિંતા કરવાની જરૂર નથી. ભગવાન કહે છે કે હું તમારો સર્વોત્તમ ઉદ્ધાર કરી દઈશ અને તમને હું મારી મૂર્તિના

સુખમાં રાખીશ. એ ભગવાન પરમાત્મા બોલે એમાં કોઈ ફેર પડે ખરો?

ત્યારે આપણને એક નિરાંત તો થઈ ગઈ કે પૂર્ણકામપણું ભગવાનના આશ્રિત થયા એટલે થયું અને બીજું એ પણ પૂર્ણકામપણું હૃદયમાં દૃઢ થઈ ગયું કે હવે પછી આપણો જન્મ રહેશે નહિ. અનેક જન્મ સુધી આપણે કેટલાં બધા દુઃખો ભોગવ્યા? હેરાન-પરેશાન થયા. ત્યાં ભગવાન સ્વામિનારાયણના પૂર્વે કોઈ મોટા મુક્તોના જોગમાં આવી ગયા હઈશું તેથી આ કારણ સત્સંગરૂપ બગીચો જે બાપાશ્રીએ ખીલવ્યો એમાં પણ આપણે આવી ગયા.

## ૩૬૦

## શ્રીજીમહારાજ કૃપાવર્ષા-પ્રસન્નતા કોના દ્વારા વરસાવે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અનાદિમુક્ત આપણા ઉપર કૃપા વરસાવે છે. આપણે એ જોઈ શકીએ નહિ, પણ જો જોઈ શકીએ તો ખબર પડે કે એ સુખમાં રહ્યા થકા આપણા ઉપર કેવી પ્રસન્નતા વેરે છે. એ પ્રસન્નતા વેરે છે એ પણ શ્રીજીમહારાજની ઈચ્છા છે. શ્રીજીમહારાજની ઈચ્છાથી અનાદિમુક્તો પ્રસન્નતા વરસાવે છે. છેવટે સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ જ કર્તા રહે છે. પરંતુ એમની જે પ્રસન્નતા, એમની જે કૃપા તે એમના મહા અનાદિમુક્તો દ્વારા જ

હંમેશાં મળે છે. પ્રસન્નતા સીધી મળતી નથી. કૃપા સીધી મળતી નથી. અનાદિમુક્તનો કે એવા મોટા સત્પુરુષનો જોગ હંમેશાં કરતાં રહેવો જોઈએ. અને મહારાજ અને મુક્તો સદાય પ્રત્યક્ષ જ છે. જતા-આવતા નથી. પ્રત્યક્ષ હોય ત્યારે બોલે, જમે, સેવા અંગીકાર કરે અને સાથે સાથે વાતો કરી અને સુખ આપે એ પ્રત્યક્ષપણાનો વિશેષ છે. જ્યારે એ મુક્તો બિરાજતા હોય, ત્યારે આપણે અમુક સમય કાઢીને પણ એ જોગ કરવો જોઈએ. અને હું જોઈ શકું છું કે આ દિવ્ય સભામાં બેઠેલા મુક્તો એ લાભ કદીય ચૂક્યા નથી અને ચૂકતા નથી. એટલે આપણે બધા છતી દેહે જ એ સુખમાં છીએ છતાં પણ બાધિતાનુવૃત્તિને લીધે ભગવાન જણાવા દેતા નથી. અંત વખત સુધી આપણને એ પાત્ર કર્યા કરશે. જેટલા થઈ શકે એટલા પાત્ર કરશે અને અંત વખતે એ પૂરું કરી દેશે પોતાના દિવ્ય પ્રભાવથી. પોતાના દર્શનથી આપણો ચૈતન્ય એકદમ એમના જેટલો નિર્મળ બની જાય છે અને દિવ્ય સાકાર રૂપ ધારણ કરીને મૂર્તિમાં વિલીન થઈ જાય છે. આ કૃપા કેટલી બધી કહેવાય?

## ૩૬૧

## અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના સાર્ધ શતાબ્દી વર્ષ દરમ્યાન શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ અગાધ કૃપાવર્ષા કરી તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રીની સાર્ધ-શતાબ્દીનું વર્ષ છે. આ વર્ષમાં બાપાશ્રી તેમ જ શ્રીજીમહારાજની એટલી બધી અગાધ કૃપા હતી કે એનું વર્ણન થઈ શકે નહિ. એ પ્રસન્નતા જુદી જુદી રીતે દેખાય. એ પ્રસન્નતા આપણને સંકલ્પ પણ કરાવે અને સંકલ્પ રહિત પણ પાછા કરી દે. આખા વિશ્વમાં અત્યારે જે જે જીવોના દેહો પડશે તે બધાનું કલ્યાણ થવાનું નિશ્ચિત છે. આ વર્ષે એકેએક પળે શ્રીજીમહારાજ પોતાના મુક્ત એવા અબજીબાપાશ્રી ઉપરની પ્રસન્નતા બતાવવાને માટે ઝરમર ઝરમર કૃપાવર્ષા આખા વિશ્વ ઉપર કર્યા કરે છે. અને એની અસર બધા જીવોને છેવટની ઘડીએ જરૂર દેખાશે. કેટલાય પ્રશ્નો ઊભા થતા હોય તમને. મને તો એ બધા જ પ્રશ્નો solve થઈ ગયા છે. તમને સંકલ્પ થાય કે આમ કેમ થતું હશે એવું મને જરા ય થતું નથી. કારણ કે હું જાણું છું કે પ્રશ્નનો જવાબ શું છે, મહારાજની કળા કેવી અકળિત છે, કઈ રીતે કામ કરે છે- મૂક સ્વરૂપે એ હું જાણું છું. તેની પરભાવની વાણી તો ત્યારે જ સંભળાય કે આપણે છતી દેહે પાત્ર થઈ જઈએ તો. પાત્ર થવા માટે બધાય સાધન સરળ રીતે બતાવ્યા છે.

## ૩૬૨

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા/ઓળખાયા પછી આપણું પ્રારબ્ધ/ભાગ્ય કોણ ગણાય?

જે કાંઈ સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ કરે છે તે એ જ કરે છે. જો એ જ કરતા હોય, તો શોક કરવાનું કોઈ કારણ ખરું? આપણું પ્રારબ્ધ શ્રીજીમહારાજ. પ્રારબ્ધનો અર્થ એ કે એની ઈચ્છા પ્રમાણે જ થાય. જો આપણે એમને આપણું પ્રારબ્ધ ગણતા હોઈએ તો એની ઈચ્છા ખરી કે નહિ? તો પછી શોક શા માટે? છતાં ય થાય. અવરભાવની રીતે એવા મુક્તો અદૃશ્ય થઈ જાય તો દુઃખ તો થાયને? અવરભાવમાં હોય તો સુખ આપે, મહારાજની વાતો કરે, આપણી સાથે રહીને ભગવાન ભજે-ભજાવે. આ બધું થાય એ તો સ્વાભાવિક છે. એવી રીતે આઘાત તો લાગે. આ બધા મુક્તો ધામમાં ગયા ત્યારે મને એમનાથી જરા ય ઓછો આઘાત નથી લાગ્યો-અવરભાવની દૃષ્ટિએ. અને પરભાવ સામે જોઈએ તો આનંદનો પાર નહિ. કારણ કે, તેઓ મૂર્તિના સુખમાં કિલ્લોલ કરતા હોય. ત્યાં આ શોક ક્યાંથી રહે? જ્યારે અવરભાવ સામું દૃષ્ટિ કરીએ, ત્યારે આઘાત લાગે. પરભાવની દૃષ્ટિએ જોઈએ ત્યારે આઘાત જેવું કંઈ રહે નહિ, આનંદ જ રહે. બધા આનંદમાં કિલ્લોલ કરતા હોય તેમને ખબરે ય ન પડે કે મારો દેહ પડ્યો કે નહિ.

અહીં બેઠેલા બધા મુક્તોને જ્ઞાનની સમજણ તો બરાબર લક્ષ્યાર્થ દૃઢ થઈ ગઈને? એટલે એટલું તો રહે જ કે મહારાજ જ બધું કરે છે. હાણ-વૃદ્ધિ થાય તો યે મહારાજ કરે છે. તેની પાછળેય હેતુ હોય છે. કોઈ દિવસ એમ ન માનવું

કે મારા કર્મોને લીધે આ હાણ થાય છે. આપણા ઉપર કાળ, કર્મ, માયાનો અધિકાર જ નથી. તો પછી એનાથી હાણ-વૃદ્ધિ થવાનો સવાલ ક્યાં રહે? આટલું સમજાય તો ખરો દિવ્ય ભાવ મહારાજના મુક્તને વિશે સમજાયો કહેવાય. અને મહારાજને પ્રારબ્ધ ત્યારે જ જાણ્યા કહેવાય. કંઈ સંકલ્પ થાય ને એ સંકલ્પ એ મનુષ્યભાવ. એ નુકસાન કરે. ત્યારે કોઈ દિવસ એમ ન કહેવું કે આવું કેમ થયું? કેમ થયું એમ કેમ બોલાય? શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ થયા પછી બોલીએ તો ગુનેગાર નહિ? કદી ય ગુનેગાર ન થવું. હાણ-વૃદ્ધિ તો એની ઈચ્છાથી થાય છે. મહારાજની અકળિત કળાનો કોઈ પાર ન પામે. હાણ થઈ થઈને દેહ પડી જાય. બીજું શું પડી જવાનું હતું. આપણે ઘરડા થઈને હેરાન થઈને ધામમાં જઈએ એના કરતાં આ તો જલદી મહારાજ આપણને લઈને જતા રહે.

## ૩૬૩

**શ્રીજીમહારાજનો ખરો આશ્રિત હોય, શ્રીજીમહારાજ અથવા તેમના અનાદિમુક્તની પ્રસન્નતા મેળવી હોય એવા ભક્તનું અપમૃત્શું (કચડાઈ, સળગી કે ઉપરથી નીચે પડીને) થયું હોય તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

દિવ્ય સ્થિતિવાળા ભગવાનના મુક્તો હોય એને

ખબર પડે છે મહારાજ શું કરે છે. મહારાજને એક પ્રશ્ન પૂછેલો કે મહારાજ! તમારો કોઈ મુક્ત પર્વત ઉપરથી પડે કે કોઈ સળગીને ધામમાં જાય, કોઈ કચડાઈને ધામમાં જાય એ બિચારાને કેટલું દુઃખ થતું હશે? મહારાજ! તમને દયા નથી આવતી? આવું કેમ કરો છો? તમે તો દયાળુ છો. પછી મહારાજ હસ્યા કે તું મને કેવો સમજે છે? તો કહે, કરુણાસાગર. મહારાજ કહે, તો પછી મને ખબર નહિ હોય? પણ મહારાજ તમે કંઈ કહો તો ખબર પડેને! ત્યારે મહારાજ કહે, જુઓ, એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે મારો આશ્રિત ખરેખર હોય, મારી પ્રસન્નતા મેળવી હોય, મારા મુક્તના રાજીપામાં આવી ગયા હોય તો એવા ભક્તને હું એવી રીતે સંભાળું છું કે એને દેહથી જુદા કરી દઉં છું. તરત જ. ઘા પડ્યા પહેલાં. એટલે જેમ શબ ઉપર ગમે તેટલા લાકડાં ખડકે તો દુઃખ ન થાય એમ એને દેહથી જુદા પડ્યા પછી દુઃખ રહ્યું ખરું? જરા ય દુઃખ રહેતું નથી. તે ખૂબી છે. મહારાજ એને દેહમાંથી ખેંચી લે છે. પછી દેહ સાથે ધમાલ કરે તો શું વળે? જેમ પેલા સંતને વૈરાગીએ લાકડાથી માર્યા તો લાકડી તૂટી ગઈ તો સંતે લાકડીનો ખરખરો કર્યો કે ભાઈસાહેબ! માફ કરજો તમારી લાકડી તૂટી ગઈ. બોલો! પછી એ સંતને પૂછ્યું કે તમને વાગ્યું નહિ? ત્યારે કહે મને કંઈ વાગ્યું નથી, પણ મહારાજને સોળ ઉઠી ગયા. મહારાજે એ લાકડીના ઘા ઝીલી લીધા! પૂર્ણ પુરુષોત્તમને તો શું

વાગવાનું હતું? પણ દેખાડ્યું કે અમારે અમારા મુક્ત સાથે આત્મબુદ્ધિ કેટલી છે.

ભગવાનના કોઈ પણ ભક્તનો અકસ્માતથી કે એવી રીતે દેહ પડે, આપણા કુટુંબમાં કે બીજાનો તો કોઈ દિવસ સંકલ્પ ન કરવો કે આમ કેમ થયું હશે. એવો સંકલ્પ થાય તો એ મનુષ્યભાવ કહેવાય. દિવ્યભાવમાં એટલી ખામી. એટલી આપણી સમજણ ખોટી. મહારાજને પ્રારબ્ધ જાણ્યા પછી કેમ એવો સંકલ્પ થાય? તો કેટલું સરસ ભવ્ય મૃત્યુ! કોઈ પણ જાતની ઈજા વગર પોતાની મૂર્તિના સુખમાં કિલ્લોલ કરાવી દે એ થોડી વાત? પણ જો આપણે વૃદ્ધ થઈને મરીએ તો આપણે હેરાન થઈ પડીએ. માંદા પડે, રોગની દવા કરે, આ કરે, હેરાન થાય. તો આ તો ભવ્ય મૃત્શું કહેવાય. કંઈ ઈજાય ન થાય, વાગે નહિ, લાગે નહિ, કંઈ નહિ અને મહારાજ પોતાના સ્વરૂપમાં દિવ્ય સાકાર બનાવીને ખેંચી લે એ કંઈ થોડી વાત? એ તો મોટામાં મોટો રાજીપો. તેમાં જ બોલ્યા ને કે પર્વત ઉપરથી પડે, ગમે તેમ કરે, પણ મારા ભક્તનું અકલ્યાણ કદી થતું નથી. કલ્યાણ જ થાય છે. કલ્યાણ શું? તો પોતાના સ્વરૂપમાં રાખી દે એનું નામ કલ્યાણ.

આપણે દરેક ક્રિયા કરતાં કરતાં મહારાજ કરે છે એવો ભાવ જીવમાં બેસાડી દેવો. અને કોઈવાર આવા અકસ્માતના કે અકાળ મૃત્યુના પ્રસંગો બને તો સંકલ્પ પણ

ન કરવો. જ્યારે અવરભાવની દૃષ્ટિએ જોઈએ તો આઘાતનો પાર નહિ એવું લાગે. કારણ કે આ લોકમાં તો ખોટ પડી જાયને? પણ એટલું હંમેશા સમજવું કે આ રીતે ખોટ પડી જાય તે ભગવાન ગમે તે રીતે, કોઈ ને કોઈ પ્રકારે એ ખોટ આપણને થોડા સમયમાં પૂરી કરી દે. આ જોજો. Mark કરજો. ધીમે ધીમે એવું ઊભું કરે કે બધું સરસ થવા માંડે. અને જે ખોટ હોય તેના લીધે જે થવાનું હોય તે સરસ રીતે થાય એવું સર્જન કરી મૂકે. આવી વિધિમાં થોડો સમય લાગે. ત્યાં સુધી આપણને ભજન કરાવે, પાછી વૃત્તિ કરાવે એવું બધું જ કરાવે. કરાવેને? એના દંડનો અર્થ જ એ છે કે કેમ પોતા તરફ ખેંચી રાખવો. એટલે થોડી તકલીફ આપે. આપણે એમને ભૂલી જઈએ કે તરત જ પાછા વાળવા માટે તકલીફ ઊભી કરે. પછી આપણે કહીએ કે હે મહારાજ! દયા કરો! એમ સંભારીએ ખરા. એમ મહારાજને ભૂલી જઈએ ત્યારે મહારાજ આપણને નાની તકલીફરૂપ પ્રસાદી આપે. એ તકલીફ પ્રસાદી કહેવાય. બીજા લોકના જીવો જેવી તકલીફ નહિ.

## ૩૬૪

## શ્રીજીમહારાજે અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીને શા માટે મોકલ્યા?

જગતમાં જન્મેલા કોઈ પણ જીવને છેવટે મૂર્તિ, મૂર્તિ

ને મૂર્તિ જ કરીને સમાપ્ત થવાનું છે. જીવન વિકસાવીને છેવટે અંતસમયે જો આ થઈ જાય તો જ આખું જીવન સાર્થક થયું ગણાય. બાપાશ્રીને મહારાજે આ કરવા માટે જ મોકલ્યા હતા કે બસ મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ. સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા, એ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રહેવાની અનાદિમુક્તની સ્થિતિ અને ભગવાન સ્વામિનારાયણના ગૂઢ રહસ્યો ઉકેલવાને માટે બાપાશ્રીને શ્રીજીમહારાજે મોકલ્યા અને તે તેમણે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ વડે જ કર્યું. બાપાશ્રીને કંઈ કરવાનું બાકી રહ્યું નહોતું. સ્વામિનારાયણ ભગવાને પોતાની મૂર્તિના સુખમાંથી તેમને અહીં પૃથ્વી ઉપર પ્રગટ કર્યા. તે તેમના આદર્શ તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોની સમજ આપવા માટે, તેમનું દિવ્ય સર્વોપરી સ્વરૂપ સમજાવવા માટે. અહીંયા આ પૃથ્વી ઉપર સર્વ જીવોને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ તેનું એવું મનન કરાવ્યું કે ભગવાન સ્વામિનારાયણના ઉત્તમોત્તમ વિશ્વ વ્યાપક સત્સંગની દૃઢતા કરાવી.

## ૩૬૫

**અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીએ બાળ અવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં જવાનું કેવી રીતે શીખવ્યું? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

બાપાશ્રીએ બાળ-અવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં જવાનું

કહ્યું એ આચરણથી બતાવ્યું કે જો હું આચરણ નહિ કરું તો આ શબ્દોનો સ્પર્શ નહિ થાય. બાપાશ્રી નાનપણમાં રમતો રમતા તો સૌથી પહેલા આવે અને બાળકો એમ પૂછે કે બાપા! આવી રમત તમે કોની પાસે શીખ્યા? તો કહે કે મહારાજ ભગવાન સ્વામિનારાયણે મને શીખવી અને એને લીધે એમને હું ભેળા રાખું છું તો બધી જ ક્રિયાઓમાં મારો પ્રથમ નંબર આવે છે. જો તમે પણ મહારાજની મૂર્તિને ભેળી રાખો તો તમે પણ મારા જેવા જ પ્રથમ થઈ જાવ. તો બાળપણથી માંડીને એમણે શું શીખવી દીધું? મહારાજની મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ. આ મૂર્તિ જો એક વાર પ્રાપ્ત થઈ જાય, એ મૂર્તિના દિવ્ય દર્શનની ઝાંખી થઈ જાય તો સારા ય જગતોના સુખ એક ક્ષણવારમાં ખારાં થઈ જાય. આપણે બધાએ આ મૂર્તિના આશીર્વાદ ઝીલ્યા છે, સૌ એ મૂર્તિનું અનુસંધાન રાખે છે, છતાં પણ આપણે મહારાજને અને બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે આપણને જે શીખવ્યું તેવું નિરંતર પળેપળ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રહે.

## ૩૬૬

**સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે મરણ ખાટલી શા માટે તૈયાર કરવી હતી? તે મરણ ખાટલી હાલમાં ક્યાં છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

પ્રતિલોમ ધ્યાનની લટક મહારાજે પણ શીખવી હતી,

પણ એ વખતે આવું જ્ઞાન પચાવી શકે એવા થોડા હતા. એ વખતે પાત્રતાના અભાવે ભગવાનને સર્વોપરી સમજવામાં આનાકાની કરતા હતા. એક વાર તો મહારાજે મૂંઝવણ દેખાડી. પુરુષોત્તમનારાયણને તો શું મૂંઝવણ હોય? શું દેખાડે છે ખબર છે? કેટલાક સંતો જુદા- જુદા ધામમાંથી આવ્યા હોય એણે ભગવાનને વિશે જે ભાવ કર્યો હોય એ રૂપે દેખે. એથી આગળ ન વધે. ગોપાળાનંદ સ્વામી જેવાને ખૂણિયું જ્ઞાન કહેતા હતાને! મહાન સંતો જેમ છે એમ સમજાવે એટલે આડા ચાલે. પ્રતિબંધ કરાવે કે એવું નહિ બોલવાનું. મહારાજે એક વાર મૂંઝાઈને શું દેખાડ્યું? એક મરણ ખાટલી તૈયાર કરાવી. એ જૂનાગઢમાં પડી છે. મહારાજે મરણ ખાટલી રાખી. પછી જે - જે સંતો આડા આવતા હતા, મહારાજનું સર્વોપરીપણું જેમને નહોતું સમજાતું તો મહારાજ કહે આને હવે પરાણે મારા સુખમાં મૂકું ત્યારે પાર આવશે. ત્યાં સુધી પાર નહિ આવે. મહારાજ કહે, આ ખાટલી તૈયાર કરી છે એ ખાટલીમાં સૂવે એ ભગવાનના ધામમાં જાય. પછી પેલા સંતો કહે, મહારાજ, એવું થોડું હોય? આજે સાજો-સારો હોય ને ધામમાં કેવી રીતે જાય? તમે ય શું સાવ ગાંડા જેવી વાત કરો છો? મહારાજ કહે, કરો અખતરો ત્યારે. સૂઈ જુઓ. પોઢાડો. પુરુષોત્તમનું સ્વરૂપ સમજવામાં જે આડા આવતા હતા એ સંતો માટે આ પ્રકરણ હતું. સંતો કહે, મહારાજ, પોતે કહે છે તો ચાલો

જોઈએ કે શું કરે છે?

એક જણ કહે, મહારાજ, હું સુઉં છું મહારાજ કહે, બિરાજો. એટલે પોઢ્યા. પોઢ્યા એવા જ ધામમાં તો પેલો કહે આ તો ધામમાં ચાલ્યો ગયો! આમ-તેમ જુએ. મહારાજ કહે, એ તો ગયા ધામમાં. અમારા સુખમાં આવી ગયા. હવે શું જો-જો કરો છો? પછી એક જણ કહે, મહારાજ! એને તો એવો રોગ હતો. મહારાજ કહે, તમે અખતરો કરી જુઓ. તો એને પણ ધામમાં મોકલી દીધા. એમનો અગ્નિસંસ્કાર કરીને આવ્યા ત્યાં વળી બીજાને વિચાર આવ્યો કે મહારાજ મને ધામમાં મોકલો તો ખરા. સજાગ થઈને કીધું હોં! કે કેવો ધામમાં મોકલો છો જોઉં તો ખરો? મહારાજે એક મિનિટમાં મેલી દીધા. એય નીકળી ગયા ધામમાં. એમ એક પછી એક એકસઠ જણા હતા તે બધા ધામમાં ગયા. તેઓ દેહાભિમાન, અહંકાર છોડે નહિ, મમત્ત્વ છોડે નહિ એટલે એમ કરતાં - કરતાં એક જ વળીએ મહારાજે એકસઠ જેટલા સંતોને પોતાના ધામમાં મૂકી દીધા. બીજા ધામમાંથી આવેલાને પોતાના સુખમાં મૂકી દીધા. કારણ કે પુરુષોત્તમનારાયણ ખાટલી તૈયાર કરે પછી ક્યાં મૂકે? હવે કોઈ પુરુષોત્તમના સ્વરૂપની ઉપાસના ને જ્ઞાનમાં આડું આવે એવું રહ્યું નહિ. મહારાજને એવી મૂંઝવણ થઈ ગઈ એટલે આવું ચરિત્ર કર્યું. ત્યારે આપણા માટે ભગવાનને એવું ચરિત્ર કરવું ન પડે એવું કરવાનું.

## ૩૬૭

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તો જ્યારે દયા રાખવાનું કહે તેનો અર્થ શું સમજવો?

આપણે એમને કહીએ કે બાપા! અમારા ઉપર દયા રાખજો. મહારાજ અને એવા અનાદિમુક્તો જ્યારે એમ કહે કે દયા રાખજો ત્યારે એનો અર્થ એ કે શ્રીજીમહારાજના વચનોનું જેમ બાપાશ્રીએ પોતાના વર્તન દ્વારા - પોતાને તો કંઈ કરવાનું હતું જ નહિ છતાં - જે ધર્મ-નિયમેયુક્ત એવું અણીશુદ્ધ વર્તન બતાવ્યું તેવું સદાય રાખજો. તેવી અમારા ઉપર દયા રાખજો એમ કહેવા માગે છે કે જેથી અમારું ઝાંખું ન દેખાય. તો આપણે એમના વચન અદ્ધરથી ઝીલીને પંચ વર્તમાનેયુક્ત વર્તી મહારાજની મૂર્તિમાં જોડાઈ અને બધું કામ કરીએ તેવી દયા આપણે ઝીલી લઈએ. દયા રાખવાનો અર્થ એ થાય. આપણે એમ કહેવું જોઈએ કે હે દિવ્યસ્વરૂપ મહારાજના મુક્ત! તમે અમારા ઉપર દયા રાખજો. એનો અર્થ એ છે કે અમે ખૂબ સાવધાન તો રહીશું, પણ અમારામાં અંતરપડદે રહીને અમારું સેવન કરજો કે જેથી ધર્મ-નિયમમાં કે શેમાં ય કોઈ વાંધો આવે નહિ અને મહારાજની મૂર્તિને ન ભૂલાય. આપણે એ દયા રાખવાનું કહેવાનું છે.

એમણે એમ કહ્યું કે અપરાધ કંઈ થઈ ગયો હોય, કોઈને કંઈ કહેવાઈ ગયું હોય તો ક્ષમા કરજો. એ આપણને

એમના દ્વારા શીખવે છે કે જ્યાં સુધી છેવટની સ્થિતિ પમાય નહિ, ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પ પણ થઈ જાય. મનુષ્યભાવ પણ આવી જાય, કોઈને કંઈ કહેવાઈ જાય એવું બને અને પછી પશ્ચાત્તાપ થાય એવું પણ બને. એટલે એવું ન બને એવું દયા રાખવાના અર્થમાં પણ આવે છે. તો આપણે એમના એ શબ્દો અદ્ધરથી ઝીલી લઈએ. આપણે એમને પ્રાર્થના કરીએ કે એવી દયા અમારા ઉપર તમે કરજો. આપણા સ્વભાવ દેખાય, એમાં અમારામાં કંઈ કચાશ હોય તો દૂર થઈ જાય.

## ૩૬૮

## શ્રીજીમહારાજના જીવન ચરિત્રોની સાથે સાથે એમના અનાદિમુક્તો-સંતોના જીવનનું પણ અધ્યયન શા માટે કરવું જોઈએ?

મહારાજ અને મહારાજના મુક્તના જે શબ્દો છે તેના શબ્દે-શબ્દ આગળ પહોંચીએ તો મહારાજ હાથ આવી જાય. પરમ કૃપાળુ બાપાએ તેમની વાતોમાં શ્રીજીમહારાજના તત્ત્વજ્ઞાનની બધી જ સ્પષ્ટતા કરી છે. મહારાજ અને મુક્ત પરમાર્થને અર્થે પૃથ્વી પર આવ્યા. પરમાર્થ એનું નામ કે જીવોનું આત્યંતિક કલ્યાણ. તે એટલી હદ સુધી કર્યું કે મહારાજના સમયમાં જીવો સર્વોપરી પરમાત્માને સમજવાની ગતિશક્તિ ધરાવતા નહોતા. એટલે સંતોએ કીર્તન, વાતો, વચનામૃતમાં માર્મિક રીતે એ

સર્વોપરીતા અને મૂર્તિમાં રહેવાની વાતો કરી છે.

અહીંયા મહારાજની મૂર્તિ સાથે બાપાના સ્વરૂપનું સ્થાપન કર્યું તેનું કારણ એ છે કે બાપાશ્રીના જીવન ચરિત્રોને જો મનનપૂર્વક વાંચે તો મહારાજના સ્વરૂપમાં જોડાઈ જવાયા સિવાય રહેવાય નહિ. માત્ર પારાયણ નહિ. એ જીવનચરિત્રમાંના શબ્દે-શબ્દે મહારાજની મૂર્તિ સુધી પહોંચી જવાય. મહારાજના જીવનચરિત્રની સાથે સાથે લીલા ચરિત્રની સાથે-સાથે તેમના સંતોના જીવનનું અધ્યયન કરવું જોઈએ.

## ૩૬૯

## આપણને દરેક વાતમાં સંકલ્પ-વિકલ્પ શા માટે થઈ જાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

હવે એવો સમય આવી ગયો છે કે જો સમજણ શક્તિ વિશાળ નહિ બનાવીએ અને સંકુચિત રાખીએ તો મહારાજની મૂર્તિ કેવી રીતે હાથ આવશે? દરેક વાતમાં સંકલ્પ થઈ જાય તો શ્રદ્ધામાં એટલી ખામી ગણાય. અનાદિમુક્તે દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા. બ્રહ્માનંદ સ્વામીને કે ગોપાળાનંદ સ્વામીને સ્થાપિત કરો તેમાં કોઈ ફરક નથી. બંને એક જ છે. કારણ કે તેમના દ્વારા શ્રીજીમહારાજનું કર્તાપણું છે. એવી સંકુચિતતા પોતામાં રહે છે કે જૂની માનીનતા રહે છે તે અજ્ઞાન છે તે કાઢવું જોઈએ.

પ્રણાલિકા તો બદલ્યા જ કરે. મહારાજે કેટલા પ્રકરણ બદલ્યા? ૧૧૪ પ્રકરણ બદલ્યા. જેમ-જેમ સંજોગો બદલાય તેમ- પ્રકરણ બદલાતાં રહે. સિદ્ધાંત તો તે જ રહે છે. મહારાજે કહ્યું અમારા અનાદિમુક્ત અમારા સંકલ્પ છે. અમારા પડછંદા છે. અનાદિમુક્ત દ્વારા બોલનારા કોણ? મહારાજ. મુક્ત દ્વારા મહારાજ બોલે છે. એ પડછંદા નહિ? તો આમાં સંકલ્પ કરવાની ક્યાં જરૂર છે? જો સંકલ્પ કરશો તો ભગવાન બાજુ પર રહી જશે. કેટલીક વાર જ્ઞાન કરતાં વાદ-વિવાદમાં પડી જાય. વાદ-વિવાદને લીધે છેડો હાથ આવે નહિ. કેટલા બધા વાદો ઊભા થયા છે. તેની ચર્ચા કર્યા કરીએ તો ભગવાન હાથ આવે નહિ. એનો વાદ લઈએ તો માથું ભમી જાય. બાપાશ્રીએ કહ્યું છે કે સર્વોપરી ભગવાનને જાણવા પડશે એ વાત ચોક્કસ છે. તો બીજી બધી વાત પડી મૂકો. જે ગામ જવું નહિ તેનો રસ્તો જોઈને શું કામ? જે વસ્તુ પામવી હોય તેમાં લક્ષ કેન્દ્રિત કરવું. તુલસીદાસજીએ રામનું ભજન કર્યું કે નહિ? એ કક્ષાએ પતિવ્રતાપણું જાળવવું પડે. પતિવ્રતાની ટેક મુક્તોએ પણ રાખી છે. તો સર્વોપરી પરમાત્માના મુક્તોને વિશે શા માટે સંકલ્પો કરવા જોઈએ? સંકુચિતતા ને અજ્ઞાન એ બધું છોડીશું તો પાર આવશે. નહિતર જીવન ચાલશે ત્યાં સુધી એ ચાલ્યા જ કરશે. જ્યાં સુધી સંકલ્પ-વિકલ્પ થયા કરે, ત્યાં સુધી સમજવાનું છે તે બરોબર ન સમજાય. જો સમજ્યા નથી તો શું કરવું?

મહારાજની મૂર્તિનું મનન કરવું. મહારાજનું ધ્યાન કરવું. બાપા કહે છે કે મહારાજનું ધ્યાન કરો, ધ્યાન કરો. હાલતાં-ચાલતાં જેટલું શક્ય હોય તેટલો મૂર્તિનો સંબંધ કરતાં રહેવું. આપણે કાર્ય કરીએ એ વખતે મૂર્તિમાંથી વૃત્તિ તૂટી જાય તો એ પ્રવૃત્તિ બની જાય. વૃત્તિ તૂટી જાય તો અંતરવૃત્તિ ન થાય. માટે દરેક કાર્ય કરતાં પહેલાં થોડી વાર મૂર્તિની સ્મૃતિ કરીને પછી તે કાર્ય એકાગ્રતાપૂર્વક કરવું તો કાર્ય સરસ થાય. નોકરી વગેરે એકાગ્રતા કરવાના કાર્યમાં એ કાર્યમાં જ વૃત્તિ એકાગ્ર કરવી, નહિતર કાર્ય બરોબર ન થાય પણ નાતાં-ધોતાં, ખાતાં-પીતાં એવે વખતે મૂર્તિ સંભારવી. એ વખતે મહારાજરૂપ વૃત્તિ કરી શકીએ કે નહિ? એમ કરીએ તો રસ્તો સહેલો થઈ જાય.

## ૩૭૦

## અનાદિમુક્તની વાતમાં (વાણી-જવાબ) અને ભગવદીય ઉચ્ચ સાધનદશાવાળા મુક્તની વાતમાં શું ફરક છે?

કેટલીક વાર મહારાજના મુક્ત બોલે એ સમજવું એ ઘાંટી છે. જ્યારે ન સમજાય ત્યારે એમને જ પૂછવું બીજાને પૂછવાથી ન સમજાય. બીજા તો કાંઈનું કાંઈ કહે. એને તો બુદ્ધિથી જવાબ આપવાનો હોય અને અનાદિમુક્તને અનુભવથી કહેવાનું હોય.

આ મેં બધું નજરે જોયું હોય તો હું કહી શકું ને કે આ

ગુણાતીતાનંદ સ્વામી છે, આ મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, આ શતાનંદ સ્વામી છે. આ ઈશ્વરચરણદાસજી સ્વામી છે. એમ અનુભવથી વાત કરવી એ અનાદિમુક્ત કરે છે અને બીજા ભગવદી ઉચ્ચ સાધનદશાવાળા મુક્તો બુદ્ધિથી, જ્ઞાનથી, વિચાર કરીને જવાબ આપે. એમાં કોઈક વાર ભૂલ પણ હોય. અનુભવીના શબ્દોમાં ભૂલ થવાનો કોઈ સંભવ નથી. કારણ કે પરમ કૃપાળુ સર્વોપરી ભગવાનની ઇચ્છા મુજબ જ એ બોલે છે. એમાં કેમ ભૂલ હોઈ શકે? તો બાપાશ્રીએ રહસ્યાર્થ કર્યું તો એમના જેવું કર્યું. એ તો ઉત્તમ જ હોયને. સર્વોપરી વાત સમજવી કાંઈ સહેલી છે? ભગવાનને ઓળખવા એ પીએચ.ડી. થવા જેવું છે, તો પીએચ.ડી. થવાને માટે, ભગવાનને ઓળખવા, માટે ઝીણી બુદ્ધિ જોઈએ. તો એ ઝીણી બુદ્ધિ અનાદિમુક્ત થકી મળે.

આ લોકમાં વૈજ્ઞાનિકની ઝીણી બુદ્ધિ કહેવાય. ભગવાનના શબ્દોમાં એ ઝીણી બુદ્ધિ ન કહેવાય. કારણ કે એ ભગવાનને ઓળખી શક્યા નહિ. કૃષ્ણમૂર્તિ કેવા હતા, ખૂબ બુદ્ધિશાળી હતા. એને ઈન્ટેલિજન્ટ જાયન્ટ કહેતા. તો પણ જ્યાં સુધી પ્રભુ ખરેખર નહિ ઓળખાય, ત્યાં સુધી એ ઝીણી બુદ્ધિ કહેવાય નહિ. એ જાડી બુદ્ધિ કહેવાય. જે બુદ્ધિ પ્રભુ ઓળખાવે એ બુદ્ધિને હું ઝીણી બુદ્ધિ કહું છું. કારણ, જેણે ભગવાન ઓળખ્યા એની ઝીણી બુદ્ધિ જેણે ભગવાન ન

ઓળખ્યા એની જાડી બુદ્ધિ. આ સાદામાં સાદી વાત, તો મહારાજની વાતો તો મહારાજના અનાદિમુક્ત થકી જ સમજાય. નહિ તો ગડમથલ ચાલ્યા જ કરે અને દુઃખ મટે નહિ. માટે જ્યારે કોઈ શંકા હોય તો શંકા અંદર સંઘરવી નહિ હો! એ બધું નર્ક તુલ્ય છે. આ શંકા, અવિશ્વાસ, ભસવું એ બધું નર્ક તુલ્ય છે. એ અંદરનો ગંદવાડ ન રાખવો, કાઢવો બહાર. અને એ કાઢવામાં જો મુશ્કેલી પડે તો મહારાજ અને મુક્ત તો બેઠા જ છે. ને ક્યાં જતા રહ્યા છે? જેને એ કાઢવું છે એને જરૂર ભગવાન મળે છે. મહારાજ જરૂર મદદ કરે છે. જે સર્વવ્યાપક છે એ આપણી સાથે છે. એને પામવાની આપણી ઈચ્છા જોઈએ. તો તરત કામ આવે.

## ૩૭૧

## સંકલ્પ શમાવે તે સંત અને ન થાય તે ભગવંત એ ભગવંત કોને કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજના અનાદિમુક્તને ભગવંત કહેવાય. એમને સંકલ્પ થવાનો કોઈ સંભવ જ નથી. સંત તો સ્વયંહરિ છે, પણ સંકલ્પ શમાવે એ સંત એમ કહ્યું. તેમાં ઓછીવત્તી પાત્રતા હોય. તો ભગવાનને શરણે ગયા હોય એ બધાયને સંત કહેવાય. એમને સંત તો કહેવા જ પડે, પણ એ

સંતતાની પરાકાષ્ઠા એ ભગવંત સ્થિતિ છે. અનાદિમુક્તની સ્થિતિ છે.

## ૩૭૨

**ભગવાન સાકાર છે કે નિરાકાર? તેના વિશે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક પંડિતે સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે ભગવાન સાકાર છે કે નિરાકાર? તો સ્વામીએ જવાબ આપ્યો કે ભગવાન નિરાકાર પણ છે ને સાકાર પણ છે. પછી પેલા પંડિત કહે હું કાંઈ સમજ્યો નહિ. સ્વામી કહે તમે આટલા બધા શાસ્ત્રો ભણ્યા તો ય મારી વાણી પણ તમે સમજતા કેમ નથી? શું કારણ? મેં તમને એક જ વાક્યમાં જવાબ આપ્યો કે ભગવાન સાકાર છે અને નિરાકાર પણ છે. તો તે કહે અરે! બે ય કેવી રીતે બને? સ્વામી કહે એ બંને વાતની ત્યારે જ ખબર પડે કે જ્યારે ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય. તમારી ઉંમર કેવડી મોટી થઈ! તમે હજુ દરરોજ, કાયમ શાસ્ત્રોનું મનન કરો છો. મારી વાત સાચી છે કે ખોટી તે કહો? તેમ છતાં ય તમને આ વસ્તુ સમજાઈ નથી. ત્યારે એ વાતો શું કામ આવશે? તમે કહો એ વાતો તમારી સાથે આવશે ખરી? તો કહે હવે શું કરવું? સ્વામી કહે હવે જાગ્યા ત્યાંથી સવાર. સાચી સમજણ કેળવો, કે

ભગવાન દિવ્ય સ્વરૂપે સાકાર છે અને પોતાનામાંથી નીકળતી અન્વય દિવ્ય શક્તિ જે પ્રકાશરૂપ છે, જે અનંત બ્રહ્માંડોમાં વ્યાપક છે, બધા પ્રકાશથી જુદો પ્રકાશ છે. જેને કોઈ આવરણ નથી. ઘટ ઘટમાં સર્વત્ર વ્યાપક છે. એ મહારાજની અન્વય શક્તિ નિરાકાર છે. ભગવાન એ અન્વયશક્તિ દ્વારા નિરાકારરૂપે વર્તે છે. અને જીવના ચૈતન્યને એક મહાન, વરિષ્ઠ દિવ્ય સુખ આપવા માટે પોતે સાકાર સ્વરૂપે બિરાજે છે. એ તો જ્યારે અનુભવ થાય ત્યારે જ ખબર પડે ને? સાકર અને ગોળ બંનેના સ્વાદમાં ખૂબ ભેદ છે ને? ખરેખર બંને ગળ્યા છે, પણ બંનેનું ગળપણ અલગ-અલગ છે. તો ખબર ત્યારે જ પડે કે મોઢામાં સાકર લે અને પછી ગોળ લે એટલે ખબર પડે. ત્યાં સુધી ન જ પડેને? આ અન્વય અને વ્યતિરેક સ્વરૂપની ત્યારે જ ખબર પડે કે જ્યારે ભગવાનના સુખનો અનુભવ થાય. દિશ બતાવાય, પણ જ્યાં સુધી એ સુખનો અનુભવ ન થાય, ત્યાં સુધી શંકા રહ્યા કરે. તો એ શંકાને ટાળવાને માટે અનુભવ કરવો પડે.

## ૩૭૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના અર્થ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સ્વામિનારાયણ ડિવાઈન મિશન એટલે આપણું બધાનું હું ડિવાઈન મિશનનો અર્થ સમજાવું. સ્વામિનારાયણ

ભગવાનનું ડિવાઈન મિશન કોને કહેવાય કે આત્યંતિક કલ્યાણનું એટલે કે આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચલાવનાર મુક્તમંડળ એટલે સ્વામિનારાયણ ડિવાઈન મિશન. તો Are we not all Swaminarayan Divine Mission? We are all Swaminarayan Divine Mission. Don't understand that Swaminarayan Divine Mission is something different. આપણે બધા સ્વામિનારાયણ ડિવાઈન મિશન જ છીએ. આપણે આત્યંતિક મોક્ષનું સદાવ્રત નથી ચલાવતા? ચલાવીએ છીએ. બધાને મહારાજને ઓળખાવીએ છીએ.

## ૩૭૪

## એક જીવને શ્રીજીમહારાજ સન્મુખ કરીએ તો તેનું ફળ કેટલું થાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજના સમયમાં મહારાજે દરેક સંતને એક નિયમ આપેલું કે પાંચ જણને વર્તમાન ધરાવવા. કદાચ પાંચ જણા વર્તમાન ધરાવવા તૈયાર થાય એવા ન મળે તો છેવટે વનસ્પતિને પણ વર્તમાન ધરાવવા કારણ કે જે ચૈતન્યો ભગવાનને બરાબર ભજી શક્યા નહિ તે ચૈતન્યોએ વનસ્પતિનો જન્મ લીધો. એટલે અમારા સંતોએ એમને પણ વર્તમાન ધરાવવા. જો પાંચ જણ ન મળે તો જ. એ શરત કરી. ત્યારે મહાપ્રભુએ સમજાવેલી આ ભારતીય સંસ્કૃતિ

આપણે સૌને સમજાવવી. એ ખરો ધર્મ નહિ? ખરેખરી સેવા એ. એ સેવા કરીએ તો મહારાજ આપણને ઈનામ આપે. ઈનામ શું? પોતાની મૂર્તિનું સુખ. જે આ કામ કરે એના ઉપર મહારાજ બહુ રાજી થાય. મહારાજની મૂર્તિમાં રહેવાની વાત રસ પડે એવી રીતે કહેતા આપણે જો શીખી જઈએ તો મહારાજ બહુ રાજી થાય. એક જીવનો ઉદ્ધાર થાય તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે. તો વિચાર કરો કે જીવને ઉગારવા માટે જ ભગવાનનો દેહ હતો કે નહિ? ભગવાન પ્રગટ શા માટે થાય? પોતાના ભક્તો જે હતા એને લાડ લડાવવા. અને મૂર્તિના સુખમાં છે એને તો સદાય લાડ લડાવે જ છે. એમાં તો કોઈ સવાલ જ નથી. ત્યારે જીવનો ઉદ્ધાર કરવો એ મુખ્ય વસ્તુ છે. તો આપણો તો ઉદ્ધાર ભગવાને કરી દીધો. તો બીજાનો ઉદ્ધાર થાય એવો પરોપકાર કરવામાં કંઈ વાંધો ખરો? તો શા માટે ભૂલીએ? કદી પણ નહિ ભૂલવું જોઈએ.

## ૩૭૫

## શ્રીજીમહારાજની વાત બીજાને સમજાવતી વખતે આપણે શું ધ્યાન રાખવું જોઈએ? અને સાચું દાસત્વપણું ક્યારે આવ્યું કહેવાય?

આપણે મહારાજની વાત સમજાવતી વખતે પોતાપણું આવવા દેવું નહિ. હું વાત કરું છું એમ નહિ, પરંતુ એમ

સમજવું કે મહારાજ મારામાં રહીને બધું યાદ કરાવીને બોલે છે અને પોતે આશીર્વાદ આપે છે. આપણને ઘણીવાર એમ થાય કે હું યાદ કરીને બોલું છું. ના, ના એવું નથી. આ દિવ્ય સભામાં તો યાદ કરીને બોલો તો ય એ યાદ કરાવનાર મહાપ્રભુ જ છે. એટલે એની વાણી જ આપણા દ્વારા નીકળે છે. માટે પોતાપણું લાવ્યા સિવાય મહારાજની વાતો કરવી એ પણ પાંચ જણને વર્તમાન ધરાવ્યા બરાબર છે. પણ પોતાપણું નહિ આવવા દેવું જોઈએ. હું કહું છું, મારામાં આટલી શક્તિ આવી છે એ વાત કદીયે સ્ફૂરવી જોઈએ નહિ. મહારાજ કહે છે કે જ્યારે પોતાપણું નિર્મૂળ થઈ જાય ત્યારે સાચું દાસત્ત્વ આવ્યું કહેવાય. તે દાસત્ત્વના મહારાજે વખાણ કર્યા છે.

## ૩૭૬

**મરના-મરના સહુ કરે મરી ન જાણે કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય. આ સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીની સાખી દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

બ્રહ્માનંદ સ્વામીએ આપણને મૃત્શું ઉપર વિજય શીખવી દીધો. એમણે કહ્યું કે, મહારાજે આપણો મૃત્યુનો ભય મટાડી દીધો. અભય વરદાન આપી દીધું. બ્રહ્માનંદ સ્વામીએ એક સાખી લખી છે કે, મરના-મરના સહુ કહે મરી ન જાણે કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન

હોય. બ્રહ્માનંદ સ્વામી આ પંક્તિમાં એમ કહે છે કે, અનંત જીવો દેહ મૂકીને મરે છે અને લોકો પણ મરવા-મરવાની મૃત્યુની વાતો કરે છે, પણ કોઈ મરી જાણતું નથી. ત્યારે મરી જાણવું તે એનું નામ. બ્રહ્માંનંદ સ્વામી કહે છે, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય. ત્યારે ફિર જનમ ન હોય એમ કરવા માટે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા. ત્યાર પછી તેમના સંકલ્પથી તેમના અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી પ્રગટ થયા. અનંત અનાદિમુક્તો પણ તેમની સાથે આવ્યા. તેમણે સર્વોપરી ભગવાનનું સુખ પમાડવાને માટે રાત-દિવસ, ભૂખ-તરસ, ટાઢ-તડકો જોયા સિવાય એટલું બધું કામ કર્યું કે અનંત જીવોને એ દુઃખમાંથી મુક્ત કરી ભગવાનના સુખમાં પહોંચાડી દીધા.

## ૩૭૭

**પંચ વર્તમાન પાળવા અઘરા છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

કોઈ પણ વસ્તુ કરવી હોય તો મહેનત પડે. કોઈ પણ વસ્તુ જોઈએ તો ધનનો ઉપયોગ કરવો પડે, પરંતુ એક ભગવાનના નામનું રટણ અને ભગવાનનું નામ લેવામાં કોઈ પૈસાનું ખર્ચ કરવું પડે નહિ કે હાથ-પગ કે કાંઈ હલાવવું પડે નહિ. માત્ર જે આશીર્વાદ મળ્યા એમાં વિશ્વાસ રાખી, તેમના પંચ વર્તમાન જે સાવ સરળ છે, અઘરા લાગે છે તેનું

કારણ એ છે કે અનંત જન્મથી ચૈતન્યે પોતાનો સ્વભાવ કૃત્રિમ બનાવી દીધો છે. ચૈતન્યનો સ્વભાવ તો એવો છે કે ભગવાનના કલ્યાણકારી ગુણે યુક્ત વર્તવું. પંચ વર્તમાન પાળવામાં કંઈ અનુસંધાન ન રાખવું પડે. એ તો સહેજે પળાય. અને પંચ વર્તમાન વિગતે સમજીએ તો આપણને એમ લાગે કે એનું પાલન કરવું જરા ય અઘરું નથી. માત્ર મનને કેળવવું પડે. અને મનને કેળવવાને માટે તો ભગવાન સ્વામિનારાયણ આપણી સમક્ષ સહાયમાં છે જ. જેની સહાયમાં ભગવાન હોય એના માટે શું અઘરું?

## ૩૭૮

## સર્વોપરી જ્ઞાનનો પ્રસાર થતો નથી આગળ સુધી પહોચતું નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ સર્વોપરી જ્ઞાન આગળ નથી પહોંચતું એનું કારણ એ છે કે એ સમજવાની આપણને ગતિ નથી. તે સમજાવનાર અનાદિમુક્તો મહારાજની ઈચ્છાથી પ્રકાશતા નથી. એ મુક્તોને મહારાજે બાધિત રાખ્યા છે. બાધિતાનુવૃત્તિમાં શું થાય? આપણને બધાયને મહારાજે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા છે તે સત્ય હકીકત છે, પણ પાત્રતા ન હોવાને લીધે એ વસ્તુ જીરવી શકાય એવી નથી. એટલે એ ઢાંકી રાખી છે. આપણા સુખને માટે. એ કેવળ કૃપાથી થયું છે. આપણે પાત્ર છીએ એવું નથી. બાપાએ-

અનાદિમુક્તોએ- એમના દ્વારા શ્રીજીમહારાજે આપણને અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દીધા. એવા અનાદિમુક્તો કે જે મૂર્તિનાં સુખ લે છે તેની પંક્તિમાં આપણને બેસાડ્યા. એટલે હવે એમાં રાખીને આપણને પાત્ર કરે છે. એ પાત્ર જયારે થઈ જઈશું ત્યારે એ સુખનો અનુભવ આપોઆપ થવા લાગશે.

## ૩૭૯

## ભગવાનના સ્વરૂપમાં જોડવા માટે આહાર, મૌન અને એકાંત વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનનું એ સુખ મેળવવાને માટે, ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે શક્ય એટલું ઓછું જમીએ. બધી ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરીએ. એ ખરું તપ છે. એવું તપ ભગવાનને ખૂબ વહાલું છે. મહારાજે વનવિચરણ દરમ્યાન એટલું બધું આકરું તપ કરેલું કે શરીરમાંનું રૂધિર સૂકવી નાંખ્યું. આખા શરીરમાં પાણી સિવાય કાંઈ રહ્યું નહિ. રૂધિર વગર કોઈ જીવી શકે ખરો? ત્યારે એમણે કહ્યું કે, અમે તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. અમારે દેહ જેવું નથી. દેહનું રૂધિર સૂકવી નાંખીને શરીરમાં એકલું પાણી રહે એ વાત બીજાથી શક્ય નથી. બીજાની શિક્ષાને અર્થે મહારાજે એવું તપ કરી બતાવ્યું. તપથી ભગવાન રાજી થાય છે અને ભગવાનના સ્વરૂપમાં પ્રતિલોમ વૃત્તિ સરળતાથી થાય છે.

મૌનવ્રત ગ્રહણ કરીને એકાંત સેવનનો અનુભવ જે કરી શકે અને ખરેખર એમ કરે તો એના જેવું એકે ય સારું નહિ. જેમ સમય મળે એમ થોડું થોડું એકાંતનું સેવન કરવું જોઈએ. મૌન એટલે ભગવાનના સ્વરૂપમાં મન સ્થિરતાથી જોડાય અને મનની અસ્થિરતા બિલકુલ મટી જાય એનું નામ મૌન. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિની સંપૂર્ણ સ્થિરતા એ આત્યંતિક મૌન છે. મૌનનો અનુભવ તો જ્યારે જ્યારે અનુકૂળતા હોય, ત્યારે અવશ્ય પ્રાપ્ત કરવો જોઈએ. મહિનામાં કોઈ એવો અનુકૂળ દિવસ હોય ત્યારે મૌન રાખવું. રવિવારે અનુકૂળતા હોય તો તે દિવસે પણ મૌન રાખી શકાય. એવા કોઈ દિવસે સંપૂર્ણપણે મહારાજની મૂર્તિમાં જોડાવા માટે મૌન રાખવું. મૌનના નિયમો પ્રમાણે મૌન રાખી મહારાજની મૂર્તિમાં જોડાઈએ તો મહારાજ ખૂબ રાજી થાય.

મહારાજરૂપ છીએ એવો ભાવ દૃઢ થઈ જાય તો આપણને એમ લાગે કે મહારાજ ને મુક્તો સદાય ભેળા છે. પછી એકલાપણું લાગે ખરું? એકાંતસેવનમાં જો મહારાજ અને મુક્તોનું ભેગાપણું ન લાગે તો દિવસ કાઢવો કઠણ થઈ જાય. પણ ભગવાનની સોબત હોય અને એમની સાથે ગોઠડી ચાલતી હોય તો એકલાપણું ન લાગે. અત્યારે આપણે બધા ભેગા થયા છીએ તો એકલાપણું લાગે છે? શું કામ એકલાપણું નથી લાગતું? કારણ કે એકબીજા સાથે

ગોઠડી કરીએ છીએ. બધા ભેગા થઈને સાત્ત્વિક આનંદ કરીએ છીએ. એમ ભગવાનની સાથે સોબત હોય અને ગોઠડી ચાલતી હોય તો કોઈ દિવસ એકાંત જેવું લાગે જ નહિ. મઝા જ આવે. એમાં ક્યાં એકલાપણું રહે? એકલાપણું હોય તો મઝા ન આવે હોં! બેકલાપણું જોઈએ. મહારાજ અને મુક્તો. મહારાજ આવ્યા તો બધું આવ્યું. મહારાજે આપણને એવી રીતે ભેગા રાખ્યા છે. મહારાજ કહે છે કે ભાઈ, તમે કદી ય એકલા નથી. તમારી ભેળો હું અખંડ રહ્યો છું. એવો કેફ રાખો. એવી હૂંફ રાખો એમ મહારાજે અને બાપાએ કહ્યું છે. આપણે સૌ અહોભાગી છીએ! કોઈ નાના-મોટા નથી. કોઈને અધિક-ન્યૂન સુખ જેવું નથી. બધાયની એક સરખી સ્થિતિ કરાવી છે. અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દીધા છે. એટલે એમાં કોઈ દિવસ શંકા લાવવી નહિ.

## ૩૮૦

## મોટા મોટાને ઓળખે એટલે શું? તેના વિશે સદ્. શ્રી હરિનારાયણદાસજી સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રી હરિનારાયણદાસજી સ્વામી એ મહાન સદ્‌ગુરુ હતા. એક વાર મૂળીમાં મંદિર સંબંધી કંઈક બાંધકામનું કામ ચાલતું હતું. ત્યારે એક જણ પાલખ ઉપરથી નીચે પડી ગયો

ને ધામમાં જતો રહ્યો હોય એવું થઈ ગયું. એ વખતે હરિનારાયણદાસજી સ્વામી ધ્રાંગધ્રા મંદિરમાં હતા. તેઓશ્રી જાણી ગયા હોય કે બહારથી સમાચાર મળ્યા હોય તેની મને ખબર નથી. પણ એમને તે સમાચાર પહોંચી ગયા. ખબર મળ્યા કે પેલો કારીગર હતો તેનો દેહ પડી ગયેલો. સ્વામીશ્રીએ મહારાજને પ્રાર્થના કરી. ધ્રાંગધ્રા મંદિરમાં એકચક્ષુવાળી સુંદર મૂર્તિ છે તેમની આગળ ઊભા રહી પ્રાર્થના કરી કે, મહારાજ! તમારા મંદિરનું કામ થાય છે અને આ રીતે કોઈનો દેહ પડી જાય એ તો લાંછન લાગે. એ સારું ન કહેવાય. તમે કંઈક દયા કરો તો સારું, નહિતર આપણું ઝાંખુ દેખાશે.

ત્યારે મહારાજે એ વખતે પ્રતિમાભાવ છોડી દીધો. અને હરિનારાયણદાસજી સ્વામીને કહ્યું, સ્વામી, તમારો સંકલ્પ છે તો અમે ઝાંખું નહિ દેખાવા દઈએ. એ કારીગર હરિભક્તને દેહ પડ્યા પછી એનો જીવ અમે અમારી પાસે ખેંચી લીધો છે, પણ તમારો સંકલ્પ છે એટલે તેના જીવને ફરીથી તેના દેહમાં મૂકી દઈએ છીએ. પછી પેલા દેહ મૂકી ગયેલા કારીગર ભક્ત બેઠા થઈ ગયા. એવા સમર્થ એ સદ્‌ગુરુ હતા. એવા મોટા સદ્‌ગુરુ પણ અબજીબાપાશ્રીનો જોગ-સમાગમ કરતા. એક વાર બાપાશ્રી મૂળી પધાર્યા હતા ત્યારે સ્વામીશ્રીને આંખે સારું ન હતું. ખૂબ તકલીફ હતી. તે સહન ન થઈ શકે એવી હતી. બાપાશ્રી સ્વામીના આસને

ગયા ત્યારે હરિનારાયણદાસજી સ્વામીએ બેઠા થઈને બાપાને કહ્યું, આવો, આવો. પછી પોતાની પાસે આસન ઉપર બેસાડ્યા. પછી બાપાશ્રીએ પૂછ્યું, સ્વામી, તમને કેમ છે? ત્યારે તેઓ કહે, બાપા, બધાને એમ કહું છું કે મને સારું છે, પણ આ તકલીફ તો એટલી બધી છે કે મારા સિવાય કોઈ સહન ન કરી શકે. એટલી બધી તકલીફ છે. તમે રાજી થઈને આશીર્વાદ આપો તો કંઈક રાહત થાય. પછી બાપાશ્રી કહે, તમે કાંઈક જમાડવાનું કરતા હો તો? તો કહે, બાપા, શું જમાડું? બાપા કહે, અંદર કાંઈ જમવાનું પડ્યું નથી? તો કહે, બાપા, અંદર શું પડ્યું હોય તે ખબર નથી. બાપા કહે, સારું, એમ કરો થોડી રાબ પીઓ તો તમને દરદમાં રાહત થશે. સ્વામી કહે, બાપા, અત્યારે કોઈ સેવક આંહીં નથી તો રાબ કોણ કરી આપે? એ બધું ક્યારે થાય? એના કરતાં રાજી થઈને હાથ ફેરવી દોને એટલે બધું મટી જાય. પછી બાપા કહે, સારું ત્યારે હાથ ફેરવી દઈએ. પછી બાપાએ હાથ ફેરવી દીધો અને સ્વામીને સારું થઈ ગયું. તો એવા મોટા જબરજસ્ત સદ્‌ગુરુ હતા, છતાં બાપાશ્રીનો મહિમા સમજતા હતા. મોટા મોટાને ઓળખે. શ્રીજીમહારાજે મોકલેલા પોતાના સંકલ્પસ્વરૂપ અનાદિમુક્તની વાતો તો જુદી જ હોય ને? તો એવા મુક્તનો આજે પ્રાગટ્ય દિન આપણે ઉજવ્યો.

## ૩૮૧

## અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી અનાદિમુક્ત સોમચંદબાપાને ઠાવકા શા માટે કહેતા?

બાપાશ્રીએ સોમચંદબાપાને ઠાવકા કહેલા. ઠાવકા કોને કહેવાય? ઠાવકા એટલે પળેપળ સદાય સાવધાન. આજ્ઞામાં સાવધાન. બધાને રાજી કરવામાં સાવધાન. ભગવાનના મનુષ્ય ચરિત્રમાં સંકલ્પ ન થાય, એમાં ય સાવધાન? મહારાજ કેમ કરીને રાજી થાય, શું કરીએ તો રાજી થાય એવું એમને વિચારતાં પણ સરસ આવડે. કોઈ માર્ગ કાઢતાં પણ સરસ આવડે. સેવા કરતાં ય સરસ આવડે, એમ બધી વાતે સાવધાન હતા. એમ બધી વાતે સાવધાન હોઈ બાપાએ એમને ઠાવકા કહ્યા. તો આપણે પણ શા માટે ઠાવકા ન થઈ શકીએ? આપણે ઠાવકા થઈ શકીએ એ માટે ઠાવકાપણું એમણે બતાવ્યું. એ ઠાવકાપણું એમના પૂરતું ન હતું. એ તો આપણને શીખવવા માટે, આપણને ઠાવકા બનાવવા માટે હતું. એમને માટે ઠાવકા રહેવું કે સાવધાન રહેવું એવું ક્યાં હતું? એમને તો કાંઈ કરવાનું રહ્યું જ ન હતું. છતાં શિક્ષાર્થે એમણે ઠાવકાપણાનું દર્શન કરાવ્યું. અહીં બેઠેલા ઘણા બધા મુક્તોએ એમનો સમાગમ કરેલો હશે એમ હું માનું છું. એમની વાતો તો ઘણી બધી છે. એમાંની સૌથી સરસ વાત એ છે કે એમના જેવા ઠાવકા થવું

જોઈએ. જો એમના જેવું ઠાવકાપણું આવે તો એક ઘડી પણ દેહભાવ ન રહે અને સદાય મૂર્તિરૂપ વર્તાય.

## ૩૮૨

### સભામાં શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તનાં જીવન ચરિત્રોને યાદ કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જ્યારે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે જેને પ્રભુ મેળવવાની ઈચ્છા હોય તેને પ્રભુ પોતે જ શોધી કાઢે છે. તેમ અનાદિ મુક્તરાજ સોમચંદબાપાએ બાપાશ્રીના વચન અનુસાર ઘરો-ઘર જઈને એવા મુમુક્ષુઓ કે જે મહારાજને ઓળખી શકે એવાને શોધી કાઢ્યા અને તેમના ચૈતન્યમાં મહારાજની મૂર્તિ પધરાવી દીધી. તેને ખબર ન પડે એવી રીતે પધરાવી દીધી. તેમણે ઘેર-ઘેર જઈને શ્રમ, દુઃખ સહન કરીને એ એક જ કાર્ય કર્યું. અને એવું બળ મૂક્યું કે ભગવાન સ્વામિનારાયણ સિવાય અન્ય શાસ્ત્રોની વાતો કરતા નહિ. અન્ય શાસ્ત્રો કણને ઠેકાણે છે અને ભગવાન સ્વામિનારાયણના શાસ્ત્રો ભોજનને ઠેકાણે છે. જેમાં સર્વસ્વ આવી જાય છે. ભક્ત ભગવાનરૂપ થઈ જાય એવી એમની દિવ્યવાણી હતી.

રાત્રે પણ બાર-બે વાગ્યા સુધી વાતો કરતા. ત્યારે ઘરમાં કોઈ પણ હોય, બાળક હોય તે પણ એકચિત્તે તેમની

વાતો સાંભળતા. સામાન્ય રીતે રોજ કોઈ ઉઠાડે તો શરીરમાં આળસ દેખાય અને એમ થાય કે થોડી વાર વધારે સૂઈ રહીએ, પણ સોમચંદબાપા આવે ત્યારે બધા ટપોટપ વહેલા ઊઠી તૈયાર થઈ જાય. પછી દરરોજ બાપા મોડી રાત સુધી વાતો કરે અને ઉજાગરા થાય. એટલે પછી બાપા સમજે કે જો હવે એક દિવસ વધુ રહીશ તો બધાના શરીર બગડશે. એટલે પછી બીજે જાય, એમ ઘેર-ઘેર ફરી સત્સંગ કરાવે.

સવારમાં ઊઠી પોતાના હાથે ખીચડી મૂકે તેમાંથી બીજાને પ્રસાદી પણ આપે. ખીચડી મૂકીને વાતો કરે. જમતાં-જમતાં પણ મહારાજની વાતો કરે, સમજાવતા જાય. એમ ઘરોઘર જઈને સ્વામિનારાયણ ભગવાનને ઓળખાવ્યા. એ કેવડી મોટી વાત કહેવાય?

હું આ જન્મજયંતી અને અંતર્ધાન તિથિમાં કોઈ ફરક સમજતો નથી. જન્મ જયંતી અને અંતર્ધાન તિથિ વખતે જન્મથી માંડીને દર્શન બંધ કર્યા ત્યાં સુધી જે જે કાર્યો કર્યાં તે થોડું થોડું યાદ કરવું જોઈએ. અનાદિમુક્તને યાદ કરવાનું ખરું કારણ એ છે કે મહારાજ જુએ છે કે મુક્ત દ્વારા મેં કરેલા કાર્યો કોઈ ભૂલી જાય છે ખરા? એવા મુક્તની સ્મૃતિ કર્યા પછી મહારાજની મૂર્તિમાં જોડાય તો જલદી જોડાવાય છે. આવરણ ટળે એટલે મૂર્તિ મળે. મુક્ત મૂર્તિમાં અદૃશ્ય થઈ જાય, પણ સદાય સાથે જ છે. જે મુક્ત આપણને પ્રગટ મળ્યા હોય તેમની સ્મૃતિ પહેલી કરવી.

બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી જેવા મહામુક્તોને સંભારીને પ્રાર્થના કરવી, વિનંતી કરવી, સ્મૃતિ કરવી. પછી પરભાવમાં બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી એવું કંઈ રહેતું નથી. કોઈ પણ એક મુક્તને સંભારીએ તો એમાં બધા આવી જાય છે. એક મુનિમાં અનેક મુનિના વૃંદ એમ કહ્યું છે. મહારાજ કહે છે કે અમારા મુક્તની જયંતી ઉજવે તેના ઉપર હું વિશેષ રાજી થાઉં છું. મહારાજ કહે છે કે મારી સેવા કરતાં મારા મુક્તની સેવા કરે તેના ઉપર હું વધારે રાજી થઉં છું. મુક્તની સેવામાં પોતાના દેહને સુખડની જેમ ઘસી નાંખવો. મહારાજ પોતાના મુક્ત પર કેટલા બધા રાજી છે! કહે છે કે મારા મુક્ત મૂર્તિ ઓળખાવીને મૂર્તિમાં લીન થઈ જાય છે. તેઓ મૂર્તિ ઓળખાવે નહિ ત્યાં સુધી જંપતા નથી. જ્યારે જીવોને મૂર્તિ ઓળખાવે ત્યારે તેમનું કાર્ય પૂરું થાય. મહારાજનું કાર્ય કરવા માટે મુક્ત સર્વોપરી માધ્યમ છે. મુક્ત મૂર્તિથી કદી યે જુદા નથી. મહારાજની મૂર્તિમાં મુક્ત સળંગ રસબસભાવે સુખ ભોગવે છે તે સુખનો કોઈ પાર નથી. એ સુખથી પર બીજું કાંઈ નથી.

## ૩૮૩

**આપણે કોઈ પણ વિષય કે વસ્તુ સમજી, વિચારી અને અનુભવે સ્વીકારવી જોઈએ તેના વિશે પોતાના પ્રસંગ દ્વારા**

**પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

હું વઢવાણમાં હતો, એ વખતમાં ત્યાંના સંતો સ્ત્રી - દ્રવ્યના ખૂબ ત્યાગી હતા. હરિસ્વરૂપ સ્વામી ને એ બધા. એ વખતે હું નાનો હતો. મારા અક્ષર સારા એટલે મારા પાસે ગુટકો લખાવે. હું બહુ સમજી ન શકું, પણ એ લખાવે એમ સરસ રીતે લખી નાંખું એટલે એ રાજી થતા. મને રોજ નવા કીર્તનો પણ શીખવાડતા. સો જેટલા. અને એ ભગવાનની સ્મૃતિ કરતાં કરતાં (ભગવાનમાં એકરૂપ થતા પૂ. મામાની લીંક જતી રહે છે.) એટલે એ સંતો પાસેથી ધીમે ધીમે થોડું થોડું સમજાયું. પછી ધ્રાંગધ્રામાં અનાદિમુક્ત ભગવત્સ્વરૂપદાસજી સ્વામીનો મેળાપ થયો. અને ત્યાર પછી વૃંદાવનદાસજી સ્વામી અને ઈશ્વરચરણદાસજી સ્વામીનો સમાગમ થયો. એમણે મને બાપાશ્રીની વાતો અને રહસ્યાર્થ વચનામૃત આપ્યા. એ વખતે હું ગ્રેજ્યુએટ થયો હતો. અને મહારાજના સ્વરૂપને બરાબર (અનુભવે) ઓળખ્યું પણ હતું. આજ્ઞા - ઉપાસનામાં ફેર જરા ય પડતો જ નહિ. કારણ કે મારા મા એવા હતાં. જેણે આજ્ઞા - ઉપાસના ખૂબ દૃઢ કરીને બેસાડી દીધી હતી. એટલે આ બાપાશ્રીની વાતો અને રહસ્યાર્થ વચનામૃત વાંચ્યા. એમાં કેટલાક પ્રશ્નો મને ઉઠ્યા. મારામાં એક વસ્તુ એ છે કે સમજ્યા વગર માની નહિ લેવાનું. ગળે વાત ઊતરે તો, અને અનુભવ કરીને એ જો બરાબર લાગે તો જ સ્વીકારું

નહિ તો નહિ સ્વીકારું.

એ સંતોને મેં કહ્યું કે મારા થોડા પ્રશ્નો છે એનો તમે ઉત્તર આપો. એ લાંબી વાત છે. એટલે ટૂંકમાં એટલું કહું કે એમણે ઉત્તર આપ્યા. એના ઉપર મેં સતત વિચારણા કરી. વૈજ્ઞાનિક રીતે વિચારણા કરી. તો મને એમ લાગ્યું કે આ રહસ્યાર્થ વચનામૃતમાં ટીકા એ સમજૂતી. ટીકાના બે અર્થ થાય છે. એક criticism (સમાલોચના) અને બીજો સમજૂતી. સ્પષ્ટ વિવરણ. માટે સ્પષ્ટ સમજૂતીરૂપ આ ટીકા છે. એ શ્રેષ્ઠ માર્ગદર્શિકા છે. તો મેં એના ઉપર ખૂબ વિચાર કર્યો વૈજ્ઞાનિક રીતે. ત્યારે મને એમ લાગ્યું કે ભગવાન સ્વામિનારાયણને જેમ છે તેમ ઓળખવા માટે અને જગતને આ સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવાને માટે આ માર્ગદર્શિકા ખૂબ ઉપયોગી છે. એમાં ખૂબ ઊંડું ઉતરાય તો જ સમજાય એવું છે અને ખૂબ વિચાર કરતાં બધા પ્રશ્નો મને ને મને ઊઠે અને મને ને મને અંદર (અંતરમાં) મહારાજ સોલ્વ (ઉકેલ) કરી આપે. તો હવે હું એટલો બધો સ્પષ્ટ લાગું છું મહારાજની કૃપાથી, કે જો આ રહસ્યાર્થ પ્રદીપિકા દ્વારા ગોપાળાનંદ સ્વામીએ જે સમજૂતી આપી એ પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્ત અબજીબાપામાં રહીને એમણે કાગળ ઉપર મૂકાવી. ત્યારે અત્યારે મને એટલો બધો વિશ્વાસ છે કે જો કોઈ પ્રશ્નો પૂછે રહસ્યાર્થના કે છેવટની સ્થિતિના તો વૈજ્ઞાનિક રીતે હું બિનધર્મી હોય, સત્સંગી ન

હોય, બીજા ધર્મી હોય એને પણ સમજાવી શકું કે ભગવાન સ્વામિનારાયણનું તત્ત્વજ્ઞાન આ રીતનું છે. અને એ હું આ રહસ્યાર્થ પ્રદીપિકાટીકા દ્વારા સમજ્યો છું. જરા ય અસ્પષ્ટતા નથી રહી. કોઈ પણ પ્રશ્ન કરે કે આ બરાબર નથી તો હું એની સાથે આનંદથી વાત કરું. હું એટલે સુધી કહું કે જો એમાં રહેલી વાત બરાબર ન હોય એવું જો તમે મને ગળે ઉતારી દો તો હું તમારો શિષ્ય બની જાઉં. અને જો હું તમને ગળે ઉતારી દઉં તો તમારે તરત જ એ સર્વોપરી તત્ત્વજ્ઞાન, શ્રીજીમહારાજનું તત્ત્વજ્ઞાન બરોબર પચાવીને મહારાજના સુખને પામવા માટેની સાધના શરૂ કરી દેવી જોઈએને?

## ૩૮૪

## શિક્ષાપત્રી અને વચનામૃત સમજવા એકદમ સરળ પણ છે અને ગહન પણ છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શિક્ષાપત્રી ને વચનામૃત સમજવા એ અતિ કઠીન બાબત છે, સહેલી પણ છે. પરમાત્મા સિવાય કોઈ પણ આવી સુંદર તળપદી ભાષામાં લખી શકે નહિ. આવી સરળ રીતે તત્ત્વજ્ઞાન કોઈ મૂકી શકે નહિ. એ તત્ત્વજ્ઞાન એવું છે કે કોઈ બિલકુલ નિરક્ષર હોય, ભણેલા ન હોય અને કાને સાંભળે તો પણ એ જીવન સારું બનાવવાનું બધું સમજી શકે.

કોઈ પણ અભણ માણસ હોય તે વચનામૃત કે શિક્ષાપત્રી વાંચે કે સાંભળે તો પોતાની રીતે જ પોતાનું જીવન સુંદર બનાવી શકે. સાથે સાથે એક વસ્તુ એ પણ છે કે તેમાં એવા ગહન રહસ્યો સમાયેલા છે કે જે સમજી શકવા મુશ્કેલ છે. એમ કહેવાય છે કે પાંચ મહાન સદ્‌ગુરુઓ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી તથા એવા સદ્‌ગુરુઓએ એ વચનામૃત શોધ્યા, લખ્યા છતાં પણ એમને જોઈએ એવી શાંતિ ન થઈ. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, અંતરમાં જે ભગવાનની મૂર્તિ દેખાવી જોઈએ, જે પરમ શાંતિ, શીતળ શાંત એવું સુખ કેમ નથી થતું? ગોપાળાનંદ સ્વામી કહે, કે તમે વચનામૃત (વચનામૃતનું રહસ્ય જેમ છે તેમ) સમજી શક્યા નથી. એ એનું કારણ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે, એટલું ગહન છે? તો કહે હા, એટલું ગહન છે.

એ સદ્‌ગુરુઓ બાર માસ સુધી એકે એક વચનામૃત ગોપાળાનંદ સ્વામી થકી સમજ્યા ત્યારે એ યથાર્થ સમજી શક્યા. ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સત્પુરુષ સિવાય એ વચનામૃત સમજવા એ કંઈ સહેલી વાત નથી. વચનામૃતમાં Western Philosophy (પશ્ચિમી તત્ત્વજ્ઞાન) અને Indian Philosophy (ભારતીય તત્ત્વજ્ઞાન) બધી જ, બધા જ પંથ, એનું જે રહસ્ય તે અંદર સમાયેલું છે. એ સમજવું અઘરું છે.

દુઃખની વાત એ છે કે સ્વામીએ જે સમજાવ્યું એ લખાયું નહિ. બાર મહિના સુધી સદ્‌ગુરુઓને શાળાના વિદ્યાર્થીની જેમ વચનામૃત સમજાવ્યા. તો એ કેટલું બધું હશે? એનું પૃથ્થકરણ કરીને જે સરસ રીતે સમજાવ્યું એ જો લખાયું હોત તો? વિચારીએ? શા માટે કે ગોપાળાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાન સાથે એકાત્મતા કેળવી હતી, તેમની સાથે તદ્રૂપ થઈ ગયા હતા. એટલે ભગવાનની બુદ્ધિમાં અને એમની બુદ્ધિમાં ફેર ન રહ્યો. એટલી બુદ્ધિ એક મેક થઈ ગઈ.

મને કોઈએ એવું પૂછ્યું કે આ શિક્ષાપત્રીમાં Scientifically (વૈજ્ઞાનિક રીતે) કેટલુંક બરોબર નથી. મેં કહ્યું, Scientifically બરોબર છે, પણ કેટલીક situations (પરિસ્થિતિઓ) દેશકાળ પ્રમાણે બદલાતી રહે છે. પણ Education never stops. (શૈક્ષણિક વિકાસ ક્યારેય અટકતો નથી) એ આગળ વધતું જ જાય છે. શિક્ષણનો પાર આવતો નથી. એ ક્યારે પાર આવે? Education (શિક્ષણ) કોનું નામ? એ જ્યારે સંપૂર્ણ બને ત્યારે. ત્યાં સુધી Education ચાલુ રહે છે. અત્યારે આપણે બધા વિદ્યાર્થી છીએ. We are students અને ગુરુ ભગવાન સ્વામિનારાયણ અને એમને પામેલા ગોપાળાનંદ સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી જેવા મહાન સંતો. એવા આપણે થવું પડશે.

## ૩૮૫

## પૂજ્યશ્રી નારાયણભાઈ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના પ્રકાશન કાર્ય વિશે શું સમજાવે છે?

જે પ્રકાશનો થયા છે, એમાં થોડાંક જીવન-ચરિત્રો પણ છે. અને એ જીવનચરિત્રોની અંદર પણ philosophy (તત્ત્વજ્ઞાન) વણી છે. એ પ્રકાશનોમાં એમ છે કે એ Narrative (કેવળ વર્ણનાત્મક) નથી, છતાં ય જો ધ્યાનપૂર્વક વાંચીએ તો સમજાય એવું છે. તો મને લાગે છે કે ઘણું બધું જે મહારાજ વિષે જાણવું જોઈએ એ અંદરથી મળશે. એમાં ખૂબ પરિશ્રમ લીધો છે.

લેખો આવે એટલે એને ખોટું લાગશે માટે મૂકો એવું નહિ. એમાંથી જુઓ કે તંત્રીના વિચારો સાથે સંમત છે? તે બરોબર જ હોય એમ માનવું નહિ. એમાં હું નથી માનતો. એ દરેકનું editing કરવું. હું તો તરત જ એને લખું કે ભાઈ, આટલી આટલી વસ્તુ બરાબર નથી, કહો તો અમે editing (સુધારીને) કરીને છાપીએ. કાં તો તમે સમજાવો.

ગમે તેમ એ લખી કાઢ્યા નથી. એ સદ્‌ગુરુઓ ને નંદ-સંતોના જ વચનો અંદર મેં ગૂંથ્યા છે. એમાં કાંઈ ભેળસેળ ન હોય એટલે એ સરસ લાગે. એમાં વૈવિધ્ય છે. જુદા જુદા વિષય ઉપર છે. પુસ્તકો નાના પણ છે અને મોટા પણ છે. દરેક પુસ્તકની કિંમત cost price (મૂળ કિંમત) કરતાં અર્ધી

કિંમતે આપીએ છીએ. એ પછી લાખોપતિ હોય, કે મધ્યમવર્ગ હોય કે પછી ગરીબવર્ગ હોય તે કહે give me free તો અમે એને વિના મૂલ્યે આપીએ છીએ અને પૂછતા નથી કે તારી કંડીશન શું છે? He should say કે મને આ પુસ્તક ભેટ આપો, તો તરત જ આપી દઈએ છીએ.

## ૩૮૬

## વચનામૃત રહસ્યાર્થના પ્રતિબંધના સંદર્ભમાં ખંભાતવાળા શેઠ શ્રી બાલુભાઈના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાલુભાઈનો પહેલો મેળાપ થયો ત્યારે શંકરભાઈ અને બાલુભાઈને વચનામૃત પર વાત થતી હતી. ત્યારે મેં કહ્યું આ વચનામૃત વાંચો આમાંથી તમને સમજાશે. ત્યારે કહે, રહસ્યાર્થ છે? એ પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો છે. એ પુસ્તકને ન અડાય. એવું કહેવા લાગ્યા. મેં કહ્યું અચ્છા, તો તમે એટલું જ કામ કરો કે આ પ્રતિબંધ મૂકવાનું કારણ શું? એ એના ટેકેદારોને પૂછી આવો અને પછી હું તમારી સાથે વાત કરું, તો બરાબર. અત્યારે (ગ્રંથને) ન અડશો. હું લઈ જ જાઉં છું. તમારે અત્યારે શું કામ અડવું પડે? હું અડ્યો તો મને તો આનંદ - આનંદ થઈ જાય છે. એ પુસ્તક જ એવું છે કે હાથમાં લઈએ ને આનંદ થઈ જાય, પણ તમને નહિ થાય. એનું કારણ તમારો એ પ્રત્યેનો અભાવ. જ્યારે એ જશે,

ત્યારે એમ થશે. માટે પહેલા તમે પૂછી આવો. વાત મારી બરાબર છે? તો કહે હા. પછી તેમણે બધા ટેકેદારોને પૂછ્યું તો ગલ્લા-તલ્લા કરે. મેં પૂછ્યું કે શું પોઈન્ટો હતા? અંદર એવું શું છે? તો કહે તેઓ એમ કહેતા હતા કે એ બાપાને ભગવાન માને છે. તો મેં કહ્યું તમે એમને જઈને પૂછી આવો વચનામૃતમાં, રહસ્યાર્થમાં કે પ્રશ્નોત્તરમાં કોઈ જગ્યાએ ક્યાંય બાપાએ એમ કહ્યું છે કે સ્વામિનારાયણ સિવાય બીજો ભગવાન છે? એમ એમને પૂછો? બાપાએ એવું કહ્યું હોય તો વાત મનાય. એવું તો કાંઈ છે નહિ. એ તો દ્વેષને લીધે એમણે જ આવું ઊભું કર્યું છે ધાંધલ અને એવું ફારસ ઊભું કરીને પ્રતિબંધ ઠોકી દીધો. પછી એમ કરતાં - કરતાં સંબંધ થયો એટલે મેં ભગવાનના સ્વરૂપની બધી વાતો કરી કે મુક્તિ આમાં છે. મેં કહ્યું ક્યાં સુધી અંધશ્રદ્ધા રાખશો? અંધશ્રદ્ધા રાખશો તો ભગવાનના સ્વરૂપમાં કઈ રીતે પહોંચાશે? ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા? સાચી વસ્તુમાં અંધશ્રદ્ધા રાખો કે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. એમાં અંધશ્રદ્ધા મૂકો જેટલી મૂકવી હોય એટલી. અને ન સમજાવતાં આવડે તો કાંઈ નહિ, પણ સાચી વસ્તુમાં અંધશ્રદ્ધા રાખો. ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા એ તો મોક્ષ બગાડી નાંખે. ખોટી વસ્તુમાં અંધશ્રદ્ધા હોઈ શકે નહિ અને રાખવી નહિ જોઈએ, નહિતર એ મનુષ્ય ન કહેવાય અને દેવ પણ ન કહેવાય તો ત્રીજી સ્થિતિમાં જ મુકાઈ જાય ને!

તો એમ વિચાર કરવો જોઈએ. ખોટી વસ્તુમાં, અસત્ય વસ્તુમાં શ્રદ્ધા મુકવી જોઈએ નહિ. આંધળા ન થવું જોઈએ. આ પ્રતિબંધ એમણે શું કામ મૂક્યો? પૂછોને એમને? કે આમાં છે શું એ તો સમજાવો? પછી શું જવાબ આપે? તો એમને ક્યાંય જવાબ ન મળ્યો. પછી તો ખૂબ વાંચવા માંડ્યા અને મારી પાસેથી પ્રતો લીધી અને હીરાભાઈ પાસેથી પણ લઈને બધાને આપતા કારણ કે સત્સંગમાં પ્રસિદ્ધ બહુ હતા. એટલે કહે વાંચજે. પ્રતિબંધ તો ખોટો છે એટલે બધા વાંચવા મંડ્યા. એટલે બંને શેઠનું વિચાર પરિવર્તન, હૃદય પરિવર્તન કર્યું. એટલે સ્વામિનારાયણ ભગવાનના મહા અનાદિ મુક્તરાજનું પ્રસાદી સ્થાન છત્રીએ એમને હૃદય પલટો થઈ ગયો. તો એ જરૂર થશે. ઉતાવળા થવાની જરૂર નથી.

બાપાએ શુદ્ધ આજ્ઞા અને ઉપાસનારૂપી તત્ત્વજ્ઞાનની છણાવટ આ રહસ્યાર્થ ગ્રંથ રચીને કરી. હવે એ કેટલા ધીરજવાળા! અને એ ટીકા કોણે રચી? સ્વામિનારાયણ ભગવાને બાપામાં રહીને રચી. નહિતર આવી ટીકા ન થઈ શકે. અરે! ભૂલ કરે. હું કોઈને કહું કે તમે આનાથી સારી ટીકા રચી આપો. પછી અનુભવ તો હોય નહિ, એટલે બાફણું થાય કે બીજું કાંઈ? હમણાં એક વચનામૃત ગ્રંથ બહાર પાડ્યો છે તેમાં નીચે ત્રણ-ચાર લીટી લખી છે તે સમજાવતા આવડ્યું નહિ તે બાફણું જ કહેવાયને! કોઈક એમ જ કહે કે આ વચનામૃત નહિ વાંચવું જોઈએ. આ

શબ્દોવાળું સાવ ખોટું. નીચે સમજાવ્યું છે ને? ટિપ્પણી, તેમાં કે ભગવાનના તેજ સાથે એકતા કરે તો ઉપાસનાનો ભંગ થાય. આવું અજ્ઞાન! હવે આ વિદ્વાનોને વિદ્વાનો કહેવા કે પેલા બાળમંદિરના ભૂલકા કહેવા? વિચાર કરવો આપણે. અરે ભાઈ, મહારાજનું અન્વય સ્વરૂપ જે તેજ એ તેજ સાથે આ ચૈતન્યની એકતા થાય ત્યારે એ ભાગવતી દેહને (ભાગવતીતનુ) ધારણ કરે છે અને ભગવાનની સેવામાં રહે છે. નિરાકાર મટીને સાકાર બનાવી દે છે. ત્યારે એ અન્વય સ્વરૂપ ચૈતન્યને સાકાર ભાગવતીતનુ આપે ત્યાર પછી સેવામાં રહેને? આમાં ઉપાસનામાં ભંગ ક્યાં આવ્યો? ભગવાન થઈ જવાય એમ કહે છે. એલા પણ તેજરૂપ થઈને ક્યો ભગવાન થઈ ગયો? અરે ભાઈ, ભગવાન કોઈ થઈ શકે નહિ.

ત્યારે બાપાએ તો કહ્યું કે સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈ ભગવાન નથી. થયો નથી, છે નહિ ને થશે નહિ. તો ભગવાન તો એક જ હોયને?

## ૩૮૭

## વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ગ્રંથનો અભ્યાસ કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

રહસ્યાર્થ વચનામૃતમાં બે અનુક્રમણિકાઓ હોય છે. રહસ્યાર્થ અને ટીકાસ્થ. એ બે અનુક્રમણિકામાં તત્ત્વજ્ઞાનના

બધા વિષયો આવરી લીધા છે. તો એ અનુક્રમણિકા લઈ અને એક - એક શબ્દ ક્યા - ક્યા વચનામૃતમાં છે અને ટીકામાં શું સમજાવ્યું છે એ સમજીને પાકું કરી લેવું, મોઢે કરવું. ભગવતસ્વરૂપદાસજી સ્વામીને ૨૭૩ વચનામૃત મોઢે હતા. રોજ બોલ્યા કરે, બહુ અભ્યાસ. જો તમે વાંચતા હો અને કોઈ એક શબ્દ રહી જાય તો તરત કહે કે નારાયણભાઈ, આ રહી ગયું. તમે એક શબ્દ ચૂકી ગયા વાંચવામાં. અક્ષરે - અક્ષર મોઢે. એવું સરસ મોઢે. તો મેં સ્વામીને કહ્યું કે સ્વામી, આટલા બધા વચનામૃત તમે મોઢે શી રીતે કરી નાંખ્યા? તો કહે જેનું મનન, ચિંતન ને નિદિધ્યાસ કરીએ તો એ મોઢે થઈ જાય કે નહિ? મારું નામ તમને કેમ મોઢે થઈ ગયું, કોઈ દિવસ ભૂલો? એમ મારે પણ એવું થઈ ગયું. એટલે કહેવાનો અર્થ એ છે કે મહારાજની વાણી મોઢે કરવી, એટલે અનુક્રમણિકા લેતા જવાનું અને એક એક શબ્દ ક્યાં આવ્યો તે જોવાનું. જુઓ કેવું સરસ જ્ઞાન. કારણ કે એ વચનામૃત અને ટીકા તો મહારાજ અને બાપા બંને પ્રત્યક્ષ થયાને? કારણ કે અંદર સમજણ જ આપી છે. મહારાજ બોલે છે કે આનો અર્થ આમ થાય ને આનો અર્થ આમ થાય. તો એ અનુક્રમણિકા પ્રમાણે અભ્યાસ કરવો, તો બહુ જ વ્યવસ્થિત અભ્યાસ થશે. તો આપણે એ પણ કરીએ.

## ૩૮૮

## આ દેહ પડવાનો થાય ત્યારે ક્યારેક શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય નહિ અને શ્રીજીમહારાજની મૂર્તિ સાંભરે પણ નહિ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક ભક્ત હતા તે કહે મને ભગવાનની મૂર્તિ નથી દેખાતી અત્યારે હવે. કારણ કે એવું દુઃખ હશે. એ વખતે ન સાંભરે એવું બને, યાદ ન આવે એવું ય બને. મેં કહ્યું તમને મૂર્તિ નથી દેખાતી, પણ ભગવાન તો તમને દેખે છેને? ભગવાન તમને દેખે છે તેમ રાખો. ભલે, ભગવાન મને દેખે છે. મહારાજે મને એના સુખમાં રાખ્યો છે બસ. એ વખતે એ જ મનન કરવાનું, પણ બીજું મનન નહિ કરવાનું. બરોબરને? ભલે તે ન સાંભરે બીજી શું જરૂર છે? આ જ મનન. એકરૂપ થઈ જવાનું બસ! હું એ સુખમાં જ છું બસ! એટલે પછી આપોઆપ જ દિવ્ય પ્રકાશ અજવાળું થઈ જશે. જ્યારે દેહમાંથી નીકળવાનું થાયને! ત્યારે ખબર જ નથી પડતી. એટલે સુખમાં જ લાગીએ છીએ. એટલે બધું ભૂલી જવાય છે. હું આવો હતો ને મંદવાડ, દુઃખ ને બધું હતું, એમ કાંઈ સ્મૃતિ રહેતી નથી. સનાતન દિવ્ય સુખમાં આમ જ છું એમ જ લાગે છે. કોઈ દુઃખ કે પૂર્વજન્મના દુઃખો યાદ આવે છે? તો દિવ્યજન્મ થતાં તો આવા કોઈ જ દુઃખો યાદ આવતા નથી. એ વિશિષ્ટતા છે. એ ક્યારે મળે? શ્રદ્ધા,

શ્રદ્ધામાં ફેર પડવો જોઈએ નહિ. ઢચુ-પચુ થઈ જાય તો એ બરાબર ન કહેવાય, પણ ઢચુ-પચુ કરવું જ શું કામ પડે? એમ ઢચુ-પચુ કરવાથી ફાયદો શું? મને સમજાવો.માણસો ઢચુ-પચુ કરે છે. હું એમ કહું છું તમને ઢચુ-પચુ કરવાથી ફાયદો તો થતો નથી. ઉલટો ગેરફાયદો થાય છે. તો ઢચુ-પચુ કરીએ જ શા માટે? વિશ્વાસ કેમ ન આવે?

ભગવાનના મુક્તો દ્વારા ભગવાન બોલે છે અને કહે છે કે મારા શરણે હવે તું આવ્યો, માટે તારા બધા સંશયો દૂર કરી દે અને એમ જ રાખ કે બસ મને ભગવાને એના સુખમાં, એના સાંનિધ્યમાં રાખ્યો છે. પછી ક્યાં વાંધો છે? એમ સતત એ ચિંતનમાં, આનંદમાં રહેવું જોઈએ. એક એક ઘડી આનંદમાં વર્તાવી જોઈએ. કેટલાય જન્મથી અશ્રદ્ધા કરતા આવ્યા છીએ એટલે એવું ઢચુ-પચુ થાય છે. એવો સ્વભાવ પડી જાય છે. સંશયી સ્વભાવ થઈ જાય છે. બધા મનુષ્યનું એવું છે. ઠેકાણું જ નથી. સંશય કર્યા જ કરે, નવરા બેઠા ઘાટ કરે, મન એવું સાવ નીચ છે તે આખો દહાડો નવરું હોય તો વિચાર કર્યા જ કરે. ન કરવાના વિચાર કરે. તો પછી આવો પણ વિચાર કરે, ત્યારે એવો વિચાર નહિ કરવાનો. આપણું પૂર્ણકામ થઈ જ ગયું છે. માટે અધૂરું નથી. પૂરું જ થઈ ગયું છે, પણ એમાં એક ઢચુ-પચુ નહિ કરવાનું. બસ, પછી જુઓ એ સુખમાં કેવો આનંદ આવે છે! ત્યારે એમાં રહ્યા છીએ પછી શી કડાકૂટ? હવે શા માટે

સંતાપ કરીએ? આપણે બધા જ એ સુખમાં છીએ. હવે જુદા તો પડવાનું નથી, બીજા જીવોની જેમ. જેને ભગવાન નથી ઓળખાયા એ બધા જીવો અત્યારે આ દુનિયામાં સાથે રહે છે, પણ જેવા દેહથી જુદા પડે છે ત્યારે કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય. આપણે તો ભગવાનના સ્વરૂપમાં જ રહેવાનું. તરત જ ખબર પડે છે કે ભગવાનના મુક્તો ભગવાનના ધામમાં આવ્યા. બરોબરને! એવું જાણપણું પણ રહે છે. તો પછી આપણે જુદા પડવાનું નથી.

## ૩૮૯

## અનાદિમુક્તના સ્ત્રી સ્વરૂપ કે પુરુષ સ્વરૂપમાં ફરક વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પ.પૂ. દિવ્યમૂર્તિ વાલબા તથા પ.પૂ. દિવ્ય મૂર્તિ રાધાબા એ શ્રીજીમહારાજના સમકાલિન લાડુબા ને જીવુબા સમા મહા અનાદિમુક્ત હતાં. બાપાશ્રી તેમને બાઈઓનો સત્સંગ ખૂબ વિકસાવવા માટે સાથે લાવ્યા. બાઈઓમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા માટે આ બંને બાઈઓએ જબરજસ્ત ફાળો આપ્યો છે. કચ્છના ૨૪ ગામના બાઈઓ અને હરિભક્તો વાલબા તથા રાધાબા બંનેના દર્શન કરવા આવતા. એમના દર્શન કરીને ધન્યતા અનુભવતા. વાલબા અને રાધાબાના પરચાઓ મેં નજરે જોયા છે. એમના જેવા કચ્છમાં કોઈ થયા નથી. એવા એ મહા અનાદિમુક્ત હતાં.

એમણે બાપાશ્રીની પણ ખૂબ વાતો કરી. મને ખૂબ આનંદ થયો. આ છત્રીનું ઉદ્‌ઘાટન લાડુબા અને જીવુબાની લક્ષ્મીબાગમાં જેમ છત્રી છે એની સ્મૃતિ કરાવે છે. અવરભાવની દૃષ્ટિએ મર્યાદા હોય અને એ મર્યાદા ભગવાનના સુખ તરફ લઈ જવા માટે જરૂરી છે. બાકી તો એ ક્યાં સ્ત્રી હતાં? એ તો ચૈતન્યમૂર્તિ મહારાજના અનાદિમુક્ત હતા. સ્ત્રી સ્વરૂપે બાપા લાવ્યા જીવોને સમાસ કરવાને માટે.

## ૩૯૦

## જે જીવની ઉપર ભગવાનની કૃપાવર્ષા થઈ હોય તે જીવની દેહત્યાગ પછી કેવી ગતિ થાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજવે છે?

જય સ્વામિનારાયણ! આ દેહ અદૃશ્ય થાય, ત્યારે ચૈતન્ય તો મહારાજની મૂર્તિમાં ભગવાન જેવો જ દેહ ધારણ કરીને શ્રીજીમહારાજના સુખમાં રહે છે. ચૈતન્ય નિરાકાર છે. જ્યારે ચૈતન્ય દેહમાંથી છૂટો પડે, ત્યારે ભગવાન એને ખેંચી જાય છે અને તરત જ પોતાની કૃપાથી એ ચૈતન્યને સાકાર દેહ આપે છે. શ્રીજીમહારાજના જેવો જ દિવ્યરૂપ બને છે, એટલે મહારાજ તેને પોતાના સુખમાં રસબસ રાખે છે. ચૈતન્યને એકદમ દિવ્યસુખનો અનુભવ થવા માંડે છે, જ્યારે દેહમાંથી વિદાય લે છે ત્યારે. જેના ઉપર મહારાજની

કૃપા થઈ હોય એને જ આમ થાય છે, બધાને એવું થતું નથી. મહારાજની જેની ઉપર કૃપા થઈ હોય એને અંતે મહારાજના દર્શન થાય માટે બધું ભુલાઈ જાય. અને ભગવાનના સુખમાં તરત અંદર ખેંચાઈ જાય. એ તો સુખમાં કિલ્લોલ જ કરે છે. આપણને બધાયને મૂર્તિમાં રાખ્યા છે એ પોતે દેખે છે. આપણે ન દેખીએ કારણ કે આપણી બાધિતાનુવૃત્તિ ભગવાને રાખી છે. એ ખબર પડવા દેતા નથી. એ છૂટા તો પડતા જ નથી. દેહે કરીને છૂટા પડવાનું તો બધાયને છે.

મહારાજે કાર્ય પૂરું કર્યું અને ૪૯ વર્ષે જતા રહ્યા. વહેલી ઉંમરે જતા રહ્યાને? પોતે બોલ્યા કે મારું કામ પૂરું થઈ ગયું હવે અમે જઈએ છીએ. પછી મંદવાડ ગ્રહણ કર્યો અને અંતર્ધાન થઈ ગયા. પછી પાંચસો પરમહંસો અને સાધુઓ બધા ધીમે-ધીમે-ધીમે એક પછી એક કાર્ય કરી બધાય અદૃશ્ય થઈને મૂર્તિના સુખમાં જ્યાંથી આવ્યા હતા ત્યાં જતા રહ્યા. એટલે આપણે બધાય હવે એ સુખમાં છીએ, જવા - આવવાનું નથી. પણ દેહ છોડીએ ત્યારે દેહ છૂટી જાય એટલે ખબર પડે કે સુખમાં છીએ. ચૈતન્ય નીકળી જાય એટલે સુખમાં રહ્યાની ખબર પડે છે અને મહારાજના સુખમાં રહીએ ત્યારે અનંત પ્રકારના વિધ-વિધ, વૈવિધ્ય ભર્યા સુખો આવે છે. જેમ માછલું કિલ્લોલ કરેને! એવો જ આપણને અનુભવ થાય છે. એ સુખનો એવો આનંદ આવે છે એમાં

ધરાતા જ નથી. ચૈતન્યનો આહાર એ છે. એવા દિવ્ય સુખ સિવાય ત્યાં કોઈ આહાર નથી. અહીંની કોઈ ક્રિયા ત્યાં નથી. બરોબર છે?

ભગવાન જણાવે ત્યારે મહારાજ દેખે એટલું આપણે દેખીએ. બ્રહ્માંડમાં રજેરજમાં આપણે છીએ એવો અનુભવ થાય મહારાજ સાથે. બધી વસ્તુમાં આપણું વ્યાપકપણું શ્રીજીમહારાજ સાથે લાગે છે. જ્યારે મહારાજ જણાવે ત્યારે. કારણ કે મહારાજ અન્વયપણે બધે જ છે એવું આપણને પણ લાગે, એવું ધ્યાન થાય. અને બધા સમૈયાઓ આ લોકમાં થાય છેને! એ ત્યાં દિવ્યભાવમાં દેખાય છે. એ અલૌકિક વાત છે. આ બધા સમૈયાઓ જ્યારે દેખાડે ત્યારે, નહિતર તો સુખમાં ગરકાવ કરી દે પછી સુખ સિવાય તો ક્યાં કંઈ રહે છે? બસ પતી ગયું ત્યારે. બરાબર છે? પછી આહીંની કથા કરવી ને થાળ ધરાવવા ને માળા કરવી એવું કાંઈ ત્યાં (પરભાવમાં) હોતું નથી. બરોબર છે? એ કશું જ ત્યાં નથી. કારણ કે ત્યાં તો સુખનો જ અનુભવ છે. એ સુખનો અનુભવ થઈ ગયો પતી ગયું. એ સુખ જ એવું છે કે બસ એમાં બીજી કાંઈ ખબર જ નથી પડતી. આનંદ જ લાગે. અને અહીંયા ય શું કરે બધા? દોડા-દોડ કરીને આનંદ જ લે છે બધા. અહીં દોડા-દોડ કરીને આનંદ લે છે. એમ મહાપ્રભુજી જ્યારે જણાવે, ત્યારે અલૌકિક વાત થઈ જાય છે બધા બ્રહ્માંડોની. આ એવી વાત છે. એથી વિશેષ તો બધું

અનુભવથી ખબર પડે છે.

## ૩૯૧

## આલોકમાંથી દેહ અદશ્ય થાય ત્યારે ખુબ આઘાત લાગે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પેલા ભક્ત હતા તે મહારાજ પાસે ગયા. મહારાજ કહે, શેના માટે આવ્યા? તો કહે મારે રસોઈ આપવાની છે. તમે અમારા બે કામ પૂરા કરી દીધાં. બે જણને ધામમાં લઈ ગયા ને સુખમાં તમે મૂકી દીધા. હવે એક જણ રહ્યા અને એક અમે ય રહ્યા છીએ. સુખમાં લઈ જાવ એટલે પતી જાય પછી. તમે અમારા પર બહુ દયા કરી. પછી બ્રહ્માનંદ સ્વામી ને બીજા સાધુઓ બેઠા હતા તેમને મહારાજ કહે કે તમારી સમજણ આના જેવી છે? તમારે તો એક શિષ્ય હોય છે ને તે શિષ્યમાં ય જીવ રહે છે. એમાં ય તમને આસક્તિ. નહિ લેવા નહિ દેવા તો ય. બરોબર છે? અને આ તો બધા સંસારમાં રહ્યા થકા માત-પિતા બધા સંબંધથી જોડાયેલા તો ય પણ કેવી સમજણ છે જુઓ? એમ સમજે છે કે ભગવાને સુખમાં રાખ્યા છે. એટલે આનંદ જ થાયને? આ લોકમાં ઘણા વર્ષ ભેગા રહ્યા. દુઃખ શેનું લાગે? તો ભેગા હોય તો ભજન કરાવે બરાબર! કથા-વાર્તા કરાવે, મહારાજની વાતો કરે, દિવ્ય સ્મૃતિ કરાવે, આ લોકનું સુખ આવે. ત્યારે સત્સંગની જરૂરને! સત્સંગ થાય. તમે ને ભાઈઓ ને બા ને

બહેન ને બધા ભેગા હો તો કથા - વાર્તા કરો તો સત્સંગ કહેવાય અને એ બધો વ્યવહાર ચલાવતા હતા. હવે મહારાજે ખેંચી લીધા એટલે આ લોકમાં થોડું દુઃખ લાગે. આ લોકમાં ખોટે ય પડે. મહારાજ કહે કોનું એવું હૃદય કઠણ હોય કે ભગવાનના મુક્તો ધામમાં જાય તો દુઃખ ન થાય? મને ય ખૂબ શોક લાગ્યો.

જુઓને! બ્રહ્માનંદ સ્વામી મહારાજ ભેગા રહ્યા તો રહી ન શકે. બાળકની જેમ રડવા મંડ્યા મહારાજ ધામમાં ગયા ત્યારે. કારણ કે હંમેશ ભેગા જ રહેતા બરોબરને! ગોપાળાનંદ સ્વામી ધીર-ગંભીર હતા. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું એટલે મહારાજે દર્શન આપ્યા ત્યારે એમને શાંતિ થઈ. મહારાજ એમને કહે કે આવી શું સમજણ છે? હું તો આ રહ્યો. બીજા જેવો મનુષ્ય છું? આવી સમજણ ધરાવવી. કારણ કે જો અમે અદૃશ્ય ન થઈએ તો નવું કામ ન થાય, એટલે અમારે જે કામ કરવું હતું તે હવે થશે. માટે હવે અમે અદૃશ્ય થઈએ છીએ બરાબર છે! એ કારણસર વહેલા અદૃશ્ય થયા નહિ તો ૧૨૫ વર્ષનો વાયદો હતો, અક્ષરધામમાંથી. બાપાને પ્રગટ કરી મહારાજે એ પોતાનું કાર્ય પૂરું કર્યું અને સુખમાં રાખવાના બધાયને આશીર્વાદ આપ્યા. શરૂઆત મૂર્તિમાં રાખવાના આશીર્વાદથી કરી. ખૂબ કૃપાસાધ્ય બન્યા. મહારાજે કૃપાસાધ્ય બનવાનું બાકી રાખ્યું હતું. કૃપાસાધ્ય બન્યા ખરા, પણ આટલા બધા

નહોતા બન્યા બરાબર છે? મહારાજને એ કામ હવે કરવાનું હતું. બધા ઉપર કૃપા વરસાવવાનું કે જાવ ગમે તેવા કાળ-કર્મ-સ્વભાવ હોય છતાં પણ અમે તમને મૂર્તિમાં રાખ્યા. હવે તમને અમારા સુખનો અનુભવ કરાવશું. એવા સુખમાં આપણને રાખ્યા છે. એટલે હવે જ્યાં સુધી બાધિતાનુવૃત્તિની કોટડી છે ને એનું બંધન છે, ત્યાં સુધી ઘાટ - સંકલ્પ એ બધું થાય, દુઃખ થાય, બધું સાંભરે પણ ખરું. બધાને થાય, પણ દેહથી રહિત થઈએ ત્યાર પછી ન થાય. જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી દેહનું બંધન રહે છે. તો આપણે સુખિયા રહેવું. એ જતા રહ્યા નથી. બીજા જીવ જતા રહે છે બરાબરને! એ તો ક્યાંના ક્યાં અવતરે બરોબર! એ ક્યાં જન્મ ધરે, કઈ જગ્યાએ કે કઈ સૃષ્ટિમાં એ શું ખબર પડે? બરોબર છે! નહિ તો વિયોગ થાય. એને તો વિયોગ મહારાજે મટાડી દીધો. એની ભેળા જ રહેવાનું, જુદા પડવાનું નથી. એ કેટલું સરસ કહેવાય! એ મોટી વાત ન થઈ ગઈ? વિયોગ મટાડી દીધો મહારાજે. ત્યારે એવી સમજણથી આનંદમાં રહેવું મહારાજને સંભારીને બરોબર! ધીમે ધીમે એમની સ્મૃતિ મહારાજમાં દેખાય. મહારાજ એવું દેખાડે. મૂર્તિના સુખમાં જોડાઈ ગયા છે, પણ આપણે દેખતા નથી. મહારાજે બાધિતાનુવૃત્તિ સૌમાં રાખી છે એટલે કેમ રહ્યા છે ને કેમ કિલ્લોલ કરે છે એ જોઈ શકાતું નથી. એટલે દુઃખ થાય.

સદ્‌ગુરુઓએ એક વાર બાપાને પૂછ્યું કે બાપા! તમે

ભગવાનરૂપ મહામુક્ત છો તો ય તમને દુઃખ થાય છે? બાપા કહે અમને શું દુઃખ હોય! પણ બીજાને સહાનુભૂતિ દેખાડવા માટે એવી લીલા કરવી પડે. અવરભાવની દૃષ્ટિએ લીલા કરવી પડે. ગોપાળાનંદ સ્વામી ધીર-ગંભીર રહેતા હતા, તો ય ગંભીર થઈ ગયા પણ આંસુ નહોતું પડ્યું. કારણ કે એ સુખમાં જ હતાને! અને પોતે જાણતા હતા કે જો મારી આંખમાં આંસુ પડશે તો આખો સત્સંગ રડશે અને ઉપાધિનો પાર નહિ રહે. અને મારી આંખમાં આંસુ નહિ પડે ને તો બધા રડતા બંધ થઈ જશે. એટલે સ્વામીએ આંસુ પડવા ન દીધું તો બધા શાંત થઈ ગયા. સ્વામી કહે, મહારાજ ગયા જ નથી. તમે ગયા એમ માનો છો, જુદા પડ્યા એમ માનો છો માટે રડો છો. અને મને ગયા છે એવું લાગતું નથી, માટે મને રડવું આવતું નથી. ત્યારે જતા રહ્યા જ નથી પછી ક્યાં રહ્યું?

દાદાખાચરને દર્શન દીધાં ત્યારે મહારાજે પણ એવું કહ્યું બરોબરને! એવું થાય છે, પણ ભગવાને સુખમાં રાખ્યા છે એમ માની આનંદ જ માનવો, પણ મૂંઝાવું નહિ કોઈ દી. એ ગયા છે, ગયા છે એવું સંભારવું જ નહિ. મહારાજની મૂર્તિમાં જ રહ્યા છે બરોબર!

## ૩૯૨

**અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીએ દીન જન કોને કહ્યા છે? શા માટે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ**

## શું સમજાવે છે?

એક એવો વખત આવશે કે બાપાશ્રીના જ્ઞાનનો વિરોધ કરનારા પણ અહીં આવશે. અને એમને એમ થશે કે આ તો લાંબુ સ્વપ્ન આવી ગયું. એ સ્વપ્ન જતું રહ્યું અને હવે તો આપણે બધા એક જ છીએ. બાપાશ્રીએ સમજાવેલી અનાદિમુક્તની સ્થિતિ સમજવાની કેટલાક હજી ગતિ ધરાવતા નથી. આ હકીકત છે, પણ એ અંતરપડદો જતો રહેશે ત્યારે એમને જણાશે કે આ વાત તો બરાબર છે. બાપાશ્રી ભૂજ મંદિરના સભામંડપમાં પોતાનું આસન રાખીને રહેતા હતા તો યે કેટલાક ન ઓળખી શક્યા. ત્યારે બાપાએ એમ કહ્યું કે મહારાજ અને અનાદિમુક્તોને ઓળખવા એ જબરી ઘાંટી છે. મુક્તો મનુષ્યો જેવા જ દેખાય. બાપા પણ બોલ્યાને કે સાવ મનુષ્ય જેવા દેખાય અને ઢાંકીને વર્તવું એ તો બહુ જબરી વાત છે. એક સારું સ્વપ્ન આવે તો ય આપણે કહી દઈએ છીએ. અરે! કોઈક વાર અંદર ઉજાસ દેખાય તો પણ કહી દે છે. ત્યારે જબરજસ્ત સામર્થી ઢાંકીને વર્તવું એ તો બહુ મોટાઈ છે. ત્યારે બાપા એવી રીતે ઢાંકીને વર્તતા જેથી કોઈ ઓળખી શક્યા નહિ. પણ મહારાજ જ્યારે જણાવે ત્યારે ખબર પડે કે ઓહોહો! આખા બ્રહ્માંડોના બ્રહ્માંડો એ સ્વરૂપના પ્રકાશમાં લીન થઈ જાય એવું એ સુંદર સ્વરૂપ છે. મનુષ્યરૂપે આવીને આમ બેઠા અને આપણને ઓળખાઈ ગયા એ આપણા મોટા

ભાગ્ય. તો બધાને ઓળખાવવા. શત્રુ હોય, દ્રોહ કરે એને પહેલા ઓળખાવવા. લે ભાઈ, તારો પહેલો વારો. બાપાએ એવાને દીનજન કહ્યા. ભગવાનને ન ઓળખી શકે એ બધા દીનજન કહેવાય. માટે એ દીનજનને વિષે આપણે અવગુણ ન લેવો, પણ એ દીન, રાંકમાંથી રાજા થાય એટલે અનાદિમુક્ત થાય એવા એમને બાપાની વાત રાખીને કરવા પડશે.

---

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ

શતાબ્દી મહોત્સવ

1922 - 2022

12 થી 16 ફેબ્રુઆરી, 2023

અનાદિમુક્તની સેવાની ફળશ્રુતિ
મહારાજની મૂર્તિનું સુખ છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com